સોશિયલ મીડિયાનું અંક ગણિત પણ સરવાળા, ગુણાકાર અને ભાગાકારના પ્રકરણ ધરાવે છે

21 લાખ ફોલોઅર્સ, પણ મત મળ્યા માત્ર 33!

વિવિધા

ભવેન કચ્છી

એક વ્યક્તિના સોશિયલ મીડિયા પર ૨૧ લાખથી વધુ ફોલોઅર્સ હોય, તેના વીડિયો હજારો-લાખો લોકો સુધી પહોંચતા હોય, તેની પોસ્ટ પર લોકો પ્રતિભાવ આપતા હોય અને તેને લોકો ચૂંટણી લડવાની સલાહ પણ આપતા હોય, તો સ્વાભાવિક રીતે તેને એવું લાગે કે લોકોમાં તેની ભારે લોકપ્રિયતા છે. હવે આટલી લોકપ્રિયતા ધરાવતી વ્યક્તિ પોતાના જ ગામમાં સરપંચની ચૂંટણી લડે તો કેટલા મત મળે? પાંચસો, હજાર કે કદાચ તેનાથી પણ વધારે! પરંતુ રાજસ્થાનમાં તાજેતરમાં બનેલી એક ઘટનાએ લોકપ્રિયતાની આપણી આખી ગણતરીને જ પડકાર ફેંક્યો છે.

૧૧ મત પરિવારના

સોશિયલ મીડિયા પર ૨૧ લાખથી વધુ ફોલોઅર્સ ધરાવતા ઓમપ્રકાશ બિશ્નોઈને સરપંચની ચૂંટણીમાં માત્ર ૩૩ મત મળ્યા!

જોધપુર જિલ્લાના ઓસિયાં તાલુકાની ઈન્દોન કી ધાણી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં આ પરિણામ આવ્યું હતું. આશરે ૧,૬૦૦ મતદારો ધરાવતા ગામમાં બિશ્નોઈ જ્યોતિષી, ફેસ રીડર અને યુટ્યુબર તરીકે ઓળખ ધરાવે છે. તેમના ઈન્સ્ટાગ્રામ પર આશરે ૧૪ લાખ, ફેસબુક પર બે લાખથી વધુ અને યુટ્યુબ પર સાડા પાંચ લાખ જેટલા અનુયાયીઓ હતા. તેઓ ગૌશાળા સાથે પણ સંકળાયેલા છે. ચૂંટણીમાં તેમણે શિક્ષણ, નિરાધાર પશુઓની સંભાળ અને સરકારી યોજનાઓના લાભ લોકો સુધી પહોંચાડવા જેવા મુદ્દા રજૂ કર્યા હતા. તેમ છતાં તેમને માત્ર ૩૩ મત મળ્યા. તેમના પોતાના નિવેદન અનુસાર, આમાંથી ૧૧ મત પરિવારના સભ્યોના હતા. બીજી તરફ, અન્ય એક ઉમેદવાર શિક્ષકને ૫૨૭ મત મળ્યા હતા અને વિજયી ઉમેદવાર કારના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેમની સોશિયલ મીડિયા પર હાજરી નહિવત છે.

ડિજિટલ નેતાઓ

આજે પ્રત્યેક રાજકીય પક્ષના હાઈ કમાન્ડ દ્વારા તેમના નેતાઓને સૂચના આપવામાં આવી છે કે રોજેરોજ શક્ય એટલી વધુ પોસ્ટ મુકતા રહો. તમારા ફોલોઅર્સ, વ્યુઅર્સની સંખ્યા પર પક્ષની નજર રહેશે. આમ કરવામાં જરાપણ ખોટું નથી પણ નેતાએ સમજવું જોઈએ કે પક્ષના લાખો કાર્યકરો જે તે નેતાને ખુશ રાખવા, તેનું ધ્યાન ખેંચવા 'લાઈક' કરે છે અને ફોલો કરે છે. જેમ નેતા મોટો તેમ તેની લાઈક વધુ.નેતા ભૂતપૂર્વ બને તે સાથે જ રાતોરાત તેની લાઈક કે ફોલોઅર્સની સંખ્યામાં કડાકો બોલી જતો હોય છે. નેતા કે તેના પક્ષની વિરુદ્ધમાં પણ અસંખ્ય ફરિયાદ અને વેદના દર્શાવતી પોસ્ટ હોય છે તે પણ આખરે તો વ્યુઅર્સની સંખ્યામાં જ ગણાઈ જતી હોય છે.

કહેવાનું તાતપર્ય એટલું જ કે સોશિયલ મીડિયાની લાઈક ધારેલ લક્ષ્ય કે પરિણામમાં હંમેશા પરિવર્તિત નથી થતી.

ફોલોઅર્સ એટલે..

સરપંચની ચૂંટણીના પરિણામ પરથી એ સમજી લેવાની જરૂર છે કે સોશિયલ મીડિયા પર મોટી સંખ્યામાં લોકો તમને અનુસરતા હોય એટલે તેઓ તમને પસંદ કરે છે તેવું માનવું નહીં. કોઈના લાખો ફોલોઅર્સ હોય તો તે વ્યક્તિ વિશ્વસનીય, લોકપ્રિય, પ્રતિભાશાળી કે પ્રભાવશાળી છે એવું માની ન લેવું જોઈએ. સૌથી અગત્યનો પ્રશ્ન એ છે કે આ સંખ્યાઓમાંથી ખરેખર કેટલા લોકો તમારી વાતમાં વિશ્વાસ રાખે છે, તમારી સલાહ સ્વીકારે છે અથવા તમારા માટે કોઈ પગલું ભરવા તૈયાર છે.

ફોલોઅર્સની સંખ્યા

સોશિયલ મીડિયાએ લોકપ્રિયતાની વ્યાખ્યા બદલી નાખી છે. એક સમયે કોઈ લેખકનાં પુસ્તકો કેટલાં વેચાય છે, ગાયકના



કાર્યક્રમમાં કેટલા લોકો આવે છે, વક્તાને સાંભળવા કેટલા લોકો એકત્ર થાય છે કે કોઈ નેતાની સભામાં કેટલી ભીડ ઊમટે છે તેના પરથી તેની લોકપ્રિયતાનો અંદાજ લગાવવામાં આવતો હતો. આજે આ બધાની સાથે એક નવો માપદંડ ઉમેરાયો છે - ફોલોઅર્સની સંખ્યા.

કોઈની પ્રોફાઈલ પર પાંચ લાખ ફોલોઅર્સ હોય તો તે જાણે સફળતાનું પ્રમાણપત્ર બની જાય છે. દસ લાખ હોય તો તેની વાતને વિશેષ મહત્ત્વ મળે છે અને કરોડો ફોલોઅર્સ હોય તો તેની દરેક પોસ્ટ જાણે કોઈ મોટો સામાજિક સંદેશ બની ગઈ હોય એવું વાતાવરણ ઊભું થાય છે. જાહેરાત આપતી કંપનીઓ, કાર્યક્રમોના આયોજકો અને ક્યારેક સામાન્ય લોકો પણ આ સંખ્યાથી પ્રભાવિત થાય છે.

બે જુદી બાબત

વધુ સંખ્યા એટલે વધુ ચાહના તેવી ગણતરીમાં એક મૂળભૂત ગૂંચવણ છે. કોઈને અનુસરવું અને કોઈને પસંદ કરવું બે જુદી બાબતો છે. કોઈનો વીડિયો મનોરંજક લાગે એટલે આપણે તેને અનુસરવા લાગીએ, પરંતુ તેનો દરેક વિચાર સ્વીકારીએ એવું જરૂરી નથી. કોઈ વ્યક્તિની એક પોસ્ટ ગમી જાય એટલે તેના જીવનનાં તમામ નિર્ણયો યોગ્ય લાગે એવું પણ નથી. કોઈનો વીડિયો વારંવાર જોવા મળે એટલે તેની વાત પર વિશ્વાસ હોય જ એવું નથી.

કોઈને તેના રમૂજી વીડિયો માટે અનુસરતું હોઈ શકે, કોઈને જ્યોતિષની માહિતી માટે, કોઈને વિવાદાસ્પદ નિવેદનો જોવા માટે, કોઈને તેના દ્વારા વખતવખત મુકાતા સેક્સી ફોટો માટે, કોઈને માત્ર એટલા માટે કે તે સોશિયલ મીડિયામાં ચર્ચામાં છે. કોઈને એટલા માટે લાઈક મળે છે કે તે રોજેરોજ નિયમિત રીતે પોસ્ટ મુકતા જ રહે છે જેથી અલગોરિધમ પ્રમાણે પોસ્ટ ફોલોઅર્સની નજરમાં ટકરાતી જ રહે. સોશિયલ મીડિયા પરના આ બધા અનુયાયીઓને એક જ પ્રકારના સમર્થક ગણવા એ ભૂલ છે.

ક્લિકની કિંમત

સોશિયલ મીડિયા પર અનુસરવાની કિંમત એક ક્લિક છે. ચૂંટણીમાં મત આપવો એ એક અલગ નિર્ણય છે. કોઈ વ્યક્તિનો વીડિયો જોવામાં અને તેને ગામના વહીવટની જવાબદારી

સંખ્યા ધ્યાન ખેંચી શકે છે, પરંતુ વિશ્વાસ કમાવો પડે છે. લોકપ્રિયતા દેખાઈ શકે છે, પરંતુ લોકસ્વીકૃતિને સાબિત કરવા માટે વાસ્તવિક જીવનમાં તેની અસર જોવી પડે છે

સોંપવામાં મોટો તફાવત છે. વીડિયોમાં રસ પડે એટલે વ્યક્તિનો સ્વભાવ, નિર્ણયશક્તિ, જવાબદારી નિભાવવાની ક્ષમતા અને સ્થાનિક પ્રશ્નો પ્રત્યેની સમજ આપમેળે સાબિત થઈ જતાં નથી.

તમારા ફોલોઅર્સ ક્યાં છે અને તમારે પહોંચવું ક્યાં છે? તે આ ઘટનાનું બીજું મહત્ત્વનું પાસું છે. 'ફોલોઅર્સની સંખ્યા કરતાં તેમની પ્રાસંગિકતા. કોઈ ગુજરાતી લેખકને સમગ્ર વિશ્વમાંથી લાખો અનુયાયીઓ મળતા હોય, પરંતુ તેની પુસ્તકવિમોચનની બેઠક યોજાય ત્યારે કેટલા લોકો હાજર રહે? કોઈ ફિટનેસ નિષ્ણાતને લાખો લોકો અનુસરતા હોય, પરંતુ તેની તાલીમ લેવા માટે ખરેખર કેટલા લોકો તૈયાર થાય? કોઈ વ્યવસાયિક વ્યક્તિના લાખો અનુયાયીઓ હોય, પરંતુ તેના ઉત્પાદનની ખરીદી કરવા કેટલા લોકો આગળ આવે?

આ બધા પ્રશ્નોના જવાબ જુદા હોઈ શકે છે. લાખો લોકો સુધી પહોંચવું અને એમાંથી કોઈ ચોક્કસ હેતુ માટે લોકોની ભાગીદારી મેળવવીએ બે અલગ સફળતાઓ છે. માનો કે કોઈ કંપનીના સોશિયલ મીડિયા પર દસ લાખ ફોલોઅર્સ છે. તેની જાહેરાત જોઈને માત્ર એક હજાર લોકો ખરીદી કરે તો જાહેરાતની સફળતાનું મૂલ્યાંકન માત્ર દસ લાખની સંખ્યા પરથી થઈ શકે નહીં. બીજી કંપની પાસે માત્ર પચાસ હજાર અનુયાયીઓ હોય, પરંતુ તેના પાંચ હજાર લોકો ખરીદી કરતા હોય તો તેના માટે આ નાનું નેટવર્ક પણ વધુ ઉપયોગી બની શકે છે. અલબત્ત, બંનેની કિંમત, ખર્ચ, ગ્રાહકોનો પ્રકાર અને વ્યવસાયના હેતુને ધ્યાનમાં લીધા વિના અંતિમ નિર્ણય લઈ શકાય નહીં.

ફોલોઅર્સની મહત્તા

જો કે ફોલોઅર્સની સંખ્યાની મહત્તા છે જ નહીં તેમ કહેવાનો આશય નથી. આજે ફોલોઅર્સની સંખ્યા માત્ર વ્યક્તિની લોકપ્રિયતાનું પ્રતીક નથી રહી; તે એક આર્થિક સંપત્તિ પણ બની ગઈ છે. જાહેરાતો મેળવવા, બ્રાન્ડ સાથે કરાર કરવા, કાર્યક્રમોમાં આમંત્રણ મેળવવા અને પોતાની સેવાઓનું વેચાણ કરવા માટે મોટી સંખ્યામાં અનુયાયીઓ ઉપયોગી બની શકે છે. પરિણામે, સંખ્યાને વધારવા માટેનું આકર્ષણ પણ વધ્યું છે.

પરંતુ લોકપ્રિયતા દેખાડવી અને લોકપ્રિયતા ઊભી કરવી બે જુદી બાબતો છે. ફોલોઅર્સ ખરીદવાની કે કૃત્રિમ રીતે એન્ગેજમેન્ટ વધારવાની શક્યતાઓ ડિજિટલ જગતમાં જાણીતી છે. ક્યારેક એકાઉન્ટને અનુસરતા લોકો નિષ્ક્રિય હોય છે, ક્યારેક તેઓ જુદા દેશોમાંથી આવતા હોય છે અને ક્યારેક તેમની રુચિ એ વ્યક્તિના વાસ્તવિક કાર્યક્ષેત્ર સાથે મેળ ખાતી નથી. આ ઉપરાંત, પ્લેટફોર્મના અલ્ગોરિધમને કારણે કોઈ એક વીડિયો અચાનક લાખો લોકો સુધી પહોંચી શકે છે, જ્યારે એ જ વ્યક્તિની બીજી પોસ્ટ બહુ ઓછા લોકો સુધી પહોંચે છે.

'વાઈરલ'ની દુનિયા

સોશિયલ મીડિયાના પ્રચલિત શબ્દ 'વાયરલ'ને પણ સમજીએ. 'વાઈરલ' એટલે સાચું કે સારું?

સોશિયલ મીડિયાની એક ખાસિયત છે - વિવાદ અને આશ્ચર્ય ઝડપથી ફેલાય છે. કોઈ વ્યક્તિનું નિવેદન વિવાદાસ્પદ હોય, કોઈ વીડિયો વિચિત્ર હોય અથવા કોઈ ઘટના લોકોને ચોંકાવી દે તેવી હોય તો તે ખૂબ ઝડપથી વાયરલ થઈ શકે છે. પરંતુ વાયરલ થવાનું કારણ ઘણી વાર લોકોનો ગુસ્સો, મજાક, કુતૂહલ કે અસહમતિ પણ હોય છે.

કોઈ વ્યક્તિનો વીડિયો લાખો લોકોએ જોયો હોય તો એ લાખો લોકો તેના પ્રશંસક છે એવું માની શકાય નહીં. કેટલાક લોકોએ તેને વખોડવા માટે જોયો હોય, કેટલાકે મિત્રને મોકલવા માટે, તો કેટલાકે માત્ર ઘટનાની મજા લેવા માટે જોયો હોય. જો કોઈ વ્યક્તિને સતત ટ્રોલ કરવામાં આવતી હોય તો પણ તેના એકાઉન્ટની ચર્ચા વધી શકે છે. તેથી લોકપ્રિયતા અને સકારાત્મક લોકસ્વીકૃતિને એક જ ગણતરીમાં મૂકવી જોખમી છે.

ઓછા ફોલોઅર્સ

આ વિષયનો બીજો છેડો પણ એટલો જ મહત્ત્વનો છે. જો મોટા ફોલોઅર્સ વ્યક્તિની શ્રેષ્ઠતાનો પુરાવો નથી, તો ઓછા ફોલોઅર્સ વ્યક્તિની ઓછી ક્ષમતાનો પુરાવો પણ નથી. આપણા સમાજમાં અનેક એવા શિક્ષકો છે જેઓ હજારો વિદ્યાર્થીઓનું જીવન બદલી નાખે છે, પરંતુ સોશિયલ મીડિયા પર તેમની હાજરી મર્યાદિત છે. અનેક ડૉક્ટરો, વૈજ્ઞાનિકો, લેખકો, કારીગરો અને સમાજસેવકો પોતાના ક્ષેત્રમાં મહત્ત્વનું કામ કરે છે, પરંતુ તેમને લાખો અનુયાયીઓ મળતા નથી કે પછી તેઓ સોશિયલ મીડિયામાં સહેજ પણ સક્રિય નથી.

સોશિયલ મીડિયાને લીધે વિશ્વનો પ્રત્યેક નાગરિક તેની અભિવ્યક્તિ રજુ કરી શકે છે તે રીતે તેને જોવાની જરૂર છે.

જ્ઞાન પોસ્ટ

લોકોનું ધ્યાન ખેંચવું એક કળા છેત પણ 'ઓફ લાઈન' તેઓનો વિશ્વાસ જીતવો તે બીજી વાત છે સાતત્યતા સાથે કેવું હેતુપૂર્ણ જીવન જીવો છો તે મહત્વનું છે. ■

બંધ મુઠ્ઠીમાં સમયની વેદના સંતાડતા એ છતાં આછું મલકતા : હું, તમે ને આપણે

ચહી હે જિંદગી

મહેશ યાજ્ઞિક

વસ્ત્રાપુરના એ બારે બાર ફ્લેટમાં દિવાળી માટે સફાઈની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. બધી ગૃહણીઓ કામ કરવાવાળા માણસો સાથે માથાકૂટ કરવામાં વ્યસ્ત હતી. જેણે અગાઉથી જ પ્લાનિંગ કરીને બધી સફાઈ કરાવી લીધી હતી એ શાણી સ્ત્રીઓ નિરાંત અનુભવી રહી હતી.

સવારે સાડા આઠ વાગ્યે લારી લઈને શાકવાળાએ ફ્લેટના કમ્પાઉન્ડમાં પ્રવેશ કર્યો. 'મેથી, ટામેટા, દૂધી, કારેલા, રિંગણ, બટાકા...' લારીમાં હતા એ તમામ શાકના નામ બોલીને એણે લારી ઉભી રાખી.

એની બૂમ સાંભળીને અમુક સ્ત્રીઓ ઘરમાંથી બહાર આવી. પહેલા માળેથી અંજના સૌથી પહેલી ત્યાં પહોંચી ગઈ. 'નટુભાઈ, હવે તો સમજો, દિવાળી માથે છે. ઘરમાં કામનો ઢગલો છે, તમારી રાહ જોવામાં મોડું થઈ જાય છે. અમારા જેવા નોકરિયાતનો વિચાર કરીને ખાલી અડધો કલાક તો વહેલા પધારો. બીજી સોસાયટીમાં પછી જજો, પહેલા અહીં આવી જાવ તો અમને રાહત રહે..'

'કાલથી ટ્રાય કરીશ. સીધો અહીં જ આવીશ.' નટુએ શાંતિથી ધરપત આપી. સાત દિવસમાં ચાર વખત તો એ બંને વચ્ચે આ સંવાદ થતો હતો.

ગ્રાઉન્ડ ફ્લોરવાળી સુનંદા પણ લારી પાસે આવીને મેથીની ઝૂડીઓમાંથી સારી ઝૂડી શોધવા લાગી. અંજનાએ પોતે નોકરિયાત હોવાનું કહેલું એટલે સુનંદાએ એને પૂછ્યું. 'તમે જોબ કરો છો?' સુનંદા અને એનો પતિ હજુ દસેક દિવસ અગાઉ જ આ ફ્લેટમાં ભાડે રહેવા આવ્યા હતા.


'વસ્ત્રાપુર તળાવ પાસે એક સંબંધીની શેરબજારની ઓફિસ છે, એ કોમ્પ્લેક્સ નજીક છે એટલે બારથી છ ત્યાં ઓફિસ સંભાળું છું.'

અંજનાએ જવાબ તો આપ્યો પણ સુનંદા હજુય પોતાની સામે તાકી રહી છે એનો ખ્યાલ આવ્યો એટલે એણે હસીને ઉમેર્યું. 'તમે અહીં રહેવા આવ્યા, પણ એ વખતે બંને ટેણિયાઓની પરીક્ષા માં પરોવાયેલી હતી એટલે તમારી સાથે વધુ વાત થઈ શકી નહીં. એક કામ કરો. હવે એ ટેન્શન નથી, એટલે ફ્રી છું, સાંજે સાત પછી તમારી ઢબુડીને લઈને આવો, મમ્મી-પપ્પા અને બાળકો સાથે પણ પરિચય થઈ જશે. પ્લીઝ, આજે જ સાંજે સાત પછી ચોક્કસ આવો.'

સુનંદાએ ઉત્સાહથી હકારમાં માથું હલાવ્યું. અંજનાએ ફટાફટ શાકવાળાને પૈસા ચૂકવી દીધા અને શાકની થેલી લઈને ઉપર ગઈ.

ઘરમાં પહોંચીને અંજના સીધી જ અંદરના ઓરડામાં ગઈ. 'પપ્પા, તમે કહ્યું કેમ નથી માનતા? ડૉક્ટર અંકલે શું કહેલું એ ભૂલી ગયા? તમારા માટે દવા કરતાં પણ એક્સરસાઈઝ વધુ મહત્વની છે. બીજું તો કંઈ કરવાનું નથી. પલંગમાં પડ્યા પડ્યા પગ જ હલાવ્યા કરવાના છે. એટલું તો કરો, પપ્પા.' લકવાગ્રસ્ત શાંતિલાલે હસીને અંજનાની સામે હકારમાં માથું હલાવ્યું.

'એ તારી હામાં હા મિલાવે છે, પણ કસરત નહીં કરે..' પતિની રગેરગનો રંજનબહેનને પૂરો પરિચય હતો એટલે એમણે હસીને અંજના સામે જોયું. 'આખી જિંદગી હું એમને ટોકી ટોકીને થાકી ગઈ, પણ એ સાહેબ તો પોતાનું ધાર્યું જ કરે છે.



બાર વરસથી લકવામાં પીડાય છે, પણ સાજા થવાની એમની કોઈ ઇચ્છા જ નથી.'

વૃદ્ધ દંપતી વચ્ચે મીઠી રકઝક ચાલતી રહી અને અંજના રસોડામાં ગઈ. રસોઈનું કામ પતાવીને એ ઓફિસે જતા અગાઉ એ રંજનબહેન પાસે બેઠી. 'બંને બાળકો સ્કૂલેથી આવીને તમને પટાવશે. જમીને તરત નીચે કૉમન પ્લોટમાં ક્રિકેટ રમવા જવાનું કહેશે. જો ભૂલભૂલૈયા તમે હા પાડી તો બેમાંથી એકેય સરખું જમશે નહીં. રમવા જવાની લાયમાં લૂસ લૂસ કોળિયાં ઊતારીને ભાગશે. એટલે એ બંને ગમે તેટલું કરગરે તોપણ ચોખ્ખી ના પાડજો. ચાર વાગ્યા પહેલાં નીચે નથી ઊતરવાનું એટલું સહેજ કડકાઈથી સમજાવી દેજો. મને ફોન કરવાની બીક બતાવશો તો સીધા રહેશે.'

રોજની જેમ આટલું સમજાવીને અંજના ઓફિસે જવા નીકળી ગઈ.

સાંજે ઓફિસેથી આવીને અંજના સીધું જ રસોડું સંભાળી લેતી. બંને દીકરાઓને પૂછીને એમની મનગમતી વાનગી બનાવી દેતી.

આજે સાંજે તો નીચેવાળી સુનંદા પણ ઘેર આવવાની હતી. સુનંદાની બેબી ત્રીજા ધોરણમાં ભણતી હતી. બેબીને લઈને સુનંદા પોણા આઠ વાગ્યે આવી. એ ઉપર આવી ત્યારે અંજના રસોડામાં મેથીના ગોટા તળતી હતી. રંજનબહેન શાંતિલાલની પાસે બેસીને એમને જમાડી રહ્યાં હતાં. બંને દીકરાઓ ડાઈનિંગ ટેબલ ઉપર બેસીને મસ્તીથી જમતા હતા. અંજના દોડાદોડી કરીને ત્રણેયની થાળીમાં ગરમાગરમ ગોટા પીરસી રહી હતી.

'આવો..' અંજનાએ ડાઈનિંગ ટેબલ તરફ ઈશારો કરીને સુનંદાને કહ્યું. 'તમે બિલકુલ સમયસર જ આવ્યા છો. ડાઈનિંગ ટેબલ ઉપર જ બેસી જાવ. તમે આવવાના છો એવી ધારણા હતી એટલે એ રીતે જ ઘોળ બનાવ્યું છે.'

સહેજ સંકોચ સાથે સુનંદા એની બેબીને લઈને ડાઈનિંગ ટેબલ પર ગોઠવાઈ.

'અમારી અંજના તો અન્નપૂર્ણા છે. એના હાથમાં જાદુ છે.' પતિને જમાડવાનું કામ પતાવીને રંજનબહેન ત્યાં આવ્યા અને એમણે સુનંદાને કહ્યું 'એકેએક આઈટમ એ દિલથી બનાવે છે, તમે જરાય સંકોચ ના રાખતા. પહેલો સગો તે પાડોશી. અંજનાના હાથના ગોટા ખાધા પછી તમે બીજા બધા ગોટા ભૂલી જશો.'

'મારા મિસ્ટર બેન્કમાં છે. રાજકોટથી પ્રમોશન લઈને અમદાવાદ આવ્યા છીએ.' સુનંદાએ પોતાનો પરિચય આપ્યો.

અંજનાએ સુનંદા સામે જોયું. 'પપ્પાને તો વર્ષોથી પેરેલિસિસ છે. એટલે એ અંદરના ઓરડામાં છે...' અંજનાએ પરિચય આપ્યો. 'આ મારા મમ્મી રંજનબહેન. એ ચોવીસેય કલાક પાપ્પાની કાળજી રાખે છે...' અંજનાએ દીકરાઓ તરફ આંગળી ચીંધી. 'આ મોટો ઓમકાર છઠ્ઠામાં છે અને નાનો વેદાંત ચોથામાં...' સહેજ અટકીને એણે દીવાલ તરફ આંગળી ચીંધી. દીવાલ ઉપરની છબી પરનો સુખડનો હાર પંખાના પવનથી ઝૂલી રહ્યો હતો. 'આ નિશિથ. ઓમકાર અને વેદાંતના પપ્પા...' એના ભીના અવાજમાં પીડા ઉમેરાઈ. 'કલર - કેમિકલનો કારોબાર હતો. છ વર્ષ અગાઉ અચાનક ચક્કર આવવા લાગ્યા. અહીંના ડોક્ટરોએ મુંબઈ જવાની સલાહ આપી. ત્યાં હિન્દુજા હોસ્પિટલમાં લઈ ગયા. છેલ્લા સ્ટેજનું બ્રેઈન ટ્યુમર હતું. દોઢ જ મહિનામાં મારો સંસાર નંદવાઈ ગયો!' ગળે ડૂમો ભરાઈ આવ્યો એટલે એ આગળ બોલી ના શકી. અટકી ગઈ. આ વાત શરુ થઈ કે તરત કંચનબહેન બંને દીકરાઓને અંદરના ઓરડામાં લઈ ગયાં હતાં.

'ઓહ ગોડ !...' સુનંદા સહાનુભૂતિથી અંજના સામે તાકી રહી.

'એ સમય તો મેં કઈ રીતે વીતાવેલો એ મારું મન જાણે છે.' અંજના હતાશાથી બબડી. 'એ સમયે તો જેણે જે કહ્યું એ દેવની માનતા માનેલી. પાણીની જેમ પૈસા વાપરેલા. ભૂખ-તરસનું ભાન ભૂલીને દોડાદોડી કરેલી પણ નિશિથ ના રહ્યો. મારો સંસાર ઉજડી ગયો...' ડૂમો ખંખેરીને અંજનાએ આગળ કહ્યું. 'ફૂલ જેવા બંને દીકરાઓ સામે જોઈને નોકરી શોધી કાઢી. સુનંદાબેન, આઘાત બહુ આકરો હતો, પણ જવાબદારી સામે નજર કરીને જોતરાઈ ગઈ. દીકરાઓને બાપની ખોટ જરાયે ના સાલે એ રીતે બાપ અને માનો એમ બંને રોલ નિભાવું છું.'

હતાશાથી માથું ધૂણાવીને એ લગીર અટકી. પછી સુનંદા સામે જોઈને આગળ કહ્યું. 'મમ્મી અને પપ્પાના માથે તો આભ તૂટી પડ્યું હતું. ખબર પડી એના બે જ મહિનામાં નિશિથે પરલોકની વાટ પકડી લીધેલી. એ છતાં, એક વાત કબૂલ કરવી પડશે. ઈશ્વર જ્યારે પીડાનું પોટલું માથે વળગાડે છે ત્યારે એ સહન કરવાની તાકાત પણ આપે છે. પીડા ભૂલીને, આંસુ લૂછીને મેં પરિસ્થિતિ સંભાળી લીધી. બે દીકરાઓ અને મમ્મી-પપ્પા અમારા બધાયને બે ટંક શાંતિથી જમવા મળે એટલી જોગવાઈ કરી શકું છું. નિશિથની બધી મૂડી તો એના કલર-કેમિકલના ધંધામાં રોકાયેલી હતી, એ કેટલી હતી એની મને તો ખબર જ નહોતી, પરંતુ એના પાર્ટનરે ખાનદાની બતાવી. ધંધામાં જાણે નિશિથ હજુય ભાગીદાર હોય એમ દર વર્ષે જે નફો થાય એમાંથી એક હિસ્સો દર દિવાળીએ આવીને આપી જાય છે. એ ઉપરાંત મારો પગાર... સુનંદાબહેન, પોતાના માણસની ગેરહાજરી ખૂંચે છે, બાકી બીજી કોઈ તકલીફ નથી પડતી. જિંદગીનો પડકાર મન મક્કમ કરીને સ્વીકારી લીધો છે.'

સુનંદા સહાનુભૂતિપૂર્વક અંજના સામે જોઈ રહી હતી. અંજના પરથી નજર હટાવીને એણે દીવાલ પર લટકતી નિશિથની છબિ સામે પછી સહેજ વિચારીને એણે અંજના સામે જોયું. 'તમારું મક્કમ મનોબળ જોઈને તમારા માટે માન થાય છે.' તમને તમારા મમ્મી-પપ્પાનો આટલો સપોર્ટ અને સાથ મળ્યો છે એ તમારું સદનસીબ કહેવાય, પરંતુ મને તો નિશિથભાઈના મા-બાપનો વિચાર આવે છે. જુવાનજોધ દીકરાને અકાળે ગૂમાવ્યા પછી એ બંને તો સાવ ભાંગી પડ્યાં હશે. !'

સુનંદા સહાનુભૂતિપૂર્વક લાગણીવશ બનીને બોલી રહી હતી. અંજના એની સામે તાકી રહી હતી. એણે હળવેથી સુનંદાના ખભા ઉપર હાથ મૂક્યો. 'સુનંદાબહેન, મારું પિયર નવરંગપુરામાં છે. આલિશાન બંગલો છે. બે ભાઈ કરોડપતિ છે...'

હવે અંજના નિશિથની છબી સામે જોઈને બોલતી હતી. 'નિશિથ દેવલોક પામ્યો એ પછી મારા મમ્મી-પપ્પા, ભાઈઓ અને ભાભીઓ - એ બધાએ મને ખૂબ ભારપૂર્વક આગ્રહ કરીને કહ્યું હતું કે બંને ભાણિયાઓને લઈને તું નવરંગપુરા આવી જા. એ બધાએ મને ખૂબ સમજાવેલી. પણ અહીં નિશિથ એમનો એકનો એક દીકરો હતો. પેરેલિસિસથી પીડાતા વૃદ્ધ સસરા અને વૃદ્ધ સાસુ... એ બંનેની સામે જોઈને મેં નિર્ણય કરી લીધો. મમ્મી-પપ્પા અને ભાઈઓની સામે હાથ જોડીને કહી દીધું કે હવે તો નિશિથના મા-બાપ એ જ મારા મમ્મી-પપ્પા. આ ડોસા-ડોસીનું આખી દુનિયામાં મારા સિવાય કોઈ નથી ! એમનો દીકરો હયાત નથી, પણ દીકરાની વહુ તરીકે હું તો જીવતી છું ને ? નિશિથ એમને સાચવતો હતો, એ જ રીતે છેલ્લા શ્વાસ સુધી હું એમને સાચવીશ...'

'આઘાત બહુ આકરો હતો, પણ જવાબદારી સામે નજર કરીને જોતરાઈ ગઈ. દીકરાઓને બાપની ખોટ જરાયે ના સાલે એ રીતે બાપ અને માનો એમ બંને રોલ નિભાવું છું.'

અંજના ખરા હૃદયથી બોલતી હતી. સ્તબ્ધ સુનંદા એની સામે આદરભાવથી તાકી રહી હતી.

(શીર્ષક પંક્તિ : લેખક)

ડોક્ટરની પ્રામાણિકતાનો વિજય

વહેતું જીવન
ડૉ. હર્ષદ કામદાર

સવારે દસ વાગ્યાનો સમય હતો. શહેરના જાણીતા બાળરોગ નિષ્ણાત ડૉ. જોષીની ક્લિનિક બાળદર્દીઓથી ભરચક હતી. બહાર પોતાના વ્હાલસોયા ભૂલકાઓના દર્દથી રાહ જોતા માતા-પિતાના ચહેરા પર ચિંતા દેખાતી હતી. અંદર ડૉક્ટર એક પછી એક બાળકોની તપાસમાં વ્યસ્ત હતા.



એવામાં રિસેપ્શનિસ્ટે દરવાજો ખોલીને કહ્યું, 'સર, એક બહેન કહે છે કે બહુ જ અગત્યનું કામ છે.'

'મોકલો.'

ત્રીસેક વર્ષની એક મહિલા અંદર આવી. આંખોમાં બેચેની, ચહેરા પર થાક અને અવાજમાં વિનંતી હતી. ડોક્ટર ઓળખી ગયા, તે બેનનું બાળક શરૂઆતથી જ એમનું દર્દી હતું.

'સાહેબ... મારું નામ શમીનાબેન છે.'

'બોલો બહેન, શું સમસ્યા છે? બાળક ક્યાં છે?'

'બાળકને તાવ છે. પણ હું દવા માટે નથી આવી.'

ડૉક્ટર થોડા આશ્ચર્યમાં પડ્યા. 'તો પછી?'

'મારે એક સર્ટિફિકેટ જોઈએ છે.'

'કયા પ્રકારનું?'

'લખી આપો કે મારા દીકરાની હાલત ગંભીર છે અને તેના પપ્પાની હાજરી અત્યંત જરૂરી છે.'

ડૉક્ટર ગંભીર થઈ ગયા. 'પણ જો એવી સ્થિતિ નથી, તો હું એવું કેવી રીતે લખી શકું?'

શમીનાબેને તરત જવાબ આપ્યો, 'સાહેબ, ફક્ત એક કાગળ છે. કોઈનું શું બગડશે?'

'ના બહેન, ખોટું પ્રમાણપત્ર આપવું પણ કાયદેસર ગુનો છે અને મારા વ્યવસાયના સિદ્ધાંતો વિરુદ્ધ પણ. એ કામ હું ના કરું.' ડોકટરે મક્કમતાથી કહ્યું.

શમીનાબેનના ચહેરા પર નિરાશા છવાઈ ગઈ. 'સાહેબ, તમારી ફી કેટલી?'

'પાંચસો રૂપિયા.'

તેણે ધીમેથી કહ્યું, 'હું તમને ત્રણ હજાર રૂપિયા આપીશ... બસ આ સર્ટિફિકેટ લખી આપો.'

ડૉ. જોષી એક ક્ષણ માટે લલચાયા, પણ તેમના અંતરાત્માએ ઠપકો આપ્યો કે રૂપિયા માટે ડોક્ટરની નૈતિકતા વેચાય કરી રીતે !!

'માફ કરશો. ત્રણ હજાર નહીં, ત્રણ લાખ રૂપિયા આપો તો પણ હું ખોટું લખી આપીશ નહિ.'

શમીનાબેનના ગાલ પરથી આંસુ વહી નીકળ્યાં. 'સાહેબ... મારા દીકરાનું ભવિષ્ય બચી જશે.'

'સાચું કામ કરીને જ ભવિષ્ય બચી શકે.' શમીનાબેને વધુ કશું કહ્યું નહીં, ધીમે ધીમે ઊભી થઈ અને ક્લિનિકમાંથી બહાર નીકળી ગયા.

ડૉક્ટરે મનમાં વિચાર્યું, 'આ બહેન કંઈક છુપાવી રહી છે. પરંતુ સત્ય જાણ્યા વગર હું નિયમ તોડી શકું નહીં.'

ત્રણ દિવસ પછી સવારની ચા સાથે ડૉક્ટર અખબાર વાંચી રહ્યા હતા.

'ડૉક્ટરની સહી માત્ર શાહીથી નથી થતી, તે વિશ્વાસથી થાય છે. દર્દી, સમાજ અને કોર્ટ, ત્રણેય અમારી સહી પર વિશ્વાસ કરે છે. જો એ વિશ્વાસ વેચાઈ જાય તો ડૉક્ટર માત્ર વેપારી બની જાય.'

મુખ્ય સમાચારની મોટી હેડલાઈન હતી 'પેરોલ માટે અરજી કરનાર કેદી અસ્લમખાનજેલમાંથી ફરાર... પકડવા ગયેલા પોલીસ સબઈન્સ્પેક્ટર પર ઘાતકી હુમલો.'

ડૉક્ટરે પુરા સમાચાર વાંચવાનું શરૂ કર્યું.

સમાચારમાં લખ્યું હતું કે આરોપીની પત્નીએ તેના બાળકની ગંભીર બીમારીનું કારણ બતાવી પેરોલ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. તે માટે તબીબી પ્રમાણપત્ર જરૂરી હતું. સાચું પ્રમાણપત્ર ન મળતાં અરજી નામંજૂર થઈ ગઈ.

ત્યારબાદ કેદીએ જેલમાંથી ભાગવાનો પ્રયાસ કર્યો. ભાગતી વખતે તેને પકડવા ગયેલા પોલીસ સબઈન્સ્પેક્ટર પર હુમલો કર્યો અને છરીના ઘા મારી ઘાયલ કરી નાખ્યા. બાદમાં લાંબી શોધખોળ પછી પોલીસે આરોપીને તેના ઘરેથી ફરી પકડી લીધો. તેનો ઈરાદો તો બે ત્રણ દુશ્મન સાથે બદલો લઈ તેમને ખતમ કરવાનો હતો.

ડૉક્ટરના હાથમાં અખબાર ધ્રૂજવા લાગ્યું.

તેની પત્ની સાથેનોફોટો જોયો...

આ એ જ શમીનાબેન હતી. થોડી ક્ષણ માટે ડૉક્ટર સ્તબ્ધ બની ગયા.

|| અનુસંધાન પાના નં.૦૮ પર

દીપોત્સવી ઉજવવાની શ્રેષ્ઠ રીત કઈ?

એક જ દે ચિનગારી
શશિન્

તહેવારને કૃત્રિમતા સાથે બારમો ચંદ્રમા છે. માણસ જેટલા અંશે ગ્રામજીવનની સાદગીનું સૌંદર્ય વિસ્મરતો ગયો, તેટલા અંશે એના તહેવારોનો આનંદ ભપકા અને બાહ્ય ઠાઠથી રંગાવા લાગ્યો. તહેવારના આનંદ માટે રૂપિયાનું આંધણ આપણે એવી ભૂંડી રીતે ઊભું કરી દીધું છે કે ગરીબનો સાદગીથી તહેવાર ઉજવવાનો ઉલ્લાસ નામશેષ થઈ ગયો છે.

વાતાવરણની શુધ્ધિ માટે ફોડવામાં આવતા ફટાકડાએ એવી કાયાપલટ કરી છે કે ભરી બજારે ફટાકડા રૂપે નોટોનો અગ્નિસંસ્કાર જોવામાં આપણને આનંદ મળવા લાગ્યો છે. ફરસાણો, મિઠાઈઓ અને મિષ્ટાનો તહેવારનો અનિવાર્ય પર્યાય બની ગયાં છે. મધ્યમવર્ગની 'ડીશો' માં એકધારાપણું અને અમીરીના પ્રદર્શન માટે ધરાતા સૂકામેવામાં પણ એકધારાપણું ! મોનોટોનીને દૂર કરવા રચાયેલા તહેવારો મોનોટોનસ ઉર્ફે એક રંગીલા બની જાય એમાં આનંદ ક્યાં ?

અનાવશ્યક ધમાલમાંથી મુકિત અને હૈયાંના હેતની બિનશરતી લહાણી એ જ તહેવાર ઉજવવાની સાચી રીત છે.

તહેવાર એ સમૂહ જીવનનો ઉત્સવ છે. એની શરૂઆત ઘરથી થાય છે. ઘર સજાવવાની એ આતિથ્યની જવાબદારી કેવળ ગૃહિણીઓની છે એવો ખ્યાલ સદંતર ખોટો છે. તહેવાર ઉજવવા આખું ઘર સંપીને હિલોળે ચઢે, પોતાને ફાવતું-ભાવતું કામ ઘરનો દરેક સભ્ય સામેથી ચાલીને માગી લે, બજારૂ ચીજવસ્તુઓની સજાવટમાં સાધનો તરીકે ઉપયોગ કરવાને બદલે પોતાની સૂઝ-બૂઝ વાપરીને ઘરની સજાવટ કરી ખર્ચ પર નિયંત્રણ રાખી શકાય. સહભોજનમાં સૌ જોડાય, એ જ આવકાર્ય છે. નાનેરાં-મોટેરાંઓની અલગ અલગ ટુકડીઓ પડી જવાને બદલે, સઘળાં સંબંધો એ ઘરની તમામ વ્યકિતઓના સંબંધો છે, એવો પ્રેમપૂર્ણ ખ્યાલ પરિપુષ્ટ થાય તો જ તહેવાર સાર્થક થાય.

અને સૌથી મોટી વાત તો પરસ્પરને મળવાની, ક્ષમા આપવાની, પ્રેમ અને લાગણીની પ્રતીતિ કરાવવાની અને ઉરની ઉદારતા દેખાડવાની તકો તહેવાર પૂરી પાડે છે. અંદરથી ખાલી રહીને નહીં પણ અંદરથી ભર્યા ભર્યા રહીને જ તહેવાર ઉજવી શકાય.

ઘણાં લોકોના મનમાં પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે તહેવાર નિમિત્તે એકબીજાને આપેલી શુભેચ્છા ફળે ખરી ? શુભેચ્છા એટલે શુભત્વની શ્રધ્ધાના ગુલાબની બિનશરતી વહેંચણી. આપણા અંતરમાં પડેલો અન્ય પ્રત્યેનો સદ્‌ભાવ આપણે શુભેચ્છા રૂપે વ્યકિત કરીએ છીએ. આપણે ખરા મનથી શુભેચ્છા-પ્રદાનનો ધર્મ અદા કર્યો એટલે આપણું કામ પૂરું થયું. બાકી બધું ઈશ્વર પર છોડી દેવું. પણ શુભેચ્છા પ્રદાનમાં ઔપચારિકતા ભળે તો એ કેવળ દંભલીલા બની જાય.

શુભેચ્છા પાઠવવી એટલે ઈશ્વરના કર્તવ્યમાં શ્રધ્ધા રાખવી. ભારતીય સંસ્કૃતિમાં એટલે જ માણસ પરસ્પરને મળે ત્યારે 'રામ રામ' 'જયશ્રીકૃષ્ણ', જય સ્વામિનારાયણ કહે છે. મુસ્લિમ બંધુઓ પણ ખુદા હાફિઝ કહીને શુભેચ્છા પાઠવે છે. શુભેચ્છા પાસેથી ફળ કે લાભની વસુલાતની ખેવના એ મંગલમય ભાવનાને 'ગણતરી'ના દ્રષ્ટિકોણથી અભડાવવાની વૃત્તિ-પ્રવૃત્તિ છે... દીપાવલી કે નવાવર્ષની શુભેચ્છા, શુભનિષ્ઠા અને સત્ય નિષ્ઠાથી જરૂર પાઠવો. સમગ્ર વર્ષ દરમિયાન કામની વ્યસ્તતાને કારણે એકબીજાનો સંપર્ક નહીં કરી શકનાર દરેક વ્યકિત વાર-તહેવારે શુભેચ્છાના આદાન-પ્રદાનથી પોતાના સંબંધો તાજા થવાનો આનંદ માણે છે. આજના મોબાઈલના યુગમાં વોટસએપ દ્વારા બહુજ સરળતાથી એકબીજાને શુભેચ્છા પાઠવી શકાય છે.

અત્યારના ભૌતિક યુગમાં ઉપહારનું મહત્વ પણ ઘણું વધી ગયું છે. દીપોત્સવી નિમિત્તે એકબીજાને ભેટસોગાદો આપીને લોકો ઉમળકાની અભિવ્યક્તિ કરે છે. જે ઉપહાર કે ભેટ સ્વાર્થપૂર્વકની ગણતરીથી આપવામાં આવે તેનું મહત્વ ભેટ મેળવનારના મનમાં કાંઈ રહેતું નથી. પણ ઉપહાર કે ભેટ અંતઃકરણની પુનિત ભાવનાની પ્રતીકાત્મક અભિવ્યકિત હોય તો એનું મૂલ્ય આપોઆપ વધી જાય છે.

ધમાલિયું કાનફોડ સંગીત, વીજળીની ભપકાદાર રોશનીથી દીપોત્સવીને આવકારવાને બદલે ઉલ્લાસભર્યા ગીતો અને માટીના કોડીયાનાં શીતળ-નિર્મળ પ્રકાશથી દીપોત્સવીને આવકારીએ. આવકનો થોડોક ભાગ અન્યના જીવનને ઉજાળવા પણ અર્પીએ અને વાણીમાં, વર્તનમાં, કર્મોમાં, વ્યવહારમાં તથા રોજબરોજના જીવનમાં સતત વિકસિત રહેવાનો સંકલ્પ કરીએ.

માટીના કોડીયાના શીતળ-નિર્મળ પ્રકાશથી દીપોત્સવીને આવકારીએ. વાણીમાં વર્તનમાં, કર્મોમાં, વ્યવહારમાં તથા રોજબરોજના જીવનમાં સતત વિકસિત રહેવાનો સંકલ્પ કરીએ

આપણે માણસ કે કોમ્પ્યુટર ?

અન્તર્યાત્રા
ડો.સર્વેશ પ્ર. વોરા

''પોતે તારણહાર ને બીજાં સબ કંગાળ
લ્યાનત હજો હજાર, એહવા આગેવાનને....
(ઝવેરચંદ મેઘાણી)

પણ માનવ ઇતિહાસની વિડમ્બના એવી છે કે ધર્માદાના, અન્નક્ષેત્રના મફત માલપુવા ખાઈને પડી રહેવામાં જે જલસો છે, એ સ્વતંત્ર સંઘર્ષના રોટલા-છાશ કરતાં વધારે, અનેક ઘણો વધુ આકર્ષક લાગે છે. તમે જે પરિસ્થિતિ માનસિક કક્ષામાં છો તેમાં બાંધી રાખતી દિવાલો તૂટે એ ચોક્કસ પીડાજનક લાગે છે. આથી જ જાત-સંઘર્ષ દ્વારા સત્યને પ્રાપ્ત કરવાનું પ્રેરનાર પયગમ્બર કરતાં, તૈયાર ફોર્મ્યુલાનાં પડીકાંથી સત્ય પ્રાપ્તિની ગેરંટી આપનારા અનેકગણા વધુ વહાલા લાગે છે.

ભગવાન મહાવીરને યાદ કરીએ ત્યારે પ્રશ્ન થાય : ''પુરુષા તુમિમેવ તુમિ મિત્તં, કિં બહિયા મિત્ત મિચ્છસિ'' (ભાઈ, તું જ તારો મિત્ર કે શત્રુ છે, મદદ માટે બહાર ક્યાં ફાંફાં મારે છે ?) એવી સિંહ જેવી ગર્જના કરનાર પ્રભુ મહાવીર ને અન્ય મહાપુરુષોને આપણે ક્યાં પહોંચાડી દીધા છે ? પ્રભુ મહાવીરે જે પંથની વાત કરી છે એમાં સ્વતંત્ર તપસ્યા તો મૂળભૂત આધાર છે : આપણે આખી વાતનું શીર્ષાસન કરી દીધું. આપણે પ્રભુની વાતનું રેડીમેડ ઈલાજ, ફોર્મ્યુલા, બાંધેલાં ચોકઠાંમાં રૂપાન્તર કરી દીધું. પ્રભુની દૈહિક ગેરહાજરીનો આપણે સેંકડો વર્ષોથી કેટલો ''લાભ'' (!) લીધો ! પ્રભુનો સન્દેશ હતો ધર્મ તો એકલવીરની યાત્રા છે, ધર્મ તો જાતે ચઢવાનું શિખર છે. આપણે ધર્મને ટોળાંની સામાજિક જરૂરિયાત બનાવી દીધો. આપણે ધર્મને જન્મ સાથે જોડી દીધો ! જે પ્રભુ મહાવીરે બ્રાહ્મણોને જ્ઞાતિવાદનું મિથ્યાભિમાન છોડવાનો સન્દેશ આપેલો, એ જ પ્રભુને નામે આપણે કટ્ટર, ઝનૂની જ્ઞાતી ઉભી કરી !

ધર્મ તો એકલવીરની યાત્રા છે, ધર્મ તો જાતે ચઢવાનું શિખર છે.

પ્રભુ મહાવીરે, કૃષ્ણે, બુદ્ધે, માનવને ઊર્ધ્વગામી બનાવવાનો સન્દેશ આપ્યો. ઊર્ધ્વગતિ માણસ કરી શકે, યંત્ર નહીં. જાગૃત માનવ જ ઊંડે અથવા ઊંચે જવાનો, સંઘર્ષનો, વ્યક્તિત્વની ક્ષિતિજો વિસ્તરવાનો અનુભવ કરી શકે, ''કોમ્પ્યુટર'' નહીં. કોમ્પ્યુટરની વિશિષ્ટતા કઈ ? કોમ્પ્યુટરને, યંત્ર-માનવને સંદેશા ''ફીડ'' કરવામાં આવ્યા હોય. આદેશો આપવામાં આવ્યા હોય. શું મહાવીર, કૃષ્ણ, બુદ્ધ આવાં ''કોમ્પ્યુટર્સ''ની જમાત ઈચ્છતા હતા ? જેને પોતાની નિર્ભય, સ્વતંત્ર-વિચારશક્તિ ન હોય, જે બળવો ન કરી શકે, જેને માટે સ્વતંત્ર ''દર્શન'' શક્ય ન હોય, જે કોમ્પ્યુટર માફક ''બ્રાન્ડ'' કે નિશ્ચિત સંકેત જ સ્વીકારે, જે પોતાની સ્વતંત્ર નિર્ણયશક્તિ ન હોય એવાનો ખરેખરો આધ્યાત્મિક વિકાસ શક્ય બને ખરો ?

હા, યાંત્રિકતાથી ધાર્મિક સ્થાપિત હિતોની સલામતી જળવાય. કારણ કે યંત્ર કદી બવળો ન કરે. તમારે નવા સંપ્રદાય કે ધર્મની સ્થાપના કરીને જોરાવર બનાવવો હોય, તો એક ગુરુમંત્ર દિલમાં કોતરી લો : માણસજાતને સ્વતંત્ર બનવું પીડાદાયક લાગે છે. ગુલામ બનવામાં ભારે હૂંફ મળે છે.

'અબળા' શબ્દને સદા માટે જાકારો આપો

પ્રશ્ન : આપને નથી લાગતું કે નારી માટે વપરાતા 'અબળા' શબ્દને સદા માટે જાકારો આપવાનો સમય હવે પાકી ગયો છે ?

પ્રશ્નકર્તા : પ્રવીણા પટેલ, શુભદર્શન ફ્લેટ, સેટેલાઈ, અમદાવાદ

ગુફ્તેગો
ડો.ચંદ્રકાન્ત મહેતા

આપણે કહેવા ખાતર કહીએ છીએ કે જે મુક્તિ અપાવે તેનું નામ વિદ્યા ! પણ શિક્ષણ આપણા યુવક-યુવતીઓના મનને મુક્ત બનાવે છે ખરું ? આપણા દેશના શિક્ષિત યુવક-યુવતીઓ રહેણી-કરણીમાં ભલે આધુનિક બન્યા હોય, પણ એમના મનમાં હજી પણ જુનવાણી વિચારોનો શેતાન ઘર કરીને બેઠો છે.

એક દુઃખી પિતાએ કહ્યું : ''સસરા બનવું એટલે શરણાગતિ સ્વીકારી પોતાને આજીવન શોષિત કરવાનો પરવાનો આપવો. મારો જમાઈ ભણેલો-ગણેલો ઈજનેર છે. પણ પુત્રી માંદી પડે એટલે મૂકી જાય છે મારે ઘેર ! પુત્રીના પાનેતરથી માંડીને કફન સુધીનો તમામ ખર્ચ પિતાએ જ ભોગવવો જોઈએ એવો આગ્રહ મોટા ભાગના જમાઈઓ ધરાવતા હોય છે. અને વાર-તહેવારે રોકડી રકમ જમાઈરાજાને નજરાણાં ધરવાની એ તો નફામાં. પારકાના પૈસા લેવાની લાલચ રાખવી એ પાપ ન કહેવાય ? ભણેલા અને અભણમાં પછી ફેર શો ?''

એ પિતાની વ્યથામાં ભારોભાર સચ્ચાઈ હતી. કોઈકના જમાઈ બનવું એટલે વેરો વસુલ કરનાર અધિકારી નહીં, પણ પુત્ર તરીકેની જવાબદારી અદા (સન-ઈન-લો) કરવાનું પ્રણ લેનાર એક સ્વજન છે. જે પરિવારનો કેટલો મોટા ઉપકાર કહેવાય ? પત્ની પોતે જ એટલું મોટું નજરાણું છે, કે સસરા પાસેથી તેમની દીકરી પામ્યા બાદ અન્ય કશુંય પ્રાપ્ત કરવાનો જમાઈને અધિકાર નથી રહેતો. પણ અનેક જમાઈઓ પત્નીને શોષણનું સાધન માને છે. સસરા પાસેથી ફીજથી માંડી ફલેટ સુધીની, બાળોતિયાથી માંડી બાબાસુટ સુધીની, વિદેશની વિમાની ટિકિટથી માંડીને સિનેમાના શોની ટિકિટ સુધીની તમામ સામગ્રી વિના મૂલ્યે માગી શકવામાં શિક્ષિત યુવાનો નથી સમજતા નાનમ કે નથી સમજતા સ્વમાનભંગ. જોકે બધા યુવાનો આવા નથી હોતા.

કોઈની મજબૂરીને તાપણે સ્વાર્થની ખીચડી પકાવી લેવાની તક તેઓ ચૂકવા માગતા નથી. પ્રસૂતિ, બાળઉછેર, શિક્ષણ અને કરિયાવર એ બધી જવાબદારીઓ સાસરિયા પાસેથી જમાઈરાજ 'વટ'થી અદા કરાવે છે. લગ્નની કંકોત્રીમાં મોટી મોટી ડિગ્રીઓ ગર્વભેર લખનાર પોતે ધનભૂખ્યા મહેરબાનો છે એવી બધાંને ખબર નથી હોતી. સ્નેહ-સંબંધને આવી રીતે સોદાબાજીનું શસ્ત્ર બનાવનારને ધિક્કાર છે. દહેજ ઉપરાંત રૂપ તો ખરું જ. પોતે ભલે દેખાવમાં ગમે તેવા હોય, પણ ભણેલાં યુવકને પત્ની તો રૂપાળી જ જોઈએ. એને સુખ આપવાની કોઈ ગેરંટી તો નહીં જ.

નારી અબળા તો હરગિઝ નથી, વખત આવ્યે તે રણચંડીનું રૂપ પણ ધારણ કરી શકે છે. લગ્ન એ કાંઈ નારી સંરક્ષણ કેન્દ્ર નથી મોટા મોટા પદો પર વિરાજીત થઈને નારીએ સાબિત કરી આપ્યું છે કે એ પુરુષ સમોવડી નહીં પણ તેમનાથી પણ ચઢિયાતી છે !

આપણી સમાજ વ્યવસ્થાનો ઢાંચો જ એવી રીતે ગોઠવાયેલો છે કે સ્ત્રીને પુરુષનો આશ્રય લેવો પડે છે, ઈચ્છાએ કે અનિચ્છાએ. એને ભલે પોતાનાથીયે કમજોર પણ રક્ષક તો જોઈએ જ. બાળપણથી જ એને એવા સંસ્કાર મળ્યા છે, કે નારી એ નમ્રતાની મૂર્તિ છે, સંસ્કારની સરવાણી છે, સમર્પણની અને ત્યાગની સાકાર મૂર્તિ છે, વિષ જેવા સંસારને અમૃતસભર બનાવવા માટે દેવોએ એને દરિયાવ દિલ અને ધરતી શું સહિષ્ણુ મન આપ્યું છે, એટલે નારીએ ક્યારેય પોતાનાં કર્તવ્યોમાં પાછી પાની કરવી જોઈએ નહીં. આ બધી માન્યતાઓએ નારીને વધુ પડતી લાગણીશીલ, નરમ, કમજોર અને વ્યક્તિત્વહીન બનાવી દીધી છે.

અને પુરુષે અનુભવે તારવ્યું છે કે નારીને વિષ વડે મારવાની જરૂર નથી. કારણ કે શબ્દોની શર્કરા પણ એ કામ સહેલાઈથી કરી શકે છે. પ્રશંસાના પુષ્પો વડે નારીનું મન મુલાયમ બની જાય છે. અને પુરુષના લોભામણા મોહક અને ભ્રામક શબ્દો એને સહેલાઈથી છેતરી જાય છે

બિચારી ભોળી નારી ! પુરુષના આ શબ્દોને એના હૃદયનું ઈમાનદાર પ્રતિબિંબ સમજે છે. પણ નારી કદિ પણ તેની સામે વિજયી ન બને તેવો અહં દરેક પુરુષ ધરાવતો હોય છે. નારીને 'અબળા' કહીને નારી સમાજનું અપમાન કરવું એ કેટલા અંશે યોગ્ય કહેવાય ? નારીને સદાય કમજોર જોવા આતુર રહેલો આપણો સમાજ કોઈ નારીએ હિંમતભર્યું પગલું ભર્યું હોય તો તેની સામે ટીકાઓના વરસાદ દ્વારા એવો તો કીચડ ઉછાળે છે કે નારી એ આંધીમાં આગળ વધવા માંડેલા ડગ થંભાવી દે છે. શું કર્તવ્યનો કળશ કેવળ નારીના મસ્તકે જ મૂકવાની વસ્તુ છે ?

જેમ પુરુષે નારીને સાચા અર્થમાં મૂલવી નથી, તેમ ખુદ નારીએ પણ પોતાના જીવનને, નારીજીવનને સાચા અર્થમાં મૂલવ્યું નથી.

પુરુષ એ વાત ભૂલી જાય છે કે કોઈની સાથે લાગણી કે પ્રેમનો નાતો બાંધવો એનો અર્થ એ નથી કે એની પાસે સદાય સાનુકૂળ રહેવાનું ગુલામીખત લખાવી લેવું.

દરેક વ્યક્તિનો એક આગવો સ્વભાવ હોય છે. તેના પોતાના ગમા-અણગમા હોય છે. સ્ત્રીએ લગ્ન પછી મૂળભૂત રીતે બદલાઈને પુરુષને અનુકૂળ આવે તે જ રીતે જીવવાનો આરંભ કરી દેવો જોઈએ અને જો એમ ન કરે તો એને લાગણી કે પ્રેમ નથી એવું માની લેવું એ અન્યાય છે, અત્યાચાર છે. લાગણી એ વસૂલ કરવાની નહીં, પણ બીનશરતી વ્યક્ત કરવાની વસ્તુ છે.

સ્ત્રી પોતાના વ્યક્તિત્વના તમામ પાસાઓમાં સુંદરતાને સૌથી વધુ મહત્વ આપે છે. પણ સ્ત્રીએ પુરુષ સમાજને એ પ્રતીતિ કરાવવાની જરૂર છે કે એ નમણી રમણી થવા નથી જન્મી. એ જન્મી છે સ્વમાન અને સન્માનભેર જીવવા માટે. પુરુષને નારીના સહયોગની જરૂર હોય તો એ વિશ્વાસુ મિત્ર તરીકે તેને સાથ આપવા તૈયાર છે.

એટલે જ નારી જો ઈચ્છતી હોય કે સમાજ એની વ્યક્તિ તરીકેની મહત્તા સમજે, તો એણે પુરુષના મનના દરવાજા સુધી પહોંચી, તેના દરેક કામમાં સાથ આપી પોતાનું મૂલ્ય સ્થાપિત કરી શકે છે.

પુરુષ માલિક બનીને લગ્ન દ્વારા નારીને સુરક્ષા પ્રદાન કરે છે એવો ખ્યાલ પુરુષ સમાજે વિકસાવેલો છે. લગ્ન એ કાંઈ નારીસંરક્ષણ કેન્દ્ર નથી. નારી એ પુરુષને માલિક તરીકે નહીં મિત્રરૂપે ઝંખ્યો છે.

નારી દામ્પત્યજીવનમાં સમજ, સહિષ્ણુતા અને અનુકૂલન વધુ દાખવે છે. અને પોતાના લગ્નને ટકાવી રાખવા અને ઘણીવાર બાળકોને ખાતર પણ ઘણું જતું કરીને પતિ અને તેના પરિવાર સાથે બંધાયેલી રહે છે.

વાસ્તવમાં સ્ત્રીના વ્યક્તિત્વનો ઉદ્દેશ્ય પુરુષની આંખમાં વસવાનો જ નહીં, પરંતુ પોતાના વ્યક્તિત્વ તરફ આદર અને સન્માનની લાગણી તેને કેળવતો કરવાનો છે.

બાકી નારી અબળા તો હરગિઝ નથી. વખત આવે તે રણચંડી રૂપ પણ ધારણ કરી શકે છે. અત્યારે તો નારી પણ પુરુષની જેમ સરવીસ કરે છે અને ઘરને પણ સંભાળે છે, એણે સાબિત કરી આપ્યું છે કે નારી એ અબળા નહીં, પણ સબળા છે. અત્યારની નારીએ જુદી જુદી સંસ્થાઓમાં, ઓફિસોમાં, રાજકારણમાં સર્વોચ્ચ પદ પ્રાપ્ત કરીને પોતાની કાર્યકુશળતા સાબિત કરી બતાવી છે. એટલે નારી માટે 'અબળા' શબ્દ વાપરવો એ એનું હડહડતું અપમાન ગણાય. 'અબળા' શબ્દને જાકારો આપવાનો સમય હવે પાકી ગયો છે.

'એ.આઇ. સુંદરી'નું ઇન્સ્ટાગ્રામ પેજ...

રજનીગંધા
વિભાવરી વર્મા

અ વિનાશ કોઠારી તો ઈન્સ્ટાગ્રામનું એ રીલ જોતાં જ સમજી ગયો હતો કે આ 'સ્વીટી- સિક્સટીન' નામની જે સેક્સી દેખાતી યુવતી છે, તે એ.આઇ. જનરેટેડ છે !

છતાં તે 'સ્વીટી- સિક્સટીન'નો તરત જ ફોલોઅર બની ગયો ! કારણ શું ?

કારણ એક જ, કે એક સમયે જ્યારે તે કૉલેજમાં ઈન્ફર્મેશન ટેક્નોલોજીનું ભણી રહ્યો હતો ત્યારે જ તે બિલકુલ આના જેવી જ દેખાતી ગ્રીષ્મા નામની માસૂમ, ભોળી અને ચુલબુલી ચકલી જેવી યુવતીના પ્રેમમાં પડી ગયો હતો !

આજે અવિનાશ કોઠારી એક મલ્ટિમિલિયોનર છે. તે ભારતમાં નહીં સ્વિટઝર્લેન્ડના એક ભવ્ય બિઝનેસ કોમ્પ્લેક્ષમાં બેઠો બેઠો એક મલ્ટિનેશનલ ઓનલાઈન ગેમિંગ કંપની ચલાવી રહ્યો છે. એટલું જ નહીં, તેનું ક્રિપ્ટો કરન્સી એક્સચેન્જનું એક ઓનલાઈન પ્લેટફોર્મ માત્ર એક જ કલાકમાં એકાદ કરોડ ડોલર જેટલી કરન્સીની લેવડ-દેવડ કરી આપે છે!

અવિનાશ કોઠારીએ ફરીથી 'સ્વીટી-સિક્સટીન'નું ઈન્સ્ટા પેજ જોયું. એમાં ચહેરો તો ગ્રીષ્માને મળતો આવતો હતો પણ કાયા ? ના ના... ગ્રીષ્મા આવી ક્યાં હતી ? એ તો પાતળી સરખી, નાજુક, પતંગિયા જેવી હતી ! જ્યારે આ ?

જેણે પણ આ ગ્રીષ્માનો ફોટો ઉઠાવીને 'સ્વીટી'ની ઈમેજ ક્રિએટ કરી હશે એ માણસ નકરો પર્વર્ટ (સેક્સ મેનિયાક) હશે. કેમ કે, આખી કાયાના જે ઉભાર હતા તે કંઈક વિચિત્ર રીતે વધારે પડતા બનાવેલા હતા.

'પણ એવું જ હોય ને ?' અવિનાશે વિચાર્યું, 'આખી દુનિયાના પુરુષોના દિમાગ આ એક જ દિશામાં ચાલતા હોય છે. એમની ફેન્ટસીમાં આવી સ્ત્રી વસેલી હોય છે. વાસ્તવિક દુનિયામાં જો આવી સ્ત્રી હોય પણ



ખરી, તો તે પ્લાસ્ટિક સર્જરી વડે શરીરના ચોક્કસ ભાગોમાં સિલિકોનની જેલી ઠાંસીઠાંસીને તદ્દન બિભત્સ રીતે ઉપસાવેલી હોય છે.

અવિનાશ પોતે ઈન્ટરનેટ ટેક્નોલોજીનો એક્સ્પર્ટ હોવા છતાં તેને આ 'સ્વીટી'માં રસ પડી રહ્યો હતો. અહીં 'સ્વીટી'નાં ખાસ 'અંગત' રીલ્સ જોવા માટે ૩૦ ડોલર ભરવાના હતા. અને 'સ્વીટી'નો અવાજ સાંભળવા માટે મેમ્બરશીપના સીધા ૩૦૦ ડોલર હતા !

અવિનાશ માટે તો આ ચિલ્લર હતું ! તેણે તરત જ પેમેન્ટ કરી દીધું. પણ આ 'સ્વીટી'નો અવાજ સાંભળતા જ તે દંગ થઈ ગયો !

'અરે ? આ તો ગ્રીષ્માનો જ અવાજ છે ! એ જ નટખટ, બુલબુલ જેવી, રૂપાની ઘંટડી જેવો રણકો !' અવિનાશને હવે ખૂબ જ નવાઈ લાગી :

'આવું બને જ શી રીતે ? અને મેઈન સવાલ તો એ છે કે શું ગ્રીષ્માને આની ખબર જ નહીં હોય?'

જો કે, ક્યાંથી હોય? કૉલેજના સમય વખતે પણ ગ્રીષ્માને સ્માર્ટફોન પસંદ નહોતો. એ લેપટૉપ વાપરતી નહોતી. અવિનાશ મજાકમાં કહેતો :

'એ.આઇ. જનરેટેડ છોકરી વળી શી રીતે પર્સનલ મિટિંગ આપી શકે ? કંઇક તો ફોડ લાગે છે. છતાં -'

'તારા જેવી છોકરીને જ્યાં બંગાળી લિટરેચરમાં રવિન્દ્રનાથ ટાગોર અને મુખોપાધ્યાય, ચટ્ટોપાધ્યાય કે બંદોપાધ્યાયને જ વાંચવાના હોય ત્યાં ટેક્નોલોજીની જરૂર જ ક્યાં છે ? ગ્રીષ્મા યુ બિલોંગ ટુ નાઈન્ટીન્થ સેન્ચુરી !

જવાબમાં ગ્રીષ્મા કહેતી : 'તારી ટ્વેન્ટી ફર્સ્ટ સેન્ચ્યુરીને પણ છેવટે અમારી ઓગણીસમી સદીમાં જ પાછા આવવું પડશે !'

ગ્રીષ્માને યાદ કરતા અવિનાશ ઉદાસ થઈ ગયો, 'અત્યારે ક્યાં હશે એ ? કદાચ પેલા સિદ્ધાંતવાદી બંકિમબાબુને પરણી ગઈ હશે...'

હા, બંકિમ બેનરજી પણ અવિનાશની સાથે જ ભણતો હતો અને એ પણ ગ્રીષ્માના પ્રેમમાં હતો ! બન્ને વચ્ચે એક જાતની હરિફાઈ ચાલતી હતી. જેમાં મોટે ભાગે અવિનાશને હાર માનવી પડતી હતી. કેમ કે, અવિનાશ હજી કૉલેજ પૂરી થાય એ પહેલાં જ પોતાની એક યુનિકૉર્ન કંપની વડે લાખો કમાતો થઈ ગયો હતો. જ્યારે બંકિમ ? એ પણ જિનિયસ હતો, છતાં એને 'એથિકલ હેકર' બનવાનું ભૂત વળગ્યું હતું ! એમાં કરિયર શું ? અને ઈન્કમ શું ?

|| અનુસંધાન પાના નં.૦૮ પર

તારી જાતને પૂછવાનો પ્રશ્ન તું બીજાને પૂછે છે!

ઝાકળ બન્યું મોતી
કુમારપાળ દેસાઈ

એક યુવાનના હૃદયમાં એવી પ્રબળ જિજ્ઞાસા જાગી કે એ બેચેન બની ગયો. એક પ્રશ્ન એના મનને એવો તો ઘેરી વળ્યો કે એનો ઉત્તર મેળવવા માટે એ આકુળ-વ્યાકુળ બની ગયો.

યુવક એ જમાનાના મહાન સાધક બોધિધર્મ પાસે ગયો અને પૂછ્યું,

''હે ભંતે ! એક પ્રશ્નએ મને પરેશાન કરી મૂક્યો છે. મારે આપની પાસેથી એનો ઉત્તર મેળવવો છે. મારે એ જાણવું છે કે હું કોણ છું ?''

બોધિધર્મએ શબ્દથી ઉત્તર આપવાના બદલે હાથથી ઉત્તર આપ્યો. જોરથી એના ગાલ પર તમાચો માર્યો.

યુવક ડઘાઈ ગયો. પોતાના સીધાસાદા પ્રશ્નનો આવો



જીવનની ગુણવત્તાનો આધાર શો ?

કોઈ માણસની જિંદગી કેટલી સરસ છે એનો અંદાજ લગાવવો હોય તો આપણે સૌથી પહેલાં શું જોઈએ? તેનો બંગલો, ગાડી, હોદ્દો, આવક કે સમાજમાં તેનું માન?! અને જો આ બધું હોવા છતાં એ માણસ રાત્રે પથારીમાં પડ્યો પડ્યો વિચારે કે 'મારી પાસે બધું છે, છતાં અંદરથી આટલો ખાલીપો કેમ લાગે છે?' તો આપણે તેની આ સફળતાને કેવી રીતે મુલવીએ?

મેં મારી કારકિર્દી દરમ્યાન એવા અનેક લોકોને જોયા છે કે જેમને જોઈને તમને થાય કે વાહ! શું જિંદગી છે! મોંઘી ગાડી, સુંદર ઘર, સારી નોકરી, વારંવારની વિદેશયાત્રાઓ અને સોશિયલ મીડિયા પર સતત ઝળહળતી હાજરી. અને, બીજી તરફ, કોઈ સામાન્ય નોકરી કરતો માણસ, નાનું ઘર, મર્યાદિત આવક અને સાદું જીવન હોવા છતાં પરિવાર સાથે હસતો-બોલતો હોય, મિત્રો માટે સમય કાઢતો હોય અને રોજિંદા જીવનમાં સંતોષ અનુભવતો હોય. પહેલી વ્યક્તિનું જીવન આપણને વધુ આકર્ષક લાગે, પણ બીજી વ્યક્તિનું જીવન કદાચ વધુ સુખદ હોય. અલબત્ત, માત્ર સાદું જીવન જીવવાથી કોઈ સુખી થઈ જતું નથી અને પૈસાદાર હોવું એટલે દુઃખી હોવું પણ નથી. સવાલ પૈસાનો કે વૈભવનો નથી. સવાલ એ છે કે આપણે જે જીવન ઊભું કરી રહ્યા છીએ, એનો આનંદ આપણને પોતાને મળે છે કે માત્ર બીજાઓને એ જોઈને ઈર્ષ્યા થાય છે!

બાળપણથી જ આપણને જીવનને માપવાની ચોક્કસ પદ્ધતિ શીખવવામાં આવે છે. પરીક્ષામાં સારા માર્ક્સ આવે તો પ્રશંસા મળે, ઈનામ મળે તો ગૌરવ થાય અને વર્ગમાં પહેલો નંબર આવે તો માતા-પિતાની છાતી ગજગજ ફૂલે. મોટા થઈએ પછી માર્ક્સની જગ્યાએ પગાર આવે છે, ઈનામની જગ્યાએ પ્રમોશન આવે છે અને શાળાની પ્રશંસાની જગ્યાએ સમાજમાં પ્રતિષ્ઠા મળે છે. જાણે આખી જિંદગી એક જ પરીક્ષા હોય, જેમાં દરેક તબક્કે સાબિત કરવાનું હોય કે આપણે બીજાઓ કરતાં કેટલા આગળ છીએ!

આમાં કશું ખોટું નથી. મહેનત કરવી, આગળ વધવું, પૈસા કમાવા અને પોતાની ક્ષમતા પ્રમાણે સિદ્ધિઓ મેળવવી એ જીવનનો સ્વાભાવિક અને સુંદર ભાગ છે. મુશ્કેલી ત્યારે શરૂ થાય છે, જ્યારે સફળતા મેળવવા કરતાં સફળ દેખાવાનું મહત્ત્વ વધી જાય છે. આપણે ઘર આપણા રહેવા માટે ખરીદીએ છીએ કે લોકોની પ્રશંસા મેળવવા માટે? મોંઘી ગાડી આપણને ખરેખર ગમે છે કે પાડોશીની ગાડી કરતાં સારી ગાડી હોવાનો આનંદ ગમે છે? ક્યારેક તો આપણને પોતાને પણ ખબર નથી હોતી કે આપણી ઈચ્છા ખરેખર આપણી છે કે સમાજની અપેક્ષાઓએ આપણા મનમાં રોપેલી છે.

લગ્નપ્રસંગમાં બે જૂના મિત્રો મળે ત્યારે થતી વાતચીત જુઓ. શરૂઆત ખબરઅંતરથી થાય, પણ થોડી જ વારમાં વાત નોકરી, પગાર, બાળકોની કારકિર્દી અને નવા મકાન સુધી પહોંચી જાય. કોઈ ભાગ્યે જ પૂછે કે 'ભાઈ, તું અંદરથી કેટલો ખુશ છે?' કદાચ એટલા માટે કે પગારનો આંકડો જણાવવામાં એક મિનિટ લાગે, પણ સુખની વાત કરવા માટે માણસે પહેલાં પોતે સુખી છે કે નહીં એ સમજવું પડે!

સમાજને દેખાતી સફળતા વધુ સહેલાઈથી સમજાય છે. મોટું ઘર જોઈ શકાય, હોદ્દો જાણી શકાય અને ગાડીની કિંમતનો અંદાજ લગાવી શકાય. પરંતુ કોઈ માણસને પોતાના જીવનસાથી સાથે વાત કરવામાં આનંદ આવે છે કે નહીં, તેને પોતાનું કામ અર્થપૂર્ણ લાગે છે કે નહીં, રાત્રે ઊંઘતાં પહેલાં મનમાં શાંતિ હોય છે કે નહીં, એ બધું બહારથી દેખાતું નથી. આ મારા જેવા મનોચિકિત્સકને જ ખબર હોય છે.

તારી અને મારી વાત
હંસલ ભચેચ

આપણે બીજાના જીવનની બહારની તસવીર જોઈએ છીએ અને પોતાના જીવનની અંદરની વાસ્તવિકતા અનુભવીએ છીએ. આ સરખામણીમાં હંમેશા બીજાની જિંદગી વધુ સુંદર લાગવાની જ! સફળ જણાતી જિંદગી અને ખરેખર સારી જિંદગીમાં ઘણો તફાવત હોય છે.

આપણે બીજાના જીવનની બહારની તસવીર જોઈએ છીએ અને પોતાના જીવનની અંદરની વાસ્તવિકતા અનુભવીએ છીએ. આ સરખામણીમાં બીજાની જિંદગી ઘણી વાર વધુ સુંદર લાગવાની જ!

મનોવિજ્ઞાનમાં એક રસપ્રદ બાબત છે. આપણને કોઈ નવી વસ્તુ મળે ત્યારે શરૂઆતમાં ખૂબ આનંદ થાય છે, પણ થોડા સમય પછી એ આનંદની તીવ્રતા ઓછી થવા લાગે છે. નવી ગાડી ખરીદીએ ત્યારે થોડા દિવસ સુધી તેને ચલાવવાનો પણ વિશેષ આનંદ આવે. પછી એ જ ગાડી રોજ ઓફિસ જવા માટેનું સાધન બની જાય છે. મોટું ઘર ખરીદીએ ત્યારે લાગે કે હવે જીવનમાં બધું ગોઠવાઈ જશે. થોડા મહિના પછી એ જ ઘરમાં ચાવી ક્યાં મૂકી એ શોધતા હોઈએ છીએ! મનોવિજ્ઞાનમાં આને 'હેડોનિક એડેપ્ટેશન' કહે છે, એટલે કે નવી સુખદ પરિસ્થિતિની આપણને ધીમે ધીમે આદત પડી જાય છે.

પરિણામે, જે વસ્તુ મેળવવા માટે આપણે વર્ષો સુધી દોડ્યા હોઈએ, તે મળ્યા પછી થોડા સમય માટે જ આપણને સંતોષ આપે છે. પછી મન કહે છે, હવે કંઈક બીજું જોઈએ. વધુ મોટું ઘર, વધુ સારો હોદ્દો, વધુ પ્રતિષ્ઠા! સમસ્યા એ નથી કે આપણી ઇચ્છાઓ પૂરી થતી નથી. સમસ્યા એ છે કે દરેક નવી ઇચ્છા પૂરી થયા પછી મન ફરીથી કોઈ નવી વસ્તુને સુખની શરત બનાવી દે છે.

અહીં એક બીજો રસપ્રદ તફાવત સમજવા જેવો છે. એક વ્યક્તિ ખૂબ મહેનત કરે છે કારણ કે તેને પોતાના કામમાં રસ છે, કંઈક નવું શીખવાનો આનંદ આવે છે અને સમાજ માટે કંઈક ઉપયોગી કર્યાનો સંતોષ મળે છે. બીજી વ્યક્તિ એટલી જ મહેનત કરે છે કારણ કે તેને ડર છે કે જો તે આગળ નહીં વધે તો લોકો તેને સામાન્ય ગણશે. બહારથી બંનેની સફળતા

|| અનુસંધાન પાના નં.૦૮ પર

કૃહાના, તારા ખેલ ન્યારા

ક્ષણ-ક્ષણાર્ધ
પ્રવીણ દરજી

આ કૃષ્ણ ઘણો મોટો બહુરૂપી છે. જ્યારે જુઓ ત્યારે નવા નવા એનાં રૂપ હોય છે. એને છળકપટી તો નહીં કહીએ પણ છળકપટ તો એનાં જ. લાગે કે હાથમાં આવ્યો આવ્યો અને બીજી ક્ષણે તો છટકીને ક્યાંય દૂર ઉભો હોય. બધાં શાસ્ત્રો, બધી સમજણ કામે લગાડો તો પણ એના ખરા રૂપમાં તો કશે પકડમાં આવતો જ નથી. હજારો વર્ષથી એની પ્રજા વચ્ચે, લોક વચ્ચે હસ્તી અને હરફર છે છતાં તે જાણ્યો, જાણ્યો અને અજાણ્યો જ રહ્યો છે. અત્યારે આ હું લખી રહ્યો છું ત્યારે ય તે પરિભાષિત તો થતો જ નથી. થોડીક લકીરો પકડાય, કોઈક રંગ-રેખા ધન્ય કરી રહે પણ તેનું ખરું સ્વરૂપ તો જોજનો છેટું ને છેટું જ રહ્યું.

- અને છતાં કૃષ્ણ અપ્રતિહત કલ્પાતો રહ્યો છે. ભાત-ભાતની કથાઓ તેની આસપાસ તો રહી છે જ સાથે સમયે સમયે લોક એની કથાઓમાં ઉમેરો ય કરતું રહ્યું છે. કૃષ્ણ નામથી કોઈ ધરાતું જ નથી. તે સદા તૃપ્ત કરીને અતૃપ્ત રાખે છે. આ જ તેના વ્યક્તિત્વનો જાદુ છે. તે જાદુગર છે અને નથી, તે માયાવી છે અને નથી. મને તો તેને હંમેશા દ્વન્દ્વ રૂપે જ પામવો ગમ્યો છે. તેનામાં રહેલા અપરંપાર વિરોધો જ તેનું ખરું આકર્ષણ છે. કૃષ્ણ પાસે પહોંચવું હોય, લગીરેક તેની સાથે વાતો કરવી હોય તો એવા વિરોધોમાં જ એનું સ્પૃહણીય રૂપ સમાયેલું જોવા મળશે.

લો, તમે એને સહજ કહેશો ? પેલા ગોપ-ગોપીઓ સાથે એક થઈને તેમની જેમ જ વર્તી રહ્યો છે એટલે ? તો તમે ભીંત ભૂલો છો. કુરુક્ષેત્રમાં એ જ કૃષ્ણને જ્ઞાનચાતુર્યથી ભીષ્મ- દ્રોણ વગેરેને મહાત પણ કરે છે. કેટલો ત્યારે તે અસહજ લાગે છે કહો જોઈએ ? અરે, પ્રેમ જેવી નાજુક સંવેદનામાં પણ તેની મધઝરતી ભાષામાં એક તરફ સમર્પિત રાધાને તે મળવાનું કહે છે અને બીજી તરફ મથુરામાં તેના પ્રશ્નોમાં એ એટલો વ્યસ્ત હોય છે કે રાધા પ્રતીક્ષા કરે છે તે વાત જ બાજુ પર રહી જાય છે છતાં એ વાણીનો એવો કયો બીજો છેડો હતો કે ભરપૂર વિશ્વાસથી રાધા તેની ફરિયાદ વિના પ્રતીક્ષા કરતી રહી ? તેની ભાષાના આવા વિરોધને પણ ઓળખવો પડે તેમ છે. અરે, આ મહાશય વિશે તમે કદી વિચાર્યું છે ખરું કે એકતરફ તે મનુષ્ય- પ્રાણી- પંખી સર્વને વિવશ કરી મૂકે, મધરાતે પથારીમાંથી બેઠા કરી દોડતા કરી મૂકે તેવા જાદુઈ સૂરો બંસી મારફતે આરામથી છેડતો રહ્યો છે તો સામે એનું અમોઘ શસ્ત્ર સુદર્શનચક્ર છે. શિશુપાલ જેવાના પ્રાણ તે હરી શકે છે, ઇચ્છે ત્યારે એ શસ્ત્ર ઉલ્કાપાત મચાવી રહે છે. કહો, આ વિરોધને શું કહેશો. એક તરફ મૃદુ- મધુર- કોમળ હૃદય અને બીજી તરફ એવું જ કઠોર- મક્કમ નિર્ધાર ! કૃષ્ણ સિવાય આવી સમજ બીજે જોઈ છે ? અરે, એ પણ આશ્ચર્ય છે કે, ભાઈને આખું મથુરા તે સોંપી દઈ શકે છે, પળનાય વિલંબ વિના, આનંદથી તો સામે સોનાની દ્વારકાનું એ નિર્માણ પણ કરાવી જાણે છે ! આને તમે શું કહેશો ? ત્યાગ અને રાગ ઉભયની પરાકોટિ ? કે પછી ક્યાં આરંભવું, ક્યાં અટકી જવું કે વિરામ લેવો એનો ચોક્કસ ખ્યાલ- સમજણ ?

અરે, એનું બાળપણ ક્યાં વિરોધોથી ભરેલું નથી ? તેનું યૌવન પણ એવા વિરોધોથી ક્યાં અસ્પૃષ્ટ છે? દોરવણી, એની જ સમયસૂચકતા, એનાં જ ડહાપણ અને પ્રજ્ઞા એનાં જ જ્ઞાન- ભાન અને છતાં એવો કૃષ્ણ રણ છોડીને પાછાં ડગલાં પણ ભરી શકે છે ! જુઓ જીતવું કેમ એ તો તે જાણે જ છે પણ ક્યારે પાછા ડગ ભરી લડવાનું મુલતવી રાખવું એ ય તે ઊંડેથી સમજે છે.



જે જશોદા મૈયાનો એ લાડલો છે તેને એક તરફ એ રંજાડી રહે છે ને બીજી બાજુ તેની ભાવુક મુખમુદ્રાનિહાળી જશોદાને રડાવી પણ રહે છે ! બાળમાનસના ખેલ પણ એ નાનપણથી જાણતો હતો નાગ દમન કરનાર, ગોવર્ધન પર્વત ઊંચકનાર, પાછો પંડે કરે તો ય કશું પોતે કર્યું નથી એવું પ્રકટ કરી ગોપ-ગોપીઓની આંગળી- હાથનો ટેકો પણ ગોવર્ધન પર્વત ઉંચકવા માગે ? લોકને સાથે રાખવાના અને પોતે નેપથ્યમાં રહેવાનું આવું તેનું વિરોધી વલણ નેતૃત્વની કેવી ખૂબીઓ પ્રકટ કરી રહે છે !

આ કૃષ્ણ બિરાદર જુઓ તો ખરા, મહાભારતનું આખું યુદ્ધ જિતાયું તેમાં એ જ કેન્દ્રમાં રહ્યો છે. એની જ રાખવું એ ય તે ઊંડેથી સમજે છે.

કદમ્બના વૃક્ષ પર ચડી જઈ, યમુનામાં નહાતી ગોપીઓનાં વસ્ત્રો ચોરી લેવાની ચેષ્ટા કરતો કૃષ્ણ નિર્લજ્જ નહોતો, એ એની બાળચેષ્ટા હતી, મૈત્રી રમૂજ હતી, પણ તે જ કૃષ્ણ હસ્તિનાપુરના દરબારમાં દ્રૌપદીના વસ્ત્રાહરણની પળોમાં દૂર રહ્યે રહ્યે પણ તે તેના ચીર પૂરી રહે છે. એક કિશોર સહજ રમૂજ છે તે બીજામાં સ્ત્રી દાક્ષિણ્યનું ગાંભીર્ય પણ છે. કૃષ્ણની આવી ભેદકદ્રષ્ટિને કઈ રીતે જોઈશું ? દૂધ- દહી- માખણ- માટી ખાનાર કૃષ્ણનું મસ્તી ભરપૂર શૈશવ એ અનન્ય છે. જીવન લીલાનો ભાગ છે તો એ જ કૃષ્ણ ગીતામાં અર્જુનને બ્રહ્મ- બ્રહ્માંડનું દર્શન પણ કરાવી શકે છે. લૌકિક- અલૌકિકના બે વિરોધી સીમાડા પર કૃષ્ણ સિવાય પગ મૂકવાનું બીજા કોનું ગજું ? મહી- માખણ- દહી- દૂધ ભોળી ગોપીઓ- ભરવાડણોની મટકી ફોડીને પોતાના નટખટરૂપનો પરિચય આપી રહી તો કૃષ્ણ સમય આવ્યે ચીથરામાં વીંટીને લાવેલા સુદામાના તાંદુલને જન્મોની ભૂખ હોય તેમ ખાતા કૃષ્ણને પણ જોઈએ છીએ, રુક્મિણીની ચિંતા પણ ત્યારે સમજી શકાય છે. એ કૃષ્ણને કયા રૂપે ઓળખીશું ? સ્થળ અને સમય સાથે મહત્તા આ બધું કૃષ્ણ સિવાય કોની સમજમાં આવી શકે કહો જોઈએ ? જે ગીતાગાયક અર્જુનને એક શિષ્યરૂપે જીવનના ગંભીર- ગહન પ્રશ્નોની સમજ આપે છે, ને જે અર્જુન સહજ પણે જ કૃષ્ણનું ગુરુપણું સ્વીકારી રહે છે એ જ, એકમાત્ર અર્જુનને મૃત્યુ અગાઉ કૃષ્ણ સંસ્કાર માટે કેમ પસંદ કરે છે ? કૃષ્ણનો પરિવાર હતો, અન્ય પાંડવ હતા છતાં ! કૃષ્ણની એ સમજને કેવી રીતે જોઈશું ? અર્જુન સાથેનું એકત્વ ? તેનું પૂર્ણ જાગૃત થયેલું હૃદય ? કે અન્ય સ્વજનોથી તત્પળે દૂર રહેવાની મનોવૃત્તિ ?

કૃષ્ણની આઠ પટરાણીઓ, સોળ હજાર ગોપીઓનો સહજસ્વીકાર.

|| અનુસંધાન પાના નં.૦૮ પર


એક્સ-રેની શોધથી એમઆરઆઈ સુધી...
શરીરની અંદર ડોકિયું કરતી વિજ્ઞાનની અદભુત સફર

કલ્પના કરો કે કોઈ વ્યક્તિ અકસ્માતમાં ઘાયલ થાય અને તેના હાથ કે પગનું હાડકું તૂટી ગયું હોવાની શંકા હોય. આજે તો ગણતરીની મિનિટોમાં એક્સ-રે કરાવીને હાડકું ક્યાંથી તૂટ્યું છે તે જાણી શકાય છે. પરંતુ એક જમાનામાં આવું શક્ય નહોતું. એક્સ-રેની શોધ પહેલાં તબીબો માટે શરીરની અંદર શું ચાલી રહ્યું છે તે જાણવું મોટો પડકાર હતો. દર્દીના દુખાવા, સોજા, શરીરના આકાર

સેલિબ્રેશન
ચિંતન બુચ

અને સ્પર્શ દ્વારા હાડકું તૂટ્યું છે કે નહીં તેનો અંદાજ લગાવવામાં આવતો. ફેફસાંની તકલીફ હોય તો સ્ટેથોસ્કોપથી અવાજ સાંભળવામાં આવતો, છાતી અને પેટ પર આંગળીઓથી ટકોર કરીને અંદરની સ્થિતિનો અંદાજ મેળવાતો. વર્ષ ૧૮૧૬માં ફ્રેન્ચ તબીબ રેને લાએનેકે સ્ટેથોસ્કોપની શોધ કરી હતી, જેનાથી હૃદય અને ફેફસાંના અવાજ સાંભળીને નિદાન કરવું સરળ બન્યું. પેટમાં ગાંઠ કે અન્ય અસામાન્યતા હોય તો હાથથી તપાસ કરવામાં આવતી. કેટલીક જટિલ બીમારીઓમાં ચોક્કસ નિદાન માટે શસ્ત્રક્રિયા કરવી પડતી અથવા મૃત્યુ પછી મૃતદેહપરીક્ષણનો સહારો લેવાતો. એટલે કે દર્દીના શરીરની અંદર ડોકિયું કરવું તબીબો માટે લગભગ અશક્ય હતું. આવા સમયમાં વિજ્ઞાનની એક આકસ્મિક શોધે તબીબી જગતમાં જાણે અંધારામાં અજવાળું પાથરી દીધું.

વર્ષ ૧૮૯૫ની વાત છે. જર્મનીની વુર્ઝબર્ગ યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રી વિલ્હેમ કોનરાડ રોન્ટજન કેથોડ રે ટ્યુબ સાથે પ્રયોગ કરી રહ્યા હતા. આ ટ્યુબમાંથી નીકળતા કિરણોનો અભ્યાસ કરતી વખતે તેમણે જોયું કે નજીકમાં રાખેલી બેરિયમ પ્લેટિનોસાયનાઇડ નામના રસાયણથી કોટ કરેલી પડદી અજવાળવા લાગી હતી. આશ્ચર્યની વાત એ હતી કે ટ્યુબને કાળા કાગળથી ઢાંકી હોવા છતાં આ અસર જોવા મળતી હતી. એટલે ટ્યુબમાંથી એવા અજાણ્યા કિરણો નીકળી રહ્યા હતા, જે કાગળને પાર કરીને પડદા સુધી પહોંચી શકતા હતા. રોન્ટજને આ અજાણ્યા



૮ નવેમ્બર
વિશ્વ રેડિયોગ્રાફી દિવસ

કિરણોને 'એક્સ-રે' નામ આપ્યું. વિજ્ઞાનમાં 'એક્સ'નો અર્થ અજ્ઞાત થાય છે. એટલે કે જે કિરણો વિશે તે સમયે કોઈ જાણકારી નહોતી, તેમને એક્સ-રે તરીકે ઓળખવામાં આવ્યા.

આ શોધને વધુ રસપ્રદ બનાવતો પ્રસંગ તેમની પત્ની અન્ના બર્થા સાથે જોડાયેલો છે. રોન્ટજને તેમની પત્નીના હાથનો એક્સ-રે લીધો હતો. તેમાં હાથનાં હાડકાંની સાથે આંગળીમાં પહેરેલી વીંટી પણ સ્પષ્ટ દેખાતી હતી. જીવંત વ્યક્તિના શરીરની અંદરનાં હાડકાંની તસવીર બહારથી જોઈ શકાતી હોવાની આ ઘટના તે સમયના લોકો માટે ચમત્કારથી ઓછી નહોતી. ૨૮ ડિસેમ્બર, ૧૮૯૫ના રોજ રોન્ટજને આ શોધ અંગે પોતાનો વૈજ્ઞાનિક અહેવાલ રજૂ કર્યો હતો. આ શોધ બદલ તેમને વર્ષ ૧૯૦૧માં ભૌતિકશાસ્ત્રનું પ્રથમ નોબેલ પારિતોષિક એનાયત થયું હતું. આ રીતે એક પ્રયોગશાળામાં શરૂ થયેલી જિજ્ઞાસાએ તબીબી વિજ્ઞાનનો આખો ચહેરો બદલી નાખ્યો.

એક્સ-રેની શોધ પછી તબીબી ક્ષેત્રમાં જાણે નવી બારી ખૂલી ગઈ. જોકે, એક્સ-રેની પોતાની મર્યાદા પણ હતી. તેમાં હાડકાં અને શરીરના કેટલાક ગાઢ ભાગો સારી રીતે દેખાતા હતા, પરંતુ શરીરના નરમ અંગો, મગજ અને અન્ય આંતરિક રચનાઓની વિગતવાર માહિતી મેળવવી મુશ્કેલ હતી. આ મર્યાદા દૂર કરવા વિજ્ઞાનીઓએ એવી ટેક્નોલોજી વિકસાવવાની દિશામાં કામ શરૂ કર્યું, જેમાં શરીરના એક જ ભાગને અલગ અલગ ખૂણેથી જોઈ શકાય અને તેની અંદરની રચનાની વધુ સ્પષ્ટ તસવીર મેળવી શકાય. આ પ્રયાસમાંથી જન્મ થયો સીટી સ્કેનનો.

શરીરની અંદર શું ચાલી રહ્યું છે તે જાણવાની સાથે સાથે અંગો કેવી રીતે કામ કરી રહ્યાં છે તેની માહિતી મેળવવાની દિશામાં પણ વિજ્ઞાને મોટી છલાંગ લગાવી. આ જરૂરિયાતમાંથી વિકસ્યું પેટ સ્કેન.

સીટી સ્કેનનું પૂરું નામ કમ્પ્યુટેડ ટોમોગ્રાફી છે. આ ટેક્નોલોજી પાછળ બ્રિટિશ એન્જિનિયર ગોડફ્રે હાઉન્સફિલ્ડ અને દક્ષિણ આફ્રિકામાં જન્મેલા ભૌતિકશાસ્ત્રી એલન કોર્મેકનું મહત્ત્વનું યોગદાન છે. બંનેએ અલગ અલગ રીતે એવી પદ્ધતિ વિકસાવવા પ્રયાસ કર્યો, જેમાં એક્સ-રેના અનેક ખૂણેથી મેળવેલા ચિત્રોને કમ્પ્યુટરની મદદથી જોડીને શરીરના અંદરના ભાગની આડી કાપ જેવી તસવીર તૈયાર કરી શકાય. વર્ષ ૧૯૭૧માં લંડનની એટકિન્સન મોર્લી હોસ્પિટલમાં સૌપ્રથમ વખત જીવંત દર્દીના મગજનું સીટી સ્કેન કરવામાં આવ્યું હતું. દર્દીના મગજમાં ગાંઠ હોવાની શંકા હતી. આ સ્કેનથી મગજની અંદરની ગાંઠની ઓળખ શક્ય બની. શરૂઆતના સીટી સ્કેનમાં તસવીર મેળવ્યા પછી તેને કમ્પ્યુટર દ્વારા તૈયાર કરવામાં લાંબો સમય લાગતો હતો. આજે અત્યાધુનિક મશીનો થોડી જ મિનિટોમાં શરીરના અનેક સ્તરોની તસવીરો તૈયાર કરી આપે છે. વર્ષ ૧૯૭૯માં હાઉન્સફિલ્ડ અને કોર્મેકને કમ્પ્યુટર આધારિત ટોમોગ્રાફીના વિકાસ બદલ તબીબી ક્ષેત્રનું નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું હતું.

પરંતુ વિજ્ઞાનની સફર અહીં અટકી નહોતી. એક્સ-રે અને સીટી સ્કેનમાં રેડિયેશનનો ઉપયોગ થતો હોવાથી એવી પદ્ધતિની જરૂરિયાત પણ અનુભવાતી હતી, જે ચુંબકીય ક્ષેત્ર અને રેડિયો તરંગોની મદદથી

|| અનુસંધાન પાના નં.૦૮ પર

લાસ્ટ માઈલ : અંતિમ તબક્કો

વર્ષોથી પર્વત ચઢનારા માણસની ચારે બાજુ હો ખાઈ ખાઈ ને ઊંડી ખીણો
એક જ ડગલું બાકી હો ને અંતે એનું ધ્યાન ચળે ને, ત્યારે સાલું લાગી આવે

- મુકેશ જોશી

ઈન્ડિયા-યુએસ ટ્રેડ ડીલ વિષે અપડેટ આપતા વિદેશ પ્રધાન એસ. જયશંકરે કહ્યું કે 'વેલ, લૂક, ઇટ્સ નેવર ડન ટિલ ઇટ્સ ડન'. એટલે એમ કે કામ પૂરું ન કહેવાય, જ્યાં સુધી પૂરું ન થાય. તેઓએ ઉમેર્યું કે ઘણી વાર લાસ્ટ માઈલ(Last Mile) પડકારો ઊભા કરે છે. અમેરિકાનાં સેક્રેટરી ઓફ ધ સ્ટેટ માર્કો રુબિયોએ ટ્રેડ ડીલ ક્યારે થશે? એ માટે 'ક્લોઝ'(નજીક) અને 'શૉર્ટલી' (ટૂંક સમયમાં) શબ્દો વાપર્યા. અમેરિકાનાં પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ પણ 'પ્રેટી ક્લોઝ' (હાથવેંત) કહી ચૂક્યા છે. અમેરિકાનો સૂર આશાવાદી, પ્રોત્સાહક અને હકારાત્મક છે. આટલું થયું તો બાકીનું ય હેમખેમ થઈ જ જશે, ધરપત રાખો, તઈ શું! અભિમન્યુ પણ ચક્રવ્યૂહમાં એવું જ સમજતો હતો પણ સાતમો કોઠો ભેદી ન શક્યો. સોયનાં નાકામાંથી ઊંટ આખું પસાર થઈ જાય પણ... પૂંછડી ભેરવાય જાય, એવું ય બને! આપણાં વિદેશ મંત્રીની વાત કદાચ મને નકારાત્મક લાગી હતી. એમ કે હવે કપમાં ચા રેડી હોય તો હોંઠ સુધી તો પહોંચે જ ને? આમ ઢીલું ઢીલું કેમ બોલો છો? અને 'લાસ્ટ માઈલ'ની દુહાઈ કેમ દો છો? પણ અમે રહ્યા ઠોઠ. અમને વાત મોડેથી સમજાઈ. આપણાં વિદેશ મંત્રી સાવધ છે. ક્યાંક કંસાર કરવા જઈએ 'ને બની જાય થૂલી તો? તેઓ એટલે જ વાસ્તવિક વિચારે છે. તેઓને આત્મવિશ્વાસ તો છે પણ... અતિશય આત્મવિશ્વાસ નથી. તેઓ એ વાત સારી પેઠે સમજે છે કે છેલ્લું ચરણ જ સૌથી અણધાર્યું અને અઘરું હોય છે. અને અંતે.... તેઓનું ધ્યાન ચળતું નથી! જય જય શિવશંકર!

શબ્દસંહિતા
પરેશ વ્યાસ

માઈલ એ અંતર માપવાનું એકમ છે. એક સ્થળથી બીજા સ્થળે પ્રવાસ કરીએ ત્યારે જે આખરી માઈલ રહી જાય તે લાસ્ટ માઈલ. આ એનો શાબ્દિક અર્થ. પણ લાક્ષણિક અર્થ એ કે કોઈપણ કાર્ય, પ્રોજેક્ટ અથવા યોજનાનો આ એવો અંતિમ અને મહત્વપૂર્ણ તબક્કો છે, જ્યાં તેની સફળતા કે નિષ્ફળતા નક્કી થાય છે. સરકારી સંદર્ભમાં જ્યારે સરકારની કોઈ યોજનાનો લાભ દેશ કે રાજ્યના સાવ છેવાડાના ગામડાના અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવાનો હોય, ત્યારે તેને લાસ્ટ માઈલ ડિલિવરી કહેવાય છે. બિઝનેસ લોજિસ્ટિક્સમાં મુખ્ય ગોડાઉનથી ગ્રાહકના ઘરના દરવાજા સુધી સામાન પહોંચાડવાના છેલ્લા તબક્કાને લાસ્ટ માઈલ ડિલિવરી કહે છે. ટેલિકોમ્યુનિકેશનમાં મુખ્ય કેબલ લાઈનથી ગ્રાહકના ઘર સુધી ઈન્ટરનેટ કે ફોનનું કનેક્શન આપવાની છેલ્લી કડી પણ લાસ્ટ માઈલ કનેક્ટિવિટી કહે છે. અમેરિકામાં મૃત્યુદંડની સજા પામેલાં ગુનેગારની કોટડીથી મૃત્યુદંડ આપવાની જગ્યાએ આખરી વાર લઈ જવાને પણ 'લાસ્ટ માઈલ'ની સફર કહે છે.



એક ઝેન કથા છે. એક જિજ્ઞાસુ શિષ્ય આંતરિક શાંતિ અને જ્ઞાનની શોધમાં એક ઊંચા પર્વત પર આવેલા શાંત આશ્રમમાં ગયો. ત્યાં ઘોંઘાટ નહોતો, ઝઘડા નહોતા અને સંસારની કોઈ ચિંતા નહોતી. શિષ્યે વર્ષો સુધી સખત ધ્યાન કર્યું. ધીમે-ધીમે તેનું મન એકદમ શાંત સરોવર જેવું થઈ ગયું. એને થયું કે ક્રોધ, મોહ અને અહંકાર પર એણે સંપૂર્ણ વિજય મેળવી લીધો છે. પોતાની જાતને પરમ જ્ઞાની માનીને ખૂબ જ ઉત્સાહ સાથે ગુરુ પાસે જઈને એ બોલ્યો : 'ગુરુજી, મેં પરમ શાંતિ પ્રાપ્ત કરી લીધી છે. મારું મન હવે કોઈ પણ પરિસ્થિતિમાં વિચલિત થતું નથી. મારી આધ્યાત્મિક યાત્રા પૂર્ણ થઈ ગઈ છે.' ગુરુએ તેની સામે જોયું, સહેજ સ્મિત કર્યું અને કહ્યું : 'આ તો સો માઈલની મુસાફરીમાંથી નવ્વાણું માઈલ પૂરા થયાં. હજી સૌથી મહત્વનો લાસ્ટ માઈલ બાકી છે. તારો સામાન બાંધ, આ શાંત આશ્રમ છોડ અને નીચે શહેરમાં આવેલા સૌથી વ્યસ્ત અને ઘોંઘાટિયા બજારમાં જઈને રહે.' શિષ્ય મૂંઝાઈ ગયો, પણ ગુરુની આજ્ઞા માનીને એ શહેરમાં ગયો. બજારમાં પગ મૂકતાં જ વેપારીઓની બૂમાબૂમ, લોકોની ધક્કામુક્કી, ટ્રાફિકનો અવાજ અને ગ્રાહકોનો કકળાટ. શિષ્યને ગુસ્સો આવતો. કોઈ એની સાથે ખરાબ વર્તન કરતું તો એનું મન અશાંત થઈ જતું. એને સમજાયું કે આશ્રમમાં એને મળેલી શાંતિ એક નિયંત્રિત વાતાવરણ પર આધારિત હતી. એ થીયરી હતી. હવેની સ્થિતિ પ્રેક્ટિકલ છે. માત્ર ભણવાથી નહીં ચાલે, ગણવું ય પડે. અને પછી બજારમાં રહીને એણે સામાન્ય લોકોની સેવા કરવાનું શરૂ કર્યું-લાકડા કાપવા, શાકભાજી વેચવા અને માંદા લોકોની મદદ કરવી વગેરે. મહિનાઓની મહેનત અને રોજિંદા સંઘર્ષ પછી, એક દિવસ એવો આવ્યો કે આસપાસ ગમે તેટલી અરાજકતા હોય, ઘોંઘાટ હોય તેમ છતાં અંદરથી એકદમ શાંત રહેતા એ શીખી ગયો. અને ત્યારે ગુરુએ એને કહ્યું : 'તારો લાસ્ટ માઈલ હવે પૂરો થયો.'

કોઈપણ કાર્ય, પ્રોજેક્ટ અથવા યોજનાનો આ એવો અંતિમ અને મહત્વપૂર્ણ તબક્કો છે, જ્યાં તેની સફળતા કે નિષ્ફળતા નક્કી થાય છે

હેન્રી ડેવિડ થોરો કહે છે કે દરેક પ્રયાસ માટે છેલ્લા માઈલ સુધી ચાલવાની, આખરી યોજનાને આકાર આપવાની અને છેલ્લે સખત મહેનત કરવાની ક્ષમતા જરૂરી છે. નવું વર્ષ આવવામાં છે. દર વર્ષની જેમ દિવાળીમાં મેવામીઠાઈ ફરસાણ ઝાપટીશું. પછી બહારગામ ફરવા ગુડાઈશું. ત્યાં પણ એવું એવું કરીશું જે... સ્વાસ્થ્ય માટે હાનિકારક હશે. અને પછી પરત આવીશું ત્યારે એક જ ડર મનને કોરી ખાશે. આ વજન ઘટાડવું શી રીતે? પણ હું ય પાકો છું. વજન ઘટાડવા માટેની વ્યૂહરચના મને પહેલો માઈલ જીતાડશે, ધ્યેય માટે મંડી રહીશ જેનાથી મધ્ય માઈલ પાર પડશે. પરંતુ છેલ્લો માઈલ સૌથી અઘરો છે. મારી જીદ અને ભવિષ્યમાં ઘટેલાં વજનનાં ફાયદાઓનાં તઘલખી તુક્કાઓ મને લાસ્ટ માઈલ પાર કરાવશે. દિલકે ખુશ રખનેકો ગાલિબ યે ખયાલ અચ્છા હૈ!

શબ્દશેષ

**'લાસ્ટ માઈલ એ એવી રણભૂમિ છે જ્યાં સફરનું વચન અને અંતિમ રેખાની વાસ્તવિકતા ધીંગાણું ખેલે છે.' - અજ્ઞ

ઓ વીતેલી વસંતોના હમસફર, આ વરસે સાવ એકલો છું...

શબ્દ સૂરને મેળે

રાજેશ વ્યાસ 'મિસ્કીન'



અપની ધુન મેં રહતા હૂં
મૈં ભી તેરે જૈસા હૂં
ઓ પિછલી રુત કે સાથી
અબ કે બરસ મૈં તનહા હૂં
તેરી ગલી મેં સારા દિન
દુ:ખ કે કંકર ચુનતા હૂં
મુઝસે આંખ મિલાયે કૌન
મૈં તેરા આઈના હૂં
મેરા દિયા જલાયે કૌન
મૈં તિરા ખાલી કમરા હૂં
તેરે સિવા મુઝે પહને કૌન
મૈં તિરે તન કા કપડા હૂં
તૂ જીવન કી ભરી ગલી
મૈં જંગલ કા રસ્તા હૂં
આતી રુત મુઝે રોયેગી
જાતી રુત કા ઝોંકા હૂં
અપની લહર હૈ અપના રોગ
દરિયા હૂં ઔર પ્યાસા હૂં

- નાસિર કાઝમી

પાકિસ્તાનના શાયર નાસિર કાઝમીની ગઝલો ખૂબ સરળ હોય છે. ગુલામઅલીએ નાસિરની ગઝલો ગાઈને દુનિયાને તેમના સર્જનોથી પરિચિત કર્યા. ઉદાસી અને એકલતાનો આ શાયર જીંદગીભર સૌનાથી વિમુખ થઈને ગઝલ લખતો રહ્યો. જીંદગીની સીધી-સાદી નાની-નાની અનુભૂતિઓને તેમણે ગઝલમાં મૂકવાની શરૂઆત કરી અને પાકિસ્તાનમાં જાણે એક જુદા જ પ્રકારી ગઝલોની પરંપરાને વેગ મળ્યો. જાણે તેમનો શેર આ બાબતમાં સાચો પડે છે.

ઢૂંઢેંગે લોગ મુઝકો હર મહફિલ-એ-સુખન મેં
હર દૌર કી ગઝલ મેં મેરા નિશા મિલેગા

ગુલામઅલીએ ગાયેલી આ નાસિરની ગઝલ તેના સ્વર નિયોજનને કારણે મને ગાવી ખૂબ ગમતી. વર્ષો પહેલા ગુલામઅલીને રૂબરૂ સાંભળ્યા ત્યારે તેમણે આ સરળ ગઝલના અનેક ભાવ ગાયકીની વિવિધ છટા દ્વારા પ્રગટાવ્યા હતા એ યાદ આવે છે.

અપની ધુન મેં રહતા હૂં
મૈં ભી તેરે જૈસા હૂં

એક અંગત પ્રસંગે આ શેર વિશિષ્ટ રીતે સમજાવ્યો. એક સમારંભમાં જવાનું હતું, મોડો પડ્યો, સ્ટેજ ઉપર ઝડપથી બેસવા જતો હતો અને ભગવાનની એ મૂર્તિ ટેબલ ઉપર મુકવામાં આવી હતી એ ટેબલ સાથે અથડાઈ જવાયું. ટેવવશ હાથ ઊંચો કરી સોરી કહી દીધું અને પછી ખબર પડી કે ઓ ! આ તો ભગવાન છે. અને આ શેર સહજ બોલાઈ ગયો.

બીજા શેરમાં ખૂબ સરળ શબ્દોમાં એકલતાને ઘૂંટવામાં આવી છે. જેમણે આ ગઝલ સાંભળી હશે તેમણે ગઝલનો આ શેર ગુલામઅલી ગાયકી દ્વારા કેવી રીતે ઉઘાડે છે તે અનુભવ્યું હશે. વસંત તો આ વર્ષે પણ આવી છે. ફૂલો તો આ વર્ષે પણ એટલા જ સુંદર ખીલ્યા છે. ચારે તરફ ખુશાલી પણ પાછલા વર્ષ જેવી જ છે. ફેર માત્ર એટલો જ છે કે ઓ વિતેલી વસંતોના હમસફર આ વર્ષે હું સાવ એકલો છું.

પ્રેમ માંગતો નથી, આપે છે. જેના વિરહમાં હૃદય દુ:ખી થઈ ગયું છે એ પ્રેમી દિવસે જો કામ કરે છે તો એ પણ એ પ્રિયની ગલીમાં પડેલા દુ:ખના કાંકરાઓ ઉપાડવાનું. પોતાના દુ:ખમાં ય એ અન્યનું સુખ ઈચ્છી શકે એ પ્રેમ જ હોઈ શકે.

હવેના થોડાં શેર એ વિરહને ઘૂંટતા ઘૂંટતા તીવ્રતાની શિખરે લઈ જાય છે. મારી સાથે આંખ મિલાવવાની એ હિંમત કોણ કરે ? મારામાં જોવા કોણ આવે ? હું તો તારો અરીસો છું. મારામાં દીવો કોણ પ્રગટાવે ? હું તો તારો ખાલી ઓરડો છું. જેમાં તું હોય છે તો અજવાળું હોય છે. તારા સિવાય મને કોણ પહેરે ? હું તો તારા દેહ પરનું કપડું છું. હું બીજે ક્યાંય શોભી જ ન શકું.

એ પાત્ર છોડીને ચાલ્યું ગયું છે અને હવે કેવું અંતર પડી ગયું છે ? તું જીવનની ભીડથી ભરેલી ગલી છે. મીરાંબાઈની પંક્તિઓ યાદ આવે... પ્રેમ ગલી અતિ સાંકરી, તામો દો ન સમાય. અહંકાર વગરના પ્રેમમાં તો બે ની શક્યતા જ નથી પણ હવે પ્રિય પાત્ર એવા સંસારમાં ખોવાઈ ગયું છે, જીવનની એવી ગલી બની ગયું છે જે ભીડ, સંબંધો અને માણસોથી ભરેલી છે. આવનારી ઋતુ મારી ઉપર રડવાની છે કારણ કે હું જઈ રહેલી ઋતુની છેલ્લી વિદાય છું. 'દરિયા' એટલે મોટી નદી. કેવી વિધિની વિચિત્રતા છે હું એક મહા નદી છું અને તરસ્યો છું તને મળવા માટે સતત ઉછળતા આ મોજાંઓ જ મારી તરસ બની ગયા છે.

પાકિસ્તાની શાયર નાસિર કાઝમી ઉર્દૂની નવી ગઝલમાં મહત્વનું નામ છે. તેમની ગઝલોમાં ઉદાસી અને એકલતા ખૂબ ઘૂંટાયેલા જોવા મળે છે. જીંદગીભર નાસિર કાઝમીએ પોતાને એક અજાણ્યા મુસાફરના રૂપમાં જ જોયા. પોતાની એકલતા, ઉદાસી અને તડપન-ઝંખનામાં તેમણે કબીર, સૂરદાસ, મીરાં, મીર તકી મીર વગેરેને પોતાના સ્વજનની જેમ જોયેલા છે. ફિરાક ગોરખપૂરીના તેઓ ખૂબ ચાહક હતા અને તેનાથી પ્રભાવિત પણ રહેલા છે. નાસિરની ગઝલોની વિશેષતા એ છે કે જીંદગીની નાની-નાની અનુભૂતિઓને તેમણે ગઝલનો વિષય બનાવ્યો છે. ૨ માર્ચ ૧૯૭૨ માં ૪૭ વર્ષની ઉંમરે આ સંસારને અલવિદા કહેનાર આ શાયરનો ગઝલ સંગ્રહ 'બર્ગ એ ને' ૧૯૫૨માં પ્રકાશિત થયો અને પછી ગઝલ પ્રગટ કરવા માટે સાવ ઉદાસીન રહ્યા. તેમના મૃત્યુ પછી તેમની ગઝલોના બે સંગ્રહ પ્રગટ થયા છે. ખૂબ મહત્વનો સંગ્રહ 'દીવાન' અને એક જ જમીનમાં કહેવામાં આવેલી ૨૫ ગઝલોનો સંગ્રહ 'પહલી બારિશ'.

> **તારા સિવાય મને કોણ પહેરે? હું તો તારા દેહ પરનું કપડું છું. હું બીજે ક્યાંય શોભી જ ન શકું.**

ગુલામ અલીએ ગાયેલી નાસિરની બીજી ગઝલ જોઈએ.

દિલ મેં એક લહર-સી-ઉઠી હૈ અભી
કોઈ તાજા હવા ચલી હૈ અભી
ભરી દુનિયા મેં જી નહીં લગતા
જાને કિસ ચીજ કી કમી હૈ અભી
શહર કી બેચિરાગ ગલિયોં મેં
જિંદગી તુઝકો ઢૂંઢતી હૈ અભી
સો ગયે લોગ ઉસ હવેલી કે
એક ખિડકી મગર ખુલી હૈ અભી
વક્ત અચ્છા ભી આએગા 'નાસિર'
ગમ ન કર જિન્દગી પડી હૈ અભી



પ્રેમમાં પૂર્ણવિરામ મૂક્યું, પણ મનમાં નહીં!

વેદના-સંવેદના

મૃગેશ વૈષ્ણવ

કેટલાક લોકો પ્રેમસંબંધ તોડી નાખે છે, પણ પ્રેમની યાદો સાથેનો સંબંધ તોડી શકતા નથી. જીવન આગળ વધે છે, લગ્ન થાય છે, સંતાનો જન્મે છે, જવાબદારીઓ વધે છે, પરંતુ મન ભૂતકાળના કોઈ એક વળાંક પર જ અટકી જાય છે.આવા લોકો ઘણીવાર એક માન્યતાના કેદી બની જાય છે કે, ''જીવનમાં સાચો પ્રેમ માત્ર એક જ વાર થાય છે. ત્યાર પછી જે કંઈ થાય છે એ પ્રેમ નહીં, માત્ર સમાધાન છે!''

મનોવિજ્ઞાનની ભાષામાં આવી જડ માન્યતાને કોગ્નિટિવ રિજિડિટી (Cognitive Rigidity)કહી શકાય. પ્રથમ પ્રેમને જ જીવનનો એકમાત્ર સાચો પ્રેમ માની તેને સતત આદર્શ બનાવવાની વૃત્તિ રોમેન્ટિક આઈડિયલાઈઝેશન (Romantic Idealization) સાથે સંકળાયેલી છે. પ્રેમલગ્ન હોય કે ગોઠવાયેલાં લગ્ન, દાંપત્યજીવન માત્ર બે શરીરોનું મિલન નથી. એ બે વ્યક્તિઓની લાગણીઓ, વિશ્વાસ, આત્મીયતા અને પરસ્પર સ્વીકારની સહિયારી યાત્રા છે.

પરંતુ લગ્ન વખતે અગ્નિની સાક્ષીએ લીધેલા સાત ફેરા પણ મનમાં રહેલી જૂની યાદોને બાળી શકતા નથી! જ્યોતિ અને મયંકના લગ્ન બંને પરિવારોની સંમતિથી થયાં હતાં. મયંક દેખાવડો, શિક્ષિત, પ્રેમાળ અને સમજદાર યુવાન હતો. જ્યોતિ શરમાળ, ઓછાબોલી અને અંતર્મુખી સ્વભાવની હતી. મયંકે પત્નીના સ્વભાવને સમજવાની, તેની નજીક આવવાની અને દાંપત્યજીવનને આનંદમય બનાવવાની પૂરી કોશિશ કરી. જ્યોતિ પણ પત્ની તરીકેની પોતાની જવાબદારીઓ નિભાવતી હતી. પરંતુ બંને વચ્ચે કંઈક ખૂટતું હતું.

> **પ્રેમમાં પડવું સહેલું છે, પ્રેમમાંથી બહાર આવવું મુશ્કેલ છે. પરંતુ સૌથી વધુ મુશ્કેલ છે પ્રેમસંબંધ પૂરો થઈ ગયા પછી પણ મનમાં એ સંબંધને જીવંત રાખીને કોઈ ત્રીજી વ્યક્તિ સાથે જીવન વિતાવવું!**

બંનેના સંબંધમાં બધુંજ હતું, માત્ર સંબંધની ઉષ્મા નહોતી! મયંક પ્રેમ કરતો હતો, જ્યોતિ ફરજ નિભાવતી હતી. મયંક લાગણીથી નજીક આવવા માગતો હતો, જ્યોતિ માત્ર જવાબદારીથી નજીક આવતી હતી. લગ્નજીવન આગળ વધ્યું અને જ્યોતિ ગર્ભવતી થઈ. પ્રથમ પ્રસૂતિ પિયરમાં થાય એ રિવાજ પ્રમાણે સાતમા મહિને ખોળો ભર્યા પછી જ્યોતિ માતા-પિતાના ઘરે આવી. પરંતુ માતા પિતાએ જોયું કે દીકરીના ચહેરા પર માતૃત્વનો આનંદ નહોતો. આવનાર બાળક માટે કોઈ ઉત્સાહ નહોતો. તે ઉદાસ રહેતી, ઓછું બોલતી અને વારંવાર રડી પડતી.

માતા-પિતાને ચિંતા થઈ. મનોચીકીત્સાનો નિર્ણય લેવાયો. મનોચિકિત્સકીય તપાસ દરમિયાન જ્યોતિમાં ગર્ભાવસ્થા દરમિયાનનું ડિપ્રેશન એટલે કેએન્ટિનેટલ ડિપ્રેશન (Antenatal Depression) હોવાનું નિદાન થયું.ગર્ભાવસ્થા દરમ્યાન અને પ્રસૂતિ પછી સ્ત્રીના શરીરમાં હોર્મોન્સમાં નોંધપાત્ર ફેરફારો થાય છે. પરંતુ ડિપ્રેશન માટે માત્ર હોર્મોન્સ જ જવાબદાર નથી. અગાઉનો માનસિક તણાવ, સંબંધોમાં અસંતોષ, સામાજિક દબાણ, પારિવારિક વિવાદ, લાગણીસભર ટેકાનો અભાવ અને ભૂતકાળના વણઉકેલાયેલા સંઘર્ષો પણ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

જ્યોતિની સારવારમાંઇન્ટરપર્સનલ સાયકોથેરાપી (Interpersonal Psychotherapy - IPT) શરૂ કરવામાં આવી. જરૂરિયાત મુજબ ગર્ભાવસ્થામાં દવાઓના સંભવિત લાભ અને જોખમનું મૂલ્યાંકન કરીને યોગ્ય સારવાર પણ આપવામાં આવી. થેરાપી દરમિયાન જ્યોતિ વારંવાર એક જ વાત કરતી. ''ડૉક્ટર, હું મયંકને લાયક નથી.'' ''મયંક બહુ સારો માણસ છે. હું તેનું જીવન બગાડી રહી છું.'' ''હું તેની અપરાધી છું!'' આ શબ્દો માત્ર ઉદાસીનતાના નહોતા. એના મનમાં ઊંડે સુધી ઘર કરી ગયેલા અપરાધભાવના હતા.

પરંતુ અપરાધભાવ શેનો? મયંકે ક્યારેય તેની સાથે ખરાબ વર્તન કર્યું નહોતું. લગ્ન પણ તેની સંમતિથી થયાં હતાં. બંને પરિવારો વચ્ચે કોઈ વિવાદ નહોતો. તો પછી જ્યોતિ પોતાને અપરાધી શા માટે માનતી હતી? ધીમે ધીમે તેના મનમાં દબાયેલો ભૂતકાળ બહાર આવવા લાગ્યો. વાત એમ હતી કે કોલેજકાળ દરમિયાન જ્યોતિને ભારત નામના યુવાન સાથે પ્રેમ થયો હતો. બંને એકબીજાને ખૂબ ચાહતાં હતાં. સાથે જીવવાના અને જીવનભર સાથ નિભાવવાના વચનો પણ અપાઈ ચૂક્યાં હતાં. પ્રથમ પ્રેમનો રોમાંચ, પ્રથમ સ્પર્શની લાગણી અને ભારત સાથે વિતાવેલી ક્ષણો જ્યોતિના મનમાં ઊંડે સુધી અંકિત થઈ ગઈ હતી.

પરંતુ પ્રેમ લગ્ન સુધી કેમ ન પહોંચ્યો? જ્યોતિને લાગતું હતું કે તેના કડક અને રૂઢિચુસ્ત પિતા અન્ય જ્ઞાતિના તથા સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતા ભારતને ક્યારેય સ્વીકારશે નહીં. બીજી તરફ ભારતને લાગતું હતું કે પોતાના ઘરની નબળી આર્થિક સ્થિતિ અને દિવ્યાંગ ભાઈની જવાબદારી સુખી પરિવારમાં ઊછરેલી જ્યોતિ માટે મુશ્કેલ બનશે. બંનેએ પોતપોતાની ધારણાઓને સત્ય માની લીધી. ન તો જ્યોતિએ પિતાને પૂછ્યું, ન તો ભારતે પોતાની આશંકાઓનું સમાધાન શોધ્યું. જે સંબંધને સમાજે તોડ્યો જ નહોતો, તેને સમાજના ડરથી બંનેએ જાતે જ તોડી નાખ્યો! મનોવિજ્ઞાનમાં આ પ્રકારની વિચાર પ્રક્રિયામાં માઇન્ડ રીડિંગ (Mind Reading) અને ફોર્ચ્યુન ટેલિંગ (Fortune Telling) જેવી કોગ્નિટિવ ડિસ્ટોર્શન્સ જોવા મળી શકે છે. એટલે કે બીજું કોઈ શું વિચારશે અથવા ભવિષ્યમાં શું બનશે તેનો પૂરતા પુરાવા વગર જ નિર્ણય કરી લેવો.

બંનેએ પરસ્પર સંમતિથી સંબંધનો અંત આણ્યો.જ્યોતિએ મયંક સાથે લગ્ન કરી લીધાં.પરંતુ અહીં એક વિચિત્ર ઘટના બની. જ્યોતિએ ભારત સાથેનો સંબંધ તોડ્યો હતો, ભારતની યાદો સાથેનો નહીં! લગ્ન પછી તેને સમાચાર મળ્યા કે બ્રેકઅપ બાદ

|| અનુસંધાન પાના નં.૦૮ પર

મચાડોની હાલત સૂ કી જેવી નહીં થાય ને?

ટોપ્સીટર્વી

અજિત પોપટ

યુરોપના મોટા ભાગના દેશોમાં જ્યારે મોંઘવારી, ભાવવધારો અને અન્ય પ્રશ્નોના મુદ્દે હિંસક તોફાનો ચાલી રહ્યાં હતાં ત્યારે વેનેઝુએલામાં વિરોધ પક્ષના લોકપ્રિય મહિલા નેતા મારિયા કોરિના મચાડો સ્વૈચ્છિક દેશવટો છોડીને વેનેઝુએલા પાછાં ફર્યા હતાં અને લાખો લોકોએ એમને વધાવી લીધા હતા. જો કે હાલ વેનેઝુએલાના કાર્યવાહક મહિલા રાષ્ટ્રપ્રમુખ ડેલી રોડ્રિગ્ઝે કટાક્ષમાં કહ્યું હતું કે મચાડોનું પુનરાગમન તો એક દેખાડો છે. આ એક શો અને સ્પેક્ટેકલ છે. લાખો લોકોની મેદનીએ મચાડોને આવકારી અને હર્ષનાદોથી વધાવી લીધી એને રાષ્ટ્રપ્રમુખ ડેલી એક શો કહે છે.

૨૦૨૪માં થયેલી વેનેઝુએલાની સંસદીય ચૂંટણીમાં ભારે ગોલમાલ થઈ હતી. ચૂંટણી પંચ એ સમયની સરકાર સાથે ભળેલું હતું એટલે મચાડો પરાજિત થયાં. માદુરોએ સત્તા પચાવી પાડી. માદુરો પ્રમુખ થયા ત્યારે મારિયા કોરિના મચાડોના ટેકેદારોને ડર હતો કે મચાડોની ખોટા અને ઉપજાવી કાઢેલા આરોપ બદલ ધરપકડ કરાશે અને મ્યાંમારના ઓંગ સૂ કીની જેમ મચાડોને નજરકેદ કરવામાં આવશે. કદાચ એવું થયું પણ હોત. પરંતુ વિધાતા મચાડોની કેવરમાં હશે. મચાડોને લોકશાહી મૂલ્યોના જતન માટેની લડતની કદર રૂપે નોબેલ પારિતોષિત જાહેર થયું. મચાડોએ એ નોબેલ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અર્પણ કર્યું અને વળતર રૂપે વેનેઝુએલામાં લોકશાહી સ્થાપવામાં સહાય કરવાની અપીલ કરી. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને શાંતિ માટેનું નોબેલ જોઈતું હતું. પણ એ મળ્યું નહીં એટલે ટ્રમ્પ ધૂંધવાયેલા હતા. મચાડોએ પોતાનું નોબેલ ટ્રમ્પને અર્પણ કર્યું એ હકીત વેનેઝુએલાના બની બેઠેલા પ્રમુખ માદુરોના ધ્યાનમાં હતુંજ. મચાડોએ વેનેઝુએલામાં લોકશાહી સ્થાપવા અમેરિકાની મદદ માગી એ પણ માદુરોના ધ્યાલમાં હતું. એ મચાડોને કોઈ અપરાધમાં સંડોવીને નજરકેદ કરવાનાં બહાનાં શોધી રહ્યા હતા. એની મનમુરાદ સાકાર થાય એ પહેલાં ૨૦૨૫ના ડિસેંબરમાં મચાડો નોબેલ પારિતોષિક સ્વીકારવા નોર્વે જવા રવાના થઇ ગયાં. રાજકીય સમીક્ષકોની દ્રષ્ટિએ પરંતુ તત્કાળ કશું કરી શક્યા નહોતા કારણ કે એ ઈઝરાયેલ સાથે ઈરાન જોડે લડવામાં વ્યસ્ત હતા. પરંતુ એમના ધ્યાનમાં વેનેઝુએલા હતું તો ખરું જ. ૨૦૨૫ના ડિસેંબરમા મચાડોએ વેનેઝુએલા છોડ્યું અને ૨૦૨૬ના જાન્યુઆરીમાં અમેરિકાએ માદુરોની કહેવાતા ભ્રષ્ટાચાર અને ગેરશાસન બદલ ધરપકડ કરી. એ પછી પણ મચાડો તરત સ્વદેશ પાછાં ફર્યા નહીં. એ માનતાં હતાં કે શક્ય છે, માદુરોના ટેકેદારો હિંસક દેખાવો કરે કે પછી મચાડો પર હુમલો કરે અથવા દેશમાં અરાજકતા સ્થાપવાના પ્રયાસો કરે.



આ સ્વૈચ્છિક દેશવટો હતો. આ સમીક્ષકો માને છે કે અમેરિકાએ મચાડોને સંકેત મોકલી દીધો હતો કે અમે ગમે ત્યારે માદુરોનો ઘડો લાડવો કરી નાખીશું. તમે બહાર નીકળી જાઓ.

વાસ્તવમાં મચાડોએ ૨૦૨૪ની ચૂંટણીનાં પરિણામો જાહેર થયા બાદ કરેલી ટ્રમ્પે એ અપીલ સ્વીકારેલી

જો કે મચાડો સતત વિરોધ પક્ષના અન્ય નેતાઓ અને પોતાના ટેકેદારોના સંપર્કમાં હતાં. એમને જ્યારે એમ લાગ્યું કે હવે સ્વદેશ પાછાં ફરવામાં કોઈ વાંધો નથી ત્યારે તેમણે પોતાના ટેકેદારોને વિશ્વાસમાં લીધા. આ ટેકેદારોએ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મિડિયાને વિશ્વાસમાં લીધું. ત્યારબાદ મચાડો ગયા પખવાડિયે પાછાં ફર્યા. હવે જોવાનું એ છે કે માદુરોના ટેકેદારો અને બેશક, લશ્કર મચાડોને લોકશાહી સ્થાપવા દેશે કે કેમ. મ્યાંમારના ઓંગ સૂ કી લોકશાહી માટે લડ્યાં અને છેલ્લાં ૨૭-૨૮ વર્ષથી નજરકેદમાં છે.

> **હવે જોવાનું એ છે કે માદુરોના ટેકેદારો અને બેશક, લશ્કર મચાડોને લોકશાહી સ્થાપવા દેશે કે કેમ**

મ્યાંમારમાં લશ્કરી શાસન જ છે. સૂ કી અત્યારે ૮૧ વર્ષનાં થયાં અને હજુ કારાવાસ ભોગવી રહ્યાં છે. સૂ કી અને મચાડો બંને દેખાવમાં સૂકલકડી છે. જો કે બંનેના મનોબળ પોલાદી છે. સૂ કીએ હજુ સુધી લશ્કરની એક પણ વાત સ્વીકારી નથી. એમ લાગે છે કે સાઉથ આફ્રિકાના નેલ્સન માંડેલાની જેમ સૂ કી કારાવાસથી ટેવાઈ ગયાં છે. મચાડોને અત્યારે તો સ્થાનિક લોકો

|| અનુસંધાન પાના નં.૦૮ પર

ઇઝરાયેલ : 78 વર્ષના ઇતિહાસમાં કયારેય એક પક્ષને 61 બેઠકની બહુમતી મળી નથી

મીડ વીક

હસમુખ ગજજર

તાજેતરમાં ઇઝરાયેલમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીઓમાં કોઈ પક્ષ કે ગઠબંધનને સ્પષ્ટ બહુમતી નહી મળવાથી સત્તાનું કોકડું ગૂંચવાયું છે. ૭ ઓકટોબર ૨૦૨૩ના રોજ પેલેસ્ટાઇનના રાજકીય અને અંતિમવાદી સંગઠન હમાસ દ્વારા ઇઝરાયેલ પર હુમલો થયા પછી પ્રથમ વાર ચૂંટણી યોજાઈ હોવાથી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ (બીબી) ના વડપણ હેઠળની લિકુડપાર્ટીના દેખાવ પર અમેરિકા સહિત દુનિયા આખીની નજર હતી. નેતન્યાહુએ પોતાને ઇઝરાયેલનો રક્ષક ગણાવીને ફરી સત્તા આપવા વિનંતી કરી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ઇઝરાયેલના હિતમાં વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે એવો પણ પ્રચાર કર્યો પરંતુ ચૂંટણી પરિણામ નિરાશ કરનારું રહયું છે. ઇઝરાયેલમાં સૌથી લાંબા સમય સુધી સત્તા પર રહેવાનો અનુભવ ધરાવતા નેતન્યાહુને પોતાની લોકપ્રિયતા અને કામગીરીના આધારે ફરી ચૂંટાવાની અપેક્ષા હતી જે ફળીભૂત થતી જણાતી નથી. નેતન્યાહુના ગઠબંધનને ૫૩ બેઠકો મળી છે જયારે પ્રતિસ્પર્ધી ઉમેદવાર ગાડી આઇસેનકોટના ગઠબંધનને ૪૮ બેઠકો પ્રાપ્ત થઇ છે. નોંધવા જેવું એ છે કે વિપક્ષી ગઠબંધનો પણ સરકાર રચવાના ૬૧ બેઠકના જાદૂઇ આંકડા સુધી પહોંચી શકયા નથી.

ઇઝરાયલમાં અરબોની સંખ્યા ૨૦ ટકા છે જે ૧૦ ટકા વોટ જેટલો વોટ શેર ધરાવે છે. વર્તમાન ચૂંટણી પરિણામોમાં બે અરબ પાર્ટીઓના ગઠબંધન ૫ જોઇન્ટ લિસ્ટ અને રાઆમે ધારણાથી વિપરીત સારુ પ્રદર્શન કરીને ૧૨૦ બેઠકોવાળી ઇઝરાયેલની સંસદમાં ૧૯ બેઠકો જીતીને કિંગ મેકર તરીકે ઉભરી છે. ઇઝરાયેલમાં ચૂંટણી પછી રાષ્ટ્રપતિ સૌથી મોટી પાર્ટીના નેતાને સરકાર બનાવવા આમંત્રણ આપે છે. ઇઝરાયેલના રાષ્ટ્રપતિ આઇજેક હર્જાંગ રાજકીય પક્ષો સાથે ચર્ચા કરીને સરકાર રચવા માટે કોને આમંત્રણ આપશે એ પ્રક્રિયામાં અનેક દિવસો પસાર થઇ જાય તેવી શકયતા છે. પાર્ટીના નેતા પાસે બહુમત સાબીત કરવા માટે ૨૮ દિવસ મળે છે જયારે રાષ્ટ્રપતિ વધારાના ૧૪ દિવસ પણ ફાળવી શકે છે. જો તેમાં પણ નિષ્ફળ જાય તો બીજા ગઠબંધનને તક મળે છે. ઇઝરાયેલ આમ તો યહુદીઓનો દેશ ગણાય છે. ૧૯૪૮માં દુનિયાના નકશા પર ઇઝરાયેલની રચના થઇ ત્યારથી અરબ લોકો સ્થળાંતરણ કરી ગયા હતા. સ્થળાંતરણ પછી પણ જે અરબોએ સ્વેચ્છાએ ઇઝરાયેલમાં રહેવાનું પસંદ કર્યુ તેમને નાગરિકત્વ આપવામાં આવ્યું હતું. ઇઝરાયેલમાં અરબ મૂળના લોકો જેમાંના મોટા ભાગના મુસ્લિમધર્મી છે જે ઇઝરાયેલનો સૌથી મોટો અલ્પસંખ્યક સમુદાય છે. ત્યાર બાદ ઇસાઇ અને ડ્રૂજ સમુદાય ગણાય છે. ઇઝરાયેલનો અરબ સમુદાય ઇઝરાયેલના કબ્જાવાળા વેસ્ટ બેંક અને ગાજાપટ્ટીમાં રહેતા પેલેસ્ટાઇનીઓ કરતા અલગ પડતો હોવા છતાં ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજીક મતભેદો હંમેશા રહે છે. ઇઝરાયેલી આરબોની સૌથી વધુ વસ્તી ઉત્તરી ઇઝરાયેલમાં છે જેમાં નજરેથ, ઉમ્મ અલ-ફહમ અને સખનિન જેવા શહેરો મુખ્ય કેન્દ્રો છે. આ ઉપરાંત હાઇફા, જાફા અને એકર જેવા શહેરોમાં પણ છુટા છવાયા રહે છે. ઇઝરાયેલમાં યોજાયેલી ચૂંટણીના પરિણામોમાં અરબ પાર્ટીઓના દેખાવથી સૌને નવાઇ લાગી છે.



ઇઝરાયેલના જનરલ ઇલેકશનમાં પૂર્વ સૈન્ય પ્રમુખ ગાડી આઇસનકોટે પોતાની નવી સેંટ્રિસ્ટ પાર્ટી 'યાશર'સાથે નેતન્યાહુને પડકાર ફેંકયો હતો. આઇસનકોટે ૨૦૨૩માં ગાજામાં લડાઇ દરમિયાન પોતાના પુત્રને ગુમાવ્યો હતો .પૂર્વ વડાપ્રધાન નફતાલી બેનેટ અને પૂર્વ કમાંડર અને નેતન્યાહુના એક સમયના સહયોગી યાયર લેપિડે ટુ ગેધર નામનું ગઠબંધન તૈયાર કરીને હાથ મિલાવ્યા હતા. ઇઝરાયલમાં પણ ભારતની જેમ લોકો દ્વારા ચુંટાયેલી લોકશાહી સરકારના શાસનની પ્રણાલી છે પરંતુ ભારત કરતા ઇઝરાયલની સિસ્ટમ જુદી છે. આપણે ત્યાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ લોકો દ્વારા ચુંટાઇને લોકસભામાં પ્રતિનિધિત્વ કરે છે.જયારે ઇઝરાયલમાં લોકો રાજકીય પક્ષને મત આપે છે અને મળેલા મતના આધારે રાજકીય પક્ષોને સંસદ (નેસેટ)માં પ્રતિનિધિત્વ મળે છે. ઉદાહરણ તરીકે જો કોઇ પાર્ટીને ૧૦ ટકા મત મળે તો ૧૨૦ બેઠકો ગણીએ તો ૧૦ ટકાના ધોરણે ૧૨ બેઠકો મળે છે. કોઇ પણ પાર્ટીએ નેસેટમાં પહોંચવા માટે કુલ મતદાનના ૩.૨૫ ટકા મત મેળવવા જરુરી બને છે. આ ઓછી ટકાવારીના લીધે નાની અને ક્ષેત્રીય પાર્ટીઓ સરળતાથી સંસદમાં સ્થાન મેળવી લે છે. ઇઝરાયલમાં દર ૪ વર્ષે ચૂંટણી થાય છે પરંતુ સરકાર વિશ્વાસ મત ખોઇ બેસે કે નેસેટ ખૂદ બહુમતીથી ભંગ થવાનો નિર્ણય લે તો ફરી ચૂંટણી આવે છે. ઇઝરાયેલના કેન્દ્રીય ચૂંટણી આયોગના આંકડા અનુસાર દેશમાં ૧૨ હજારથી જેટલા મતદાન કેન્દ્રો પર ૭૭.૭ ટકા લોકોએ મતદાનમાં ભાગ લીધો હતો કુલ મતદારોની સંખ્યા ૭૩ લાખ જેટલી હતી. ઇઝરાયલની નેસેટમાં પણ કુલ ૧૨૦ બેઠકો છે જેમાંથી બહુમતીથી સરકાર રચવાનો જાદૂઇ આંક ૬૧ બેઠકોનો છે.

> **૧૯૪૮માં ઇઝરાયલની રચના પછી હંમેશા ગઠબંધન કે ટેકા સરકારો જ રચાઇ છે. ચૂંટણીમાં સામાજિક,ધાર્મિક અને જનજાતિઓના અલગ અલગ સમૂહની પણ ભૂમિકા હોય છે. ૨૦૧૯ યોજાયેલી ચૂંટણી પછી છેલ્લા ૭ વર્ષમાં ૬ વાર સામાન્ય ચૂંટણીઓ યોજવી પડી છે**

ઇઝરાયલ વિશે એક જાણવા જેવી વાત એ છે છેલ્લા ૭૮ વર્ષમાં એક પણ રાજકીય પક્ષને એકલા હાથે ૬૧ બેઠકોની બહુમતી મળી નથી આથી હંમેશા ગઠબંધન કે ટેકા સરકારો જ રચાઇ છે. ચૂંટણીમાં સામાજિક,ધાર્મિક અને જનજાતિઓના અલગ અલગ સમૂહની પણ ભૂમિકા હોય છે. યુરોપ મૂળના ઓર્થોડોકસ યહુદીઓની સંખ્યા ૧૦ લાખ છે જે મતદાન માટે રબીની સલાહ લેતા હોવાનું મનાય છે. ઇઝરાયલમાં મતદાન હંમેશા મંગળવારે જ થાય છે. મતદાન મથકે રાષ્ટ્રીય ઓળખપત્ર બતાવવું પડે છે. ઓછામાં ઓછા ૩ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ મતદાતાની ઓળખની તપાસ કરે છે. ત્યાર બાદ મતદાતાને એક કવર આપવામાં આવે છે જેમાં પોતાની પસંદગીની પાર્ટીના ચૂંટણી પ્રતિક વાળી સ્લિપ મતદાતા સિક્રિટ બેલેટ બોકસમાં નાખે છે ત્યાર પછી મતગણના શરુ થાય છે.

૨૦૧૯માં ઇઝરાયેલમાં ચૂંટણી યોજાઇ ત્યાર પછી ૭ મહિનામાં ૨ વાર ચૂંટણીઓ યોજાઇ હતી. તેમ છતાં સરકાર રચવાના ફાંફા પડયા હતા. ઇઝરાયેલમાં છેલ્લા ૭ વર્ષમાં ૬ વાર સામાન્ય ચૂંટણીઓ યોજાઇ છે જે રાજકીય અસ્થિરતાને સૂચવે છે. જૂન ૨૦૨૧માં નફતાલી બેનેટ અને યાયક લેપિડના નેતૃત્વમાં એક અનોખું ગઠબંધન સત્તામાં આવ્યું હતું જેને પરિવર્તન સરકાર નામ આપવામાં આવ્યું હતું. આ ગઠબંધનની સૌથી મોટી ઐતિહાસિક બાબત એ હતી કે મંસૂર અબ્બાસના નેતૃત્વ હેઠળ સ્વતંત્ર અરબ પાર્ટી (રાઆમ) પણ જોડાઇ હતી. જયારે દેશ પર સંકટ કે વિશિષ્ટ પરિસ્થિતિ હોય ત્યારે ઇઝરાયેલમાં વિરોધી ધ્રુવો પર ચાલતા રાજકીય પક્ષો પણ સાથે મળીને રાષ્ટ્રીય સરકાર બનાવે છે એવું ઓકટોબર ૨૦૨૩માં ગાજા યુધ્ધ

|| અનુસંધાન પાના નં.૦૮ પર

‘રામાયણ’નો સૌથી મોટો પ્લસ પોઇન્ટ હોય તો એ છે, યશ. શું સ્ક્રીન પ્રેઝન્સ છે એની! રાવણનો ઇન્ટ્રોડક્શનવાળો સીન જોઈને રૂંવાળા ખડા થઈ જાય છે

રામાયણ અને ઈઠાઃ મનમોહક ધર્મકથા... ધમાકેદાર નર્તનકથા

નીતીશ તિવારીની ‘રામાયણ’ ભારતમાં રિલીઝ થાય એટલી જ વાર છે, પણ અમેરિકાના લોસ એન્જલસ શહેરમાં તેની ઈંગ્લિશ આવૃત્તિનું સ્પેશિયલ સ્ક્રીનિંગ ગોઠવવામાં આવ્યું હતું. આપણે ત્યાં ભલે ફિલ્મના એક ગીતમાં ‘કૂન ફાયા કૂન’ ગીતનો સૂફી રંગ જોઈને ઓડિયન્સે થૂ-થૂ કરી મૂક્યું, પણ અમેરિકનો તો આખી ફિલ્મ જોઈને ગાંડા ગાંડા થઈ ગયા છે. એમના ઓનલાઇન રિવ્યુની કેટલીક ઝલક આ રહી.

કોણ બાજી મારશે... રામ કે રાવણ?

આવી ઈન્ડિયન ફિલ્મ તો કદી જોઈ નથી. ‘ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ’ ટ્રિલોજીની યાદ આવી ગઈ.

હું અભિભૂત થઈ ગયો છું. ફિલ્મ જે પોઇન્ટ પર પૂરી થઈ છે... મેં તો અત્યારથી પાર્ટ-ટુની રાહ જોવાનું શરૂ કરી દીધું છે.

પાર્ટ-વનમાં તો ફક્ત બિલ્ડ-અપ થાય છે. ‘રામાયણ’ની અસલી મજા પાર્ટ-ટુમાં આવવાની છે.

ના, યશ આ ફિલ્મમાં રણબીરને કાચેકાચો ખાઈ જાય છે. યશ અદ્‌ભુત લાગે છે. શું સ્ક્રીન પ્રેઝન્સ છે એની!

‘રામાયણ પાર્ટ-વન’નો સૌથી મોટો પ્લસ પોઇન્ટ હોય તો એ છે, યશ. સવાલ જ નથી.

યશના પર્ફોર્મન્સ પર કન્નડ એક્ટર ડોક્ટર રાજકુમારનો ઘણો પ્રભાવ છે. ૧૯૮૩માં એમણે ‘ભક્ત પ્રહલાદ’ નામની ફિલ્મમાં હિરણ્યકશિપુનું પાત્ર ભજવ્યું છે. યશે રાવણનું કેરેક્ટર એ રીતે ઊપસાવ્યું છે.

રાવણનો ઇન્ટ્રોડક્શનવાળો સીન જોઈને રૂંવાળા ખડા થઈ ગયા.

‘રામાયણ’નું ઇંગ્લિશ વર્ઝન એઆઈથી તૈયાર કરવામાં આવ્યું છે. બધાં પાત્રોને રીતસર અંગ્રેજીમાં ડાયલોગ બોલતા દેખાડ્યા છે. જે રીતે એમના હોઠ ખૂલે છે, એકદમ પરફેક્ટ છે.

આ ફિલ્મ બને એટલી મોટી સ્ક્રીન પર જોજો. આઇમેક્સ અને થ્રીડીમાં જોવાનો જલસો પડશે.

સ્પોઇલર એલર્ટ: રાવણ સીતાનું અપહરણ કરે છે!

પાર્ટ-ટુમાં હનુમાનજી તરખાટ મચાવશે. પાર્ટ-વનમાં એન્ડ ક્રેડિટ પછી જે સીન દેખાડવામાં આવે તે જોરદાર છે.

જે વિદેશી ઓડિયન્સને રામાયણ વિશે બહુ જાણકારી નથી, પણ ફક્ત બેઝિક વાર્તા જ ખબર છે એમને પણ આ ફિલ્મ લાગણીશીલ બનાવી દે છે.

સઈ પલ્લવી સીતા તરીકે જામે છે. સઈ પલ્લવી કોઈ પણ રોલ બહુ જ સિન્સિયરલી ભજવતી હોય છે.

એ.આર. રહેમાન અને હેન્સ ઝિમરને ભેગા કરવાનો પ્રયોગ ખાસ સફળ થયો નથી. ગીતો અપેક્ષા કરતાં ક્યાંય નબળાં છે. અંગ્રેજી વર્ઝનનાં જોકે મોટાં ભાગનાં ગીતો ઉડાવી દેવામાં આવ્યાં છે.

હનુમાનજી ઓડિયન્સનું મોસ્ટ ફેવરિટ કેરેક્ટર બની જશે એ તો નક્કી.



બહુ ઓછી ફિલ્મો એવી બનતી હોય છે, જેનું ટ્રેલર ઓડિયન્સમાં આટલી બધી ઉત્તેજના જગાડી દીધી હોય. શ્રદ્ધા કપૂરની બાયોપિક ‘ઈઠા’ છેક ડિસેમ્બરમાં રિલીઝ થવાની છે, જેમાં એણે વિખ્યાત તમાશા અને લાવણી નૃત્યાંગના વિઠાબાઈ નારાયણગાંવકરનો રોલ કર્યો છે. નેટિઝન્સની પ્રતિક્રિયાઓ જોઈ લો...

આલી રે આલી.... શ્રદ્ધા આલી

આને કહેવાય ટ્રેલર. એક સેકન્ડ માટે પણ મારી નજર હટી નહીં.

‘ડર્ટી પિક્ચર’ પછી વિદ્યા બાલન અને ‘ક્વીન’ પછી કંગના રનૌતની કરીઅર જુદા જ લેવલ પર પહોંચી ગઈ હતી, તેવું ‘ઈઠા’ પછી શ્રદ્ધા કપૂરના કેસમાં બનવાનું. રોલ ઓફ અ લાઇફટાઇમ... અને ટ્રેલર પરથી તો લાગે છે કે શ્રદ્ધાએ આમાં એક્ટિંગ નથી કરી, એ પોતાનો રોલ જીવી ગઈ છે.

આ ફિલ્મને હિન્દીમાં શું કામ બનાવી છે? મરાઠીમાં બનાવવી જોઈએને? વધારે ઓથેન્ટિક લાગત.

ગૂઝબમ્પ્સ આવી ગયા, બોસ. અઢી મિનિટના ટ્રેલરમાં આવી હાલત થતી હોય તો વિચાર કરો કે અઢી કલાકની ફિલ્મમાં શું હાલત થશે.

આહા... અજય-અતુલનું મ્યુઝિક! શરીર રણઝણાવી ઉઠે છે, ખરેખર. પ્રોડ્યુસરે આ ફિલ્મ માટે અજય-અતુલને પસંદ કરીને ઉત્તમ કામ કર્યું.

શ્રદ્ધા + મડોક બેનર + લક્ષ્મણ ઉત્તેકર + અજય-અતુલ = નેશનલ અવોર્ડ.

યે શ્રદ્ધા નામ કી સ્ત્રી કુછ ભી કર સકતી હૈ.

શ્રદ્ધા અડધી મહારાષ્ટ્રિયન છે, ડિરેક્ટર લક્ષ્મણ ઉત્તેકર મહારાષ્ટ્રિયન છે, અજય-અતુલ મહારાષ્ટ્રિયન છે. મરાઠી કલ્ચર બોલિવુડમાં આવી શાનદાર રીતે બહુ ઓછી વાર પ્રસ્તુત થયું છે.

મને આ ફિલ્મમાંથી ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ જેવી વાઇબ કેમ આવે છે?

યુ કેન ઈગ્નોર બોલિવુડ, બટ યુ કેન નોટ ઈગ્નોર શ્રદ્ધા કપૂર.

શ્રદ્ધા કપૂર ‘ઈઠા’ બેસ્ટ એક્ટ્રેસનો નેશનલ અવોર્ડ જીતી રહી છે. લિખ લો.

એકલું મહારાષ્ટ્ર જ આ ફિલ્મને બ્લોકબસ્ટર બનાવી દેશે.

શ્રદ્ધાએ અગાઉ ‘હસીના પારકર’ નામની નાયિકાપ્રધાન ફિલ્મ કરી હતી, પણ તે ફિલ્મ ખરાબ રીતે પિટાઈ ગઈ હતી. એમાં શ્રદ્ધાની એક્ટિંગ પણ નબળી હતી... પણ હવે લાગે છે કે ‘ઈઠા’માં શ્રદ્ધા સિક્સર ફટકારશે.

આ ફિલ્મનું બીજીએમ (બેકગ્રાઉન્ડ મ્યુઝિક) રુંવાળા ખડા કરી દે તેવું છે. ખરેખર તો ‘રામાયણ’માં એ.આર. રહેમાનને બદલે અજય-અતુલને લેવાની જરૂર હતી.

‘આશિકી-ટુ’ની સ્વીટ, ઇનોસન્ટ છોકરીથી લઈને ‘એક વિલન’થી લઈને ‘ઈઠા’ની જાનદાર, દમદાર, આક્રમક, આઝાદ સ્ત્રી... શ્રદ્ધાનું ટ્રાન્સફોર્મેશન ગજબનું છે.

નો કેપ અને ફુલ સ્લેઃ જેન-ઝીની નવી ભાષા

સૌથી પહેલાં, નો કેપ (No Cap) વિશે વાત કરીએ. શો અર્થ થાય આ શબ્દપ્રયોગનો?

‘નો કેપ’નો સીધો અર્થ થાય છે - કોઈ જૂઠાણું નહીં, કોઈ અતિશયોક્તિ નહીં, સહેજ પણ ફેંકાફેંક નહીં, હું જે કહું છું તે સાચું જ છે. આજની યુવા પેઢી કોઈ વાત પર ભાર મૂકવા અથવા

નેટ-બોલી

પોતાની વાતની સચ્ચાઈ દર્શાવવા આ શબ્દપ્રયોગ કરે છે. માની લો કે કોઈ કહે, ‘આ વર્ષની સૌથી શ્રેષ્ઠ ફિલ્મ ‘ધૂરંધર’ છે, નો કેપ!’ તો તેનો અર્થ એ થયો કે તે ખરેખર ‘ધૂરંધર’ને આ વર્ષની શ્રેષ્ઠ ફિલ્મ માને છે. આ શબ્દપ્રયોગની સામે ‘કેપ’નો અર્થ થાય છે, જૂઠું બોલવું કે વાતને વધારીને રજૂ કરવી. કોઈની વાત પર શંકા હોય તો કહી શકાય કે, ‘ધેટ્સ કેપ!’, એટલે કે ‘આ તો સાવ જૂઠું છે!’

ઉપયોગ કેવી રીતે થાય?

‘નો કેપ’નો ઉપયોગ સામાન્ય રીતે વાક્યના અંતે થાય છે. જેમ કે, ‘આ રેસ્ટોરાંના પિઝા અદ્‌ભુત છે, નો કેપ.’ અથવા ‘મેં આખી રાત વાંચ્યું છે, નો કેપ.’ મિત્રો વચ્ચેની વાતચીત, સોશિયલ મીડિયા પોસ્ટ, વીડિયો અને કમેન્ટ્સમાં તેનો ઉપયોગ થાય છે.

આ શબ્દપ્રયોગ ટિકટોક કે ઇન્સ્ટાગ્રામની પેદાશ નથી. અમેરિકાના આફ્રિકન-અમેરિકન સમુદાયની બોલચાલમાં ‘કેપ’નો ઉપયોગ જૂઠાણું કે બડાઈ મારવાના અર્થમાં ઘણા સમયથી થતો આવ્યો છે. હિપ-હોપ સંગીતે તેને વધુ ઓળખ અપાવી. ખાસ કરીને ૨૦૧૭માં રેપર્સ ફ્યુચર અને યંગ થગના ‘નો કેપ’ ગીત પછી આ શબ્દપ્રયોગ



યંગસ્ટર્સમાં ઝડપથી પોપ્યુલર થયો. ત્યાર બાદ સોશિયલ મીડિયા દ્વારા તે દુનિયાભરમાં ફેલાયો.

હવે બીજો શબ્દપ્રયોગ:

■ ■ ■

સ્લે (Slay) એટલે શું?

‘સ્લે’નો શાબ્દિક અર્થ છે કોઈનો વધ કરવો, પરંતુ યુવાનોની બોલચાલમાં તેનો અર્થ તદ્દન જુદો છે. કોઈ વ્યક્તિએ અફલાતૂન કામ કર્યું હોય, પોતાના દેખાવ કે પર્ફોર્મન્સથી સૌને પ્રભાવિત કર્યા હોય કે કોઈ કામમાં કમાલ કરી હોય ત્યારે તેને ‘સ્લે’ કહેવામાં આવે છે. આ શબ્દ પ્રશંસા વ્યક્ત કરવા માટે વપરાય છે. જેમ કે, ‘યુ સ્લેડ ધેટ આઉટફિટ!’ એટલે કે ‘તારો એ ડ્રેસ તો એકદમ જબરદસ્ત છે!’ કોઈના ડાન્સ, ગાયન, અભિનય, ફેશન કે આત્મવિશ્વાસનાં વખાણ કરવા પણ આ શબ્દ વપરાય છે.

ઉપયોગ કેવી રીતે થાય?

કોઈ મિત્ર સુંદર તૈયાર થઈને આવ્યો હોય તો તેને ‘સ્લે!’ કહીને બિરદાવી શકાય. કોઈએ શાનદાર રજૂઆત કરી હોય તો કહેવાય કે, ‘યુ સ્લેડ ઇટ!’ ક્યારેક ‘સ્લે ક્વીન’ કહીને કોન્ફિડન્સથી ભરપૂર સ્ટાઇલિશ યુવતીનાં વખાણ પણ કરવામાં આવે છે.

‘સ્લે’ આમ તો અંગ્રેજી ભાષાનો જૂનો શબ્દ છે, પરંતુ આજના અર્થમાં તેનો ઉપયોગ ખાસ કરીને ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં ન્યૂયોર્કની બ્લેક, લેટિન અને ક્વિયર બૉલરૂમ સંસ્કૃતિમાં થતો હતો. નૃત્ય, વેશભૂષા અને દેખાવમાં અસાધારણ પ્રદર્શન કરનારને ‘સ્લે’ કહેવામાં આવતું. ૧૯૯૦ની દસ્તાવેજી ફિલ્મ ‘પેરિસ ઇઝ બર્નિંગ’ અને ત્યાર બાદ ‘રુપોલ્સ ડ્રેગ રેસ’ જેવા કાર્યક્રમોએ તેને વધુ લોકપ્રિય બનાવ્યો. ૨૦૧૬માં બિયોન્સના ગીત ‘ફોર્મેશન’થી આ શબ્દ મેઇનસ્ટ્રીમ મ્યુઝિક અને પોપ કલ્ચરમાં વધુ પ્રચલિત થયો. આજે સોશિયલ મીડિયા પર તે પ્રશંસા વ્યક્ત કરવાનો લોકપ્રિય શબ્દ બની ગયો છે.

અબ તેરા ક્યા હોગા, સૌરવ દાસ?

ઘણાં સુધી કોકોય જનતા પાર્ટીના સ્પોક્સપર્સન સૌરવ દાસના માતા-પિતા વિશે સોશિયલ મિડીયા પર જે કંઈ બેફામ લખાતું હતું, તેને આપણે ગંદી ગોસિપ ગણી લીધી હતી. વાત એકાએક પલટાઈ ગઈ છે. તાજેતરમાં ખુદ મદ્રાસ હાઈકોર્ટે સૌરવ દાસ અને કેન્દ્ર સરકારને એક જાહેર હિતની અરજીના સંદર્ભમાં નોટિસ પાઠવી દીધી. તેથી મામલો ગોસિપ ન રહેતા કાનૂની બની ગયો. આ અરજીમાં સૌરવ દાસની ઓળખ,

રાજકીય રમઝટ

નાગરિકતા અને માતા-પિતાની ઓળખ તેમજ પારિવારિક બેકગ્રાઉન્ડની તપાસ કરવાની માગણી કરવામાં આવી છે. અરજદારે આક્ષેપ કર્યો છે કે સૌરવ દાસનાં મૂળ નેપાળ સાથે જોડાયેલાં છે. અરજીમાં એવી પણ માગણી કરવામાં આવી છે કે જો સૌરવ વિદેશી નાગરિક સાબિત થાય તો તેમનો પાસપોર્ટ અને આધાર કાર્ડ રદ કરવામાં આવે. એના એક્સ અને ઇન્સ્ટાગ્રામ ખાતાં બંધ કરવાની માગણી પણ કરવામાં આવી છે.

નેટિઝન્સને સૌરવ દાસને ધીબેડવાનો નવેસરથી મોકો મળી ગયો છે. એનો બચાવ કરનારા પણ મેદાનમાં ઉતરી આવ્યા. આ રહી ડિજિટલ તડાફડીની ઝલક...

PIL in Madras High Court for probe into Saurav Das' identity, block of his social media accounts over comments on judiciary



■ જે માણસ પોતાના પિતાની સ્પષ્ટ ઓળખ આપી શકતો ન હોય, જેને પોતાનું સરનામું કે નાગરિકતા પણ ખબર નથી, એ માણસ ભારતના યુવાનોનું પ્રતિનિધિત્વ કરવા માગે છે! આ તો ભારતીયો માટે એક મોટી મજાક છે.

■ એટલે શું તમે એમ કહેવા માગો છો કે સૌરવ પાકિસ્તાની છે અને આટલાં વરસોથી ભારતમાં રહીને ભારતીય ન્યાયતંત્ર સામે સવાલો ઉઠાવતો હતો ને ટિપ્પણીઓ કરતો હતો? આ શું બકવાસ છે?

■ ભારતીયોની વચ્ચે રહેતી કોઈ વ્યક્તિ પાકિસ્તાની, નેપાળી કે બાંગ્લાદેશી છે કે નહીં તે ઓળખવા માટે ૧૨ વર્ષનો સમયગાળો ઓછો નથી. સરકારે આવા લોકોને ઘણા સમય પહેલાં જ દેશમાંથી હાંકી કાઢવા જોઈતા હતા. સરકાર બિનકાર્યક્ષમ અને આળસુ હોય તો આપણે શું કરી શકીએ? અસંમતિનો અવાજ ઉઠાવનાર દરેક વ્યક્તિને પાકિસ્તાની, વિદેશી હાથ કે સોરોસનો એજન્ટ ગણાવી દેવો યોગ્ય નથી. થોડા મેચ્યોર થાઓ.

■ શું દિલ્હી પોલીસે જુલાઈ મહિનામાં જ આ તપાસ કરી લેવી જોઈતી નહોતી? અથવા ઓછામાં ઓછું આ લોકોને અટકાયતમાં લીધા ત્યારે તો



તપાસ કરવી જોઈતી હતી.

■ મદ્રાસ હાઈકોર્ટમાં દાખલ થયેલી જાહેર હિતની અરજીમાં સૌરવ દાસનું નામ યોગેશ શર્મા તરીકે પણ નોંધવામાં આવ્યું છે. આ શું કન્ફ્યુઝન છે? અહીં તો આખી દાળ જ કાળી લાગે છે!

■ તમે ક્યારેય એક વાત નોંધી છે? ડાબેરીઓ હંમેશાં ઇચ્છે છે કે તેમના વિરોધીઓ સંતોની જેમ વર્તે. પરંતુ જ્યારે ડાબેરીઓ સત્તામાં આવે છે, ત્યારે તેઓ રાક્ષસોની જેમ વર્તે છે અને તેમના વિરોધીઓ ચીસ પણ પાડી શકતા નથી.

■ આ સૌરવ દાસ પાકિસ્તાનનો હમઝા નેપાળી છે.

■ અભિજિત ઐયર-મિત્રા નામના ભાજપી પોલિટિકલ કમેન્ટેટર આદુ ખાઈને સૌરવ દાસની પાછળ પડી ગયા છે.

જીવનમાં શિસ્ત, તાકાત અને આત્મનિર્ભરતા કેળવવાના 10 નિયમો

૧. વહેલા ઊઠો, ભલે મન થાય કે ન થાયઃ શિસ્તની શરૂઆત દિવસની શરૂઆતથી થાય છે. તમારા મૂડ કે આળસને તમારા સમય પર હાવી થવા ન દો. દરરોજ એક નિશ્ચિત સમયે ઊઠવાની ટેવ પાડો અને સવારનો સમય પ્રોડક્ટિવ બનાવો. યાદ રાખો, ઊંઘ એ મહેનતનું ઈનામ નથી,

ગેસ્ટ પોસ્ટ

શરીરની જરૂરિયાત છે. તમે સાતથી નવ કલાકની ઊંઘ લઈ લીધી હોય તો એટલું પૂરતું છે.

૨. અઠવાડિયામાં ચારથી છ દિવસ એક્સરસાઇઝ કરો, પ્રગતિનો હિસાબ રાખોઃ શારીરિક તાકાત માટે નિયમિતતા, મહેનત અને પ્રગતિ જરૂરી છે. કઈ કસરત કરી, કેટલી વાર અને જો વેઇટ એક્સરસાઇઝ કરતા હો તો કેટલા વજન સાથે કરી તેની પાક્કી નોંધ રાખો. શરીર મજબૂત બનતું જાય તેમ કસરતનું સ્તર વધારો. વેઇટ ટ્રેનિંગ હાડકાં મજબૂત બનાવે છે, ચયાપચય સુધારે છે અને આત્મવિશ્વાસ વધારે છે. જોકે, આડેધડ એક્સરસાઇઝ ન કરવી. યોગ્ય પદ્ધતિ અને પૂરતો આરામ પણ એટલાં જ જરૂરી છે.

૩. ઇમર્જન્સી ફંડ બનાવો, પુખ્ત વયના માણસે પોતાની જવાબદારી જાતે લેવી પડેઃ નોકરી ગુમાવવી, મેડિકલ ઇમર્જન્સી કે અણધાર્યા ખર્ચ જેવી પરિસ્થિતિઓ માટે આર્થિક તૈયારી રાખો. ઓછામાં ઓછા ત્રણથી છ મહિનાના જરૂરી ખર્ચ જેટલી બચત કરવાનો પ્રયાસ કરો. લોન, ક્રેડિટ કાર્ડ કે બીજા લોકોની મદદ પર સંપૂર્ણ આધાર રાખશો નહીં.

૪. સાદો ખોરાક ખાઓ, નક્કી કરેલો ખોરાક લો. પહેલાં પોષક તત્ત્વો, પછી સ્વાદઃ પૌષ્ટિક અને સંતુલિત આહારની નિયમિત ટેવ પાડો. પ્રોટીન, શાકભાજી, ફળો, આખાં ધાન્ય અને સારા ફેટ્સને આહારમાં પ્રાથમિકતા આપો. રોજ અલગ-અલગ વાનગીઓ ખાવાની લાલચ રાખવાને બદલે થોડાં નક્કી કરેલાં પૌષ્ટિક ભોજન લો. ક્યારેક મનપસંદ વાનગી ખાવામાં વાંધો નથી, પરંતુ સ્વાદને રોજિંદા આહાર પર હાવી ન થવા દો. ખોરાકનો પહેલો હેતુ શરીરને પોષણ આપવાનો છે.

૫. પોતાની જાતને વારંવાર લાયક સાબિત કરવાનું બંધ કરોઃ તમારા દરેક નિર્ણય, મહત્ત્વાકાંક્ષા કે જીવનશૈલી માટે દરેકને ખુલાસો આપવાની જરૂર નથી. જરૂર પડે ત્યારે ના પાડતાં શીખો. તમારી વાતો કરતાં તમારાં કામ અને સિદ્ધિઓને બોલવા દો. દરેક વ્યક્તિ તમારી પસંદગીઓ સમજે એ જરૂરી નથી. જવાબદારી હોય ત્યારે ખુલાસો આપો, મંજૂરી મેળવવા માટે નહીં.

૬. વધુ કમાણી કરાવી શકે એવી એક આવડત શીખો અને તેમાં પૂરી તાકાત લગાવોઃ તમારા



નિયમિત જોબ ઉપરાંત એવી કોઈ આવડત કેળવો જેની બજારમાં માગ હોય. પ્રોગ્રામિંગ, માર્કેટિંગ, સેલ્સ કે ડિઝાઇન જેવી કોઈ એક દિશા પસંદ કરો. આજકાલ એઆઈની મદદથી ખૂબ બધાં કામ થઈ શકે છે. નવી સ્કિલ શીખવા અને તેમાં નિપુણતા મેળવવા માટે સમય અને મહેનત આપો. વારંવાર દિશા બદલવાને બદલે એક જ ક્ષેત્રમાં ઊંડાણપૂર્વક કામ કરો.

૭. નકામા સંબંધોનો અંત લાવોઃ તમારી આસપાસના લોકો તમારી આદતો, વિચારો અને મહત્ત્વાકાંક્ષાઓને અસર કરે છે. એવા લોકોની સંગતિ કરો જે તમને આગળ વધવા પ્રેરે, તમારી ભૂલો બતાવે અને વિકાસમાં મદદ કરે. સતત નકારાત્મકતા, ગોસિપ અને ખરાબ આદતોને પ્રોત્સાહન આપતા સંબંધોથી દૂર રહો. પરંતુ દરેક સંબંધનો ફાયદો પૈસાથી ન માપો. સાચી મિત્રતા, લાગણી અને મુશ્કેલીના સમયે મળતો સાથ પણ એટલો જ મહત્ત્વનો છે.

૮. એકલા રહેતાં શીખો. એકાંત એ તાલીમ છે, સમસ્યા નહીંઃ પોતાની સાથે સમય પસાર કરતાં શીખો. ખુશ રહેવા માટે સતત વાતચીત, મોબાઇલ નોટિફિકેશન કે સામાજિક ફંક્શન્સની જરૂર ન પડવી જોઈએ. એકાંતમાં વિચારવાનો, વાંચવાનો, આત્મચિંતન કરવાનો અને પોતાની જાતને સમજવાનો સમય મળે છે. થોડો સમય મોબાઇલ અને સોશિયલ મીડિયાથી દૂર રહો. જોકે, એકલા રહેતાં શીખવાનો અર્થ દુનિયાથી અલગ થઈ જવું નથી. સારા સંબંધો પણ જીવન માટે જરૂરી છે.

૯. ફાયનાન્સ, પોલિટિક્સ, સત્તા અને મનોવિજ્ઞાન વિશે વાંચોઃ દુનિયા કેવી રીતે ચાલે છે તે સમજવાનો પ્રયત્ન કરો. પૈસા, રોકાણ, વ્યવસાય, વાટાઘાટો, માનવીય સ્વભાવ અને નિર્ણયશક્તિ વિશે વાંચો. નાણાકીય સમજણ તમને યોગ્ય નિર્ણયો લેવામાં મદદ કરશે, જ્યારે મનોવિજ્ઞાન લોકોને અને સંબંધોને સમજવામાં ઉપયોગી થશે. જોકે, સાહિત્યને નકામું ન ગણો. ઉત્તમ નવલકથાઓ

એવા લોકોની સંગતિ કરો જે તમને આગળ વધવા પ્રેરે, તમારી ભૂલો બતાવે અને વિકાસમાં મદદ કરે. સતત નકારાત્મકતા, ગોસિપ અને ખરાબ આદતોને પ્રોત્સાહન આપતા સંબંધોથી દૂર રહો.

કલ્પનાશક્તિ, સંવેદનશીલતા અને માનવીય સમજ વિકસાવે છે. સતત અને વ્યાપક વાંચન કરો.

૧૦. મોબાઇલ પર કામોત્તેજના પેદા કરે તેવું કોન્ટેન્ટ જોવાનું બંધ કરો, તે તમારી શિસ્ત અને આત્મનિયંત્રણને નબળાં પાડે છેઃ પોર્નોગ્રાફી આજે જેટલી આસાનીથી ઉપલબ્ધ છે એટલી ભૂતકાળમાં ક્યારેય નહોતી, પણ યાદ રાખોઃ પોર્ન જોવાની વધુ પડતી આદત તમારી એકાગ્રતા, સંબંધો અને વાસ્તવિક જીવનની નિકટતા પર અસર કરી શકે છે. તે તાત્કાલિક આનંદ મેળવવાની વૃત્તિ વધારે છે અને ખોટી અપેક્ષાઓ ઊભી કરે છે.

કંટાળો આવે, તણાવ હોય કે એકલતા લાગે ત્યારે તરત જ કૃત્રિમ આનંદ શોધવાને બદલે પોતાની ઇચ્છાઓ પર નિયંત્રણ રાખતાં શીખો. મનને અસ્વસ્થતા અને મુશ્કેલીઓ સહન કરવાની તાલીમ આપો.

- @SchoolOfGr8Men

ગુજરાત સમાચાર

વિધાતક પહાડી પ્રવાસન

આજકાલ દેશના વિવિધ હિલ સ્ટેશનો શિયાળાની હિમવર્ષાથી આકર્ષાતા પ્રવાસીઓથી છલકાતા હોય છે. શિમલા-મનાલી, ડેલહાઉસી-ધર્મશાલાથી લઈને ઉત્તરાખંડના મસૂરી સુધી આ પરિસ્થિતિ યથાવત છે. જ્યારે પ્રવાસન સ્થાનિક રોજગાર અને આવકમાં વધારો કરે છે, તે ક્યારેક અરાજકતા પણ પેદા કરે છે, ખાસ કરીને સ્થાનિક રહેવાસીઓની દિનચર્યામાં. કિલોમીટરો લાંબા ટ્રાફિક જામ, પાણીની તંગી, બેફામ બાંધકામ અને સતત વધતો કચરો હવે ફક્ત પ્રસંગોપાત સમસ્યાઓ નથી. હકીકતમાં, તે માળખાગત નવી આપદાઓ છે જેની સાથે રાજ્ય સરકારોએ કામ પાર પાડવાનું છે. વાસ્તવમાં, મૂળરૂપે બ્રિટિશરો દ્વારા સ્થાપિત હિલ સ્ટેશનો હવે અભૂતપૂર્વ પ્રવાસી દબાણનો સામનો કરી રહ્યા છે. ખરેખર, આ હિલ સ્ટેશનો પ્રવાસીઓ અને વાહનોના આટલા મોટા ધસારાને સંભાળવા માટે બનાવવામાં આવ્યા ન હતા.

સ્વતંત્રતા પછી, નીતિ નિર્માતાઓ દૂરંદેશી નિર્ણયો લેવામાં નિષ્ફળ ગયા જે વર્તમાન પડકારોનો સામનો કરી શકે. ખરેખર, વર્તમાન કટોકટી દૂરંદેશી આયોજનના અભાવને કારણે ઉદભવી છે. પ્રવાસન ઉદ્યોગ પહાડી રાજ્યોના અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો કે, માળખાગત સુવિધાઓ વધારવાના મુદ્દા પર ધ્યાન આપવામાં આવ્યું નથી. આ જ કારણ છે કે દાયકાઓ પહેલા બનાવેલા રસ્તાઓ ટ્રાફિકના ભારણ હેઠળ તૂટી રહ્યા છે. પહાડી પર્યટન સ્થળો પર પાર્કિંગ વ્યવસ્થા ખામીયુક્ત અને અપૂરતી છે. ખાનગી વાહનોના દબાણને ઓછું કરવા માટે જાહેર પરિવહન અપૂરતું છે, જેના કારણે પર્યટનની ટોચની મોસમ દરમિયાન તમામ સેવાઓ પર નોંધપાત્ર દબાણ આવે છે. જોકે, આ પરિસ્થિતિઓ પ્રવાસીઓ માટે ઓછી દુઃખદાયક નથી. દેશના દૂરના વિસ્તારોમાંથી પ્રવાસીઓ અહીં શાંતિ અને સુખ શોધે છે, પરંતુ અંધાધૂંધીથી નિરાશ થઈને પાછા ફરે છે. વિડંબના એ છે કે સ્થાનિક લોકો પણ પર્યાવરણીય અને સામાજિક ખર્ચ સહન કરવા મજબૂર છે, જેના માટે તેઓ અધિકારીઓને બદલે પ્રવાસીઓને દોષિત ઠેરવે છે.

આજે સૌથી મોટી ચિંતા અનિયંત્રિત પર્યટનના વિનાશક પર્યાવરણીય પરિણામો છે. હિમાલયની પર્વતમાળાઓ પ્રમાણમાં નવી અને સંવેદનશીલ છે. પહાડી પર્યટન સ્થળોના નાજુક ઢોળાવ પર બેફામ બાંધકામોએ જમીનના મોટા વિસ્તારોને અસ્થિર બનાવ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, ગ્લોબલ વોર્મિંગની અસરોને કારણે વરસાદની પેટર્નમાં ફેરફારથી પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનનું જોખમ ખૂબ જ વધી ગયું છે. હકીકતમાં, વિકાસના નામે અને લાકડાના માફિયાઓ દ્વારા વૃક્ષોના નિર્દયતાથી કાપવાથી પર્વતોની સ્થિરતા સાથે ચેડા થયા છે. પર્વતોમાં કુદરતી પાણીના સ્ત્રોતોનો પ્રવાહ પણ ખોરવાઈ ગયો છે. અવૈજ્ઞાનિક રીતે બાંધવામાં આવેલી ગટર વ્યવસ્થા પર્વતો માટે હાનિકારક સાબિત થઈ રહી છે. ઘણા રાજ્યોમાં, પાણીના અવૈજ્ઞાનિક નિકાલને કારણે જ ભૂસ્ખલન થયું છે. પરિણામે, એક સમયે સ્વચ્છતા માટે જાણીતા હિલ સ્ટેશનો હવે સંકટમાં છે.

પ્રશાંત તળેટી વિસ્તારો હવે ગીચ શહેરોમાં રૂપાંતરિત થઈ ગયા છે. શહેરીકરણ વરસાદની ઋતુ દરમિયાન આપત્તિ જેવી પરિસ્થિતિઓનું નિર્માણ કરી રહ્યું છે. વરસાદની મોસમમાં વારંવાર વાદળ ફાટવાથી વિનાશક પૂર આવે છે. ખરેખર, નીતિગત ફેરફારો માટે જરૂરી રાજકીય ઇચ્છાશક્તિનો પણ અભાવ છે. પ્રવાસનની સંભાવનાઓ શોધવાના અભ્યાસો ઉપલબ્ધ નથી, પરંતુ તેનો ભાગ્યે જ અમલ થાય છે. આ જ કારણ છે કે પહાડી પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓનો ટ્રાફિક આડેધડ રહે છે. નીતિ નિર્માતાઓ આ પ્રવાસન સ્થળોની ટકાઉપણું કરતાં ટૂંકા ગાળાના વ્યાપારી લાભને પ્રાથમિકતા આપે છે. ભારતના મોટાભાગના તમામ પ્રવાસન સ્થળોએ સ્થાનિક પ્રજાને રોકડિયો ધંધો કરવામાં રસ છે. તેઓ હવે પોતાની વ્હાલી વસુંધરાને બદલે માત્ર કમાણીને જ ચાહે છે.

વિશ્વભરના દેશોએ તેમના પર્વતીય પ્રવાસન સ્થળોને પ્રવાસીઓના ધસારોથી બચાવવા માટે જરૂરી પગલાં લીધા છે. તેઓએ પર્યટન પર પ્રતિબંધ મૂક્યો છે અને પ્રવાસનની આવકનો ઉપયોગ કરીને કુદરતી પર્યાવરણને થતા નુકસાનની ભરપાઈ કરવા માટે ગ્રીન ટેક્સ લાદ્યો છે. તેઓએ નિયમો કડક રીતે લાગુ કરીને અને પ્રવાસન ક્ષેત્ર આજીવિકા સાથે સમાધાન કર્યા વિના કાર્યરત રહે તેની ખાતરી કરીને પ્રવાસન સ્થળોનું વિકેન્દ્રીકરણ પણ કર્યું છે. સરકારો અને વહીવટીતંત્રે પ્રવાસી આકર્ષણ જાળવવા અને સ્થાનિક રહેવાસીઓ માટે અનુકૂળ વાતાવરણ બનાવવા માટે પગલાં લેવા જોઈએ. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો ચાલુ વરસને પ્રવાસન વરસ તરીકે મનાવે એના બદલે પહાડોની ઈકો સિસ્ટમની પુનઃ સ્થાપના માટે કામ કરવાની જરૂર છે.

સિંગાપોરમાં ભ્રષ્ટાચાર કેસમાં સંડોવાયેલા બીજા એક પ્રધાનનો

સામાજિક બહિષ્કાર અને બદનામીના ડરથી આપઘાત

સારાંશ

વિનોદ ડી. ભટ્ટ

ભાગ-૩

શનિવારની એ લંચ મીટિંગમાં મહામંત્રીની વારંવારની મક્કમ રજૂઆતના કારણે મેં તેમની હાજરીમાં જ ભ્રષ્ટાચાર વિરોધી બ્યૂરોના વડાને ફોન કરી કહ્યું, ''તમે યુનિયન પ્રમુખ ફેય યુ કોક વિરૂધ્ધ જે પુરાવા ભેગા કર્યા છે, તે અત્યંત ગુપ્ત રાહે દેવન નાયરને બતાવજો. તેઓ અહીં મારી સાથે બેઠા છે અને થોડીવારમાં જ તમારી ઓફિસમાં પહોંચશે. દેવન નાયર બ્યૂરોના વડાને મળ્યા અને પ્રમુખે આચરેલા ભ્રષ્ટાચારના જે પુરાવા તેમણે વાંચ્યા-જોયા પછી તેમણે મારો સંપર્ક જ ના કર્યો. એનો અર્થ એ થયો કે અમારા પક્ષના સાંસદ અને યુનિયનના પ્રમુખ વિરૂધ્ધના ભ્રષ્ટાચારના સચોટ પુરાવા જોઈ તેમને નિશંકપણે ખાતરી થઈ ગઈ હોવી જોઈએ કે સંસદસભ્ય ભ્રષ્ટાચારી જ છે.

યુનિયન પ્રમુખ ફેય યુ કોક જામીન પર છૂટ્યા પછી ભૂગર્ભમાં જતા રહ્યા. જામીનની મુદત વીતી ગયા છતાં તેઓ પોલીસ સમક્ષ હાજર નહીં થતા તેમના બે જામીનદારોએ જામીનગીરી માટે ભરેલા ૫૦,૦૦૦ ડોલર કોર્ટે જપ્ત કરી લીધા.

શાસક પક્ષ PAP નો આ ભ્રષ્ટ સંસદસભ્ય છેલ્લે થાઈલેન્ડમાં હોવાની માહિતી બહાર આવી હતી. સિંગાપોરથી એ ભાગીને થાઈલેન્ડ ગયો હોવાથી એ સાંસદે સતત

સિંગાપોરમાં શાસક પક્ષના એક ભ્રષ્ટ સાંસદ ગભરાઈને થાઈલેન્ડ ભાગી ગયા

થાઈલેન્ડના ઈમિગ્રેશન અને પોલીસ તંત્રથી ગભરાઈને છૂપા રહેવું પડતું હતું. ક્યારેક ઈમિગ્રેશન તેમજ પોલીસ અફસરોને લાંચ પણ આપવી પડતી હતી. ટૂંકમાં લાંચિયા સાંસદને વિદેશમાં અત્યંત દયનીય અને કંગાળ હાલતમાં જીવવું પડતું હતું.


સિંગાપોરમાં ભ્રષ્ટાચારના આ બે હાઈપ્રોફાઈલ કેસોને ટપી જાય તેવો ત્રીજો એક કિસ્સો પણ જાણવા જેવો છે.

રાષ્ટ્રીય વિકાસ (નેશનલ ડેવલપમેન્ટ) ખાતાના ભ્રષ્ટ પ્રધાન તેહ ચિઆંગ વાનના અધ:પતનનો કિસ્સો વર્ષ ૧૯૮૬ના નવેમ્બર મહિનાનો છે.

ભ્રષ્ટાચાર વિરોધી બ્યૂરોના સિનિયર અફસરોની આકરી પૂછપરછ દરમિયાન એ ભ્રષ્ટાચારી પ્રધાનના જ એક સમયના ગાઢ સાથીદારે અતિ ચોંકાવનારી કબૂલાત કરી દીધી કે રાષ્ટ્રીય વિકાસ ખાતાના પ્રધાન તેહ વાનને મેં બે વખત ચાર-ચાર લાખ ડોલર મળીને કુલ ૮ લાખ ડોલર રોકડમાં આપ્યા હતા.

એક કેસમાં સરકારે સંપાદન કરવા માટે અનામત રાખેલી જમીન ખાનગી કંપનીને આપી દેવા માટે મેં ૪૦૦,૦૦૦ ડોલર આપ્યા હતા. આ ચાર લાખ ડોલર મેં ૧૯૮૧માં આપ્યા હતા અને તે પછીના વર્ષે ૧૯૮૨માં બીજા એક કેસમાં બિલ્ડરને તેના ખાનગી પ્રોજેક્ટ માટે સરકારી જમીન સસ્તા ભાવે આપી દેવા માટે પણ ૪૦૦,૦૦૦ ડોલર મેં પ્રધાનને રોકડમાં લાંચ આપી હતી.

જો કે નેશનલ ડેવલપમેન્ટ ખાતાના લાંચિયા પ્રધાન તેહ ચિઆંગ વાન ભ્રષ્ટાચારના આ કેસમાંથી છટકવા માટે ઘણાં હવાતિયા માર્યા. પહેલાં તો પોતે લાંચ લીધી હોવાનો સદંતર ઈન્કાર કરી દીધો. ''મારી સામેના આ આક્ષેપો ખોટા છે,'' એવી તેણે સતત ટેપ વગાડ્યા કરી.



એ પછી પ્રધાને બીજી તરકીબ અજમાવી. ભ્રષ્ટાચાર વિરોધી બ્યૂરોના સિનિયર આસિસ્ટન્ટ ડિરેક્ટર કે જેઓ પ્રધાન સામેના ભ્રષ્ટાચાર કેસની તલસ્પર્શી ઊંડી તપાસ કરી રહ્યા હતા, તેઓ આ કેસની નિષ્ઠાપૂર્વકની તપાસ કરવાના બદલે કેસ રફેદફે કરી નાંખે તે માટે એ અફસરને ફોડવાની કોશિશ કરી.

કેબિનેટ સચિવે આ તમામ વિગતોની નોંધ છેક ઉપર સુધી મોકલાવી; એટલે પ્રધાને કેબિનેટ સચિવને મળવાનો સમય માંગ્યો. પરંતુ કેબિનેટ સચિવે તેમને સ્પષ્ટરીતે કહી દીધું કે તમારી સામેની તપાસ પુરી નહીં થાય ત્યાં સુધી હું તમને મળવા નહીં આવું.

ભ્રષ્ટાચારના મામલે પોતાની સરકારના જ પ્રધાન કે સંસદસભ્યને પણ નહીં છોડનાર તત્કાલીન વડાપ્રધાન લિકવાન યુએ, "From Third World To First'' ટાઈટલવાળા તેમના સંસ્મરણ પુસ્તકમાં લખ્યું છે કે અઠવાડિયા પછી તા.૧૫ ડિસેમ્બર ૧૯૮૬ના દિવસે મારા સિક્યુરિટિ અફસરે મને જાણ કરી કે પ્રધાન તેહનું મૃત્યુ થયું છે, અને તમારા માટે એક પત્ર લખી ગયા છે.

આ પત્ર પણ લિકવાને તેમના સંસ્મરણ પુસ્તકમાં સામેલ કર્યો છે; જે નીચે મુજબ છે-

વડાપ્રધાન,

છેલ્લા બે અઠવાડિયાથી હું અત્યંત દુઃખી અને ડિપ્રેશનમાં છું. આ કમનશીબ ઘટના માટે હું મારી જાતને જવાબદાર ગણું છું, અને મને લાગે છે કે આ ઘટનાની પુરે પુરી જવાબદારી માટે સ્વીકારી લેવી જોઈએ. મારી આ ભૂલ બદલ મારે સૌથી વધુમાં વધુ શિક્ષા ભોગવવી જોઈએ.

તમારો વિશ્વાસુ

તેહ ચિઆંગ વાન

ખરખરો કરવા હું એ પ્રધાનના ઘેર ગયો. પ્રધાનની પત્નીએ આંખમાં આંસુ સાથે મને કહ્યું, આખી જિન્દગી તેમણે સરકારમાં કામ કર્યું અને પોતાનું માન-સન્માન છેવટ સુધી જળવાઈ રહે તેવી એમની મહેચ્છા હતી.

પ્રધાન પત્નીએ મને વિનંતીના સ્વરમાં કહ્યું, એમના મૃત્યુના કારણની ન્યાયિક તપાસ (Coroner's Inquirty) ના કરવામાં આવે તો સારૂ.

પણ આ ત્યારે જ શક્ય બને કે જ્યારે એમના ડૉક્ટર એવું સર્ટિફિકેટ આપે કે પ્રધાનનું મૃત્યુ કુદરતી રીતે (અર્થાત કે હાર્ટ એટેક અથવા તો ગંભીર પ્રકારના કોઈ ઈન્ફેકશનથી) થયું છે.

પણ એમ નહીં થતા, છેવટે એ પ્રધાનની Coroner's Inquiry નો આદેશ અપાયો, અને એ તપાસના રિપોર્ટમાં બહાર આવ્યું કે પ્રધાને વધુ પ્રમાણમાં ઝેરી કેમિકલ સોડિયમ એમીટલ (Sodium Amytal) ખાઈને આત્મહત્યા કરી હતી.

આ સમગ્ર મામલે વિપક્ષોએ સિંગાપોરની સંસદમાં હંગામો મચાવી તપાસ પંચની ઉગ્ર માંગણી કરી હતી. વડાપ્રધાન લિકવાન લખે છે કે, મેં વિપક્ષની આ માંગણી તત્કાળ સ્વીકારી લીધી, જો કે તેનાથી સ્વ.ભ્રષ્ટ પ્રધાનની જે વિપરીત પબ્લિસિટિ થઈ તેથી તેમના પત્ની અને દીકરીને ખૂબ દુઃખ પહોંચ્યું. તેઓ બન્ને આ ઘટનાથી એટલી હદે વિચલિત અને વ્યથિત થયા કે માદીકરી સિંગાપોર છોડીને કાયમ માટે ક્યાંક જતા રહ્યા.

જાહેર જીવનમાં ભ્રષ્ટાચાર આખા સમાજ સામે જોખમરૂપ અને હાનિકારક છે, એવો મત સિંગાપોરમાં ઊભો કરી દેવાયો હોવાથી એ ભ્રષ્ટ પ્રધાન તેહ ચિંઆંગ વાન, સામાજિક બદનામી અને સામાજિક બહિષ્કારનો સામનો કરવાની હિંમત ગુમાવી બેઠા

જાહેર જીવનમાં ભ્રષ્ટાચાર આખા સમાજ માટે જોખમરૂપ છે : લિ કવાન યુ

અને તેના બદલે તેમણે મોત વ્હાલું કરી દીધું.

વડાપ્રધાન લિકવાને આ ઘટના વિશે વધુમાં લખ્યું છે, ''તેહ પોતે એક અગ્રણી અને સર્જનશીલ આર્કિટેકટ હતા અને તેઓ આર્કિટેકટ તરીકેની પ્રામાણિકપણે પ્રેકિટસ થકી આનાથી કેટલાય ઘણાં વધારે ડોલર કમાઈ શક્યા હોત; આવી સારી સ્થિતિ હોવા છતાં રાષ્ટ્રીય વિકાસ ખાતાના પ્રધાન તેહે આઠ લાખ ડોલરની લાંચ શા માટે લીધી હશે? (ક્રમશઃ)

જૌહર યુનિવર્સિટીની ૧૧૭૦ કરોડ રૂપિયાની સંપત્તિ સીલ

આઝમખાને પચાવી પાડેલી જમીનો જપ્તઃ નવી ૨૬ એફઆઇઆર કરાઇ

ઇનસાઇડ સ્ટોરી

ઉત્તરપ્રદેશમાં એક તરફ ચૂંટણીના નગારાં વાગી રહ્યા છે ત્યારે સમાજવાદી પક્ષના એક સમયના સર્વે સર્વા એવા આઝમખાનની મુસિબતોમાં વધારો થઈ રહ્યો છે.

એનફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટે આઝમખાનની મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટીની ૧૧૭૦ કરોડ રૂપિયાની કિંમતની સંપત્તિ સીલ કરી છે. તેમાં યુનિવર્સિટીનું મકાન અને જમીન વગેરેનો સમાવેશ થાય છે. આઝમખાન સામે ડઝનથી વધુ કેસો ચાલે છે.

જૌહર યુનિવર્સિટીની સંપત્તિ પર સીલ મારવાની સાથે સાથે આઝમખાન પર મની લોન્ડરીંગનો અને સરકારી ફંડ ડાયવર્ટ કરવાનો કેસ પણ નોંધાયો છે. રામપુર ખાતેની જૌહર યુનિવર્સિટીની જમીન મૌલાના મોહમ્દ અલી જૌહર ટ્રસ્ટના નામે હતી. તેનું સંચાલન આઝમખાન પાસે હતું. યુનિવર્સિટીના ઓનરરી ચાન્સેલર તરીકે પણ આઝમખાન હતા.

સમાજવાદી પક્ષના શાસન વખતે આઝમખાન જે જમીન પર આંગળી મુકતા હતા તે તેમના નામે થઈ જતી હતી. ઉત્તર પ્રદેશમાં ભાજપની યોગી સરકાર આવ્યા પછી આઝમખાનની પનોતી બેઠી હોય એમ લાગે છે. તેમણે પચાવી પાડેલી સરકારી જમીનો એક પછી એક પાછી લેવાઈ રહી છે.

કેટલાક ગામોમાં આઝમખાનનો ડર જોવા મળતો હતો તેને નિર્મૂલ કરવામાં યોગી સરકારને સફળતા મળી છે. જે પોલીસ તંત્રને આઝમખાન તતડાવતા હતા તે તંત્ર આજે આઝમખાન સામેના જુના કેસોની ફાઈલ ફંફોસી રહ્યું છે.

સમાજવાદી પક્ષના એક નેતાએ પંદરેક દિવસ પહેલાં કહ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર આવશે તો અમે આઝમખાનને ગૃહ પ્રધાન બનાવીશું જોકે આ વાત સાથે સમાજવાદી પક્ષને કોઈ લેવાદેવા નથી એમ કહીને અખિલેશ યાદવે આખી વાત ઉડાવી દીધી હતી.

આઝમ ખાન ફરી સત્તા પર આવશે તે વાત એટલા માટે ઉડાવવામાં આવી હતી કે લઘુમતી કોમના વોટ સમાજવાદી પક્ષને મળી શકે. જોકે યોગી સરકારે આઝમખાન સામેના કેસ ઉખેળવાની સિસ્ટમ હિંમતથી ચાલુ રાખી છે.

આઝમખાને પ્રજાના કામો માટે વાપરવાનો પૈસો જૌહર યુનિવર્સિટીના બાંધકામ માટે વાપર્યો હતો. અખિલેશ યાદવના નેતૃત્વ હેઠળની ઉત્તર પ્રદેશની સરકારમાં આઝમખાન કેબિનેટ પ્રધાન હતા. તેમની પાસે શહેરી વિકાસનું મંત્રાલય હતું.

પોતાની યુનિવર્સિટી માટે પીડબલ્યુડી(PWD) માટેના ટેન્ડરમાં મંગાવાતો માલ સામાનનો ઉપયોગ જૌહર યુનિવર્સિટીના ઉપયોગમાં લેવાતો હતો. ત્યારે આઝમખાનને કોઈ રોકનાર નહોતું. તે સુપર ચિફમિનીસ્ટરની જેમ વર્તતા હતા. એક સમયના આ સુપર સીએમ સામે ઈડીએ રામપુરના અઝીમ નદર પોલીસ સ્ટેશનમાં ૨૬ એફઆઈઆર નોંધી છે.

આઝમખાન સામેની ફરિયાદોમાં કિસાનોની જમીન જૌહર યુનિવર્સિટી માટે બળજબરીથી પડાવી લેવાનો સમાવેશ થાય છે. સિંગનખારે ગામની ૩૪ એકર જમીન આઝમખાને બળજબરી કરીને પચાવી પાડી હતી. હાલમાં આઝમખાન વિવિધ ગુના હેઠળ જેલમાં છે. તેની સામેના નવા કેસોમાં ઉમેરો થતો રહે છે.

સિંગનખારે ગામની ૩૪ એકર જમીન આઝમખાને બળજબરી કરીને પચાવી પાડી હતી

ફક્ત રોકડ અનામત જાળવવાની નવી જરૂરિયાત

આર્થિક વૃદ્ધિ સારી હોય તો પછી રૂપિયો સતત તૂટી કેમ રહ્યો છે ?

રૂપિયા વિશે ઘણા પ્રશ્નો ઉદભવે છે જેનો ક્યારેય સીધો જવાબ મળતો નથી. પહેલો પ્રશ્ન છે, જો આર્થિક વૃદ્ધિ આટલી સારી છે અને મેક્રોઇકોનોમિક ફંડામેન્ટલ્સ મજબૂત છે, તો રૂપિયો સતત કેમ ઘટી રહ્યો છે? આ પ્રશ્ન ઘણીવાર વિદેશી રોકાણકારો દ્વારા પૂછવામાં આવે છે જ્યારે તેમને ભારતના ઉત્તમ આર્થિક પ્રદર્શનની વાર્તા કહેવામાં આવે છે. ગયા વર્ષે મે મહિનાથી ડોલર સામે રૂપિયામાં ૧૧ ટકાનો ઘટાડો કેવી રીતે થયો, અને તે ઉભરતી અર્થવ્યવસ્થાઓમાંથી મોટાભાગની અન્ય ચલણો કરતાં પણ ખરાબ કેમ પ્રદર્શન કરી રહ્યો છે? કેટલાક વાજબી જવાબો હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, વિદેશી રોકાણકારો પોતે આ માટે આંશિક રીતે જવાબદાર છે, કારણ કે તેઓ ભારતીય બજારમાંથી રેકોર્ડ સ્તરે નાણાં ઉપાડી રહ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ભારતીય ઇક્વિટીમાંથી ૩ લાખ કરોડથી વધુ રકમ ઉપાડી લીધી છે. આ રકમ આખા વર્ષ ૨૦૨૫ માટે ઉપાડવામાં આવેલી રકમ કરતાં ૧.૮ ગણી વધુ છે. ઉપાડની આ ગતિ ઝડપી થતી દેખાય છે. સપ્ટેમ્બરમાં, ચોખ્ખો ઉપાડ છેલ્લા છ મહિનામાં સૌથી વધુ ઊંચા સ્તરે પહોંચી ગયો હતો, લગભગ રૂા. ૩૫,૦૦૦ કરોડ સુધી પહોંચ્યો હતો.

બીજો એક પ્રશ્ન છે જેનો જવાબ આપવો વધુ મુશ્કેલ છે, આપણે રૂપિયાને તેના માર્ગે કેમ ચાલવા નથી દેતા, આપણે તેને કેમ નબળો પડવા નથી દેતા? ફરી એકવાર, ભારતીય રિઝર્વ બેંક ચલણની સટ્ટાબાજીને કાબુમાં લેવાની અને રૂપિયાનું રક્ષણ કરવાની જરૂરિયાત અનુભવે છે. આ પગલું ભાગ્યે જ તાર્કિક લાગે છે, ખાસ કરીને જ્યારે કોઈ કેન્દ્રીય બેંક તેના ચલણનું રક્ષણ કરવામાં આગેવાની લે છે, ત્યારે તે સાચા સટ્ટાબાજોને પણ આકર્ષે છે.



કોઈપણ વ્યવસ્થા સૂચવવી જે ગર્ભિત રીતે નિશ્ચિત સ્તરે વિનિમય દર જાળવવાની ખાતરી આપે છે તે ખરાબ વિચાર છે. સટ્ટાબાજો આને મર્યાદિત જોખમ અને વિશાળ સંભવિત લાભ સાથેના જુગાર તરીકે જુગાર તરીકે જુએ છે. આવી ધારણા બનતી અટકાવવા માટે કેન્દ્રીય બેંકોએ શક્ય તેટલું બધું કરવું જોઈએ. રિઝર્વ બેંક આ નિયમ ભૂલી ગયું હોય તેવું લાગે છે. વ્યાપક ચર્ચા

પ્રસંગપટ

છે, અને ઘણા લોકો માને છે કે તેણે રૂપિયા-ડોલર વિનિમય દર માટે પ્રતિ ડોલર ૯૭ ની મર્યાદા નક્કી કરી છે.

એક અહેવાલ મુજબ, જાણકારોનો અંદાજ છે કે સેન્ટ્રલ બેંકે સ્પોટ માર્કેટ ડોલર વેચાણ અને સ્વેપ દ્વારા રૂપિયાને સુરક્ષિત રાખવા માટે છેલ્લા ચાર મહિનામાં ૭૫ થી ૮૦ બિલિયન ડોલર ખર્ચ કરી દીધા છે. રિઝર્વ બેંકના ખજાનામાં હાલમાં ડોલરની કમી નથી, ખાસ કરીને કારણ કે બિન-નિવાસી ભારતીયો માટે ફોરેન કરન્સી ડિપોઝિટ સ્કીમ દ્વારા ૧૩૩ બિલિયન ડોલરનો પ્રવાહ સપ્ટેમ્બરમાં તેના ફોરેન કરન્સી રિઝર્વને રેકોર્ડ ઊંચા સ્તરે પહોંચાડ્યો હતો. આ હોવા છતાં, ૭૫ બિલિયન ડોલર એક નોંધપાત્ર રકમ છે. કદાચ સેન્ટ્રલ બેંક ખરેખર માને છે કે આ પરિસ્થિતિઓ કામચલાઉ છે અને રૂપિયાનું મૂલ્ય ઓછું છે.

વ્યક્તિગત રોકાણકારોને ઘણીવાર યાદ અપાવવાની જરૂર છે કે બજારો તેમની નાણાકીય ક્ષમતા કરતાં વધુ સમય માટે અતાર્કિક રહી શકે છે. આ કેન્દ્રીય બેંકોને લાગુ પડતું નથી. પરંતુ તેઓ પણ અનુભવી શકે છે કે તેમના તમામ સંસાધનો સમર્પિત કર્યા પછી પણ બજારો ખોટી દિશામાં રહી શકે છે.

અત્યાર સુધી લેવામાં આવેલા પગલાં અંગે, બિન-નિવાસી ભારતીયો માટે બેંક ડિપોઝિટ યોજના રૂપિયા પર દબાણ ઓછું કરવાનો પ્રયાસ હતો. આનાથી માર્ચના અંતમાં અને એપ્રિલની શરૂઆતમાં રિઝર્વ બેંકને થયેલા કેટલાક નુકસાનની ભરપાઈ થઈ, જ્યારે તેણે ડોલર વેચીને અને વિદેશી બજારોમાં ડેરિવેટિવ્ઝનો ઉપયોગ કરીને હસ્તક્ષેપ કર્યો હતો.

ત્યારબાદ, રિઝર્વ બેંક એ સ્થાનિક બજારમાં ફોરવર્ડ ટ્રેડિંગમાં રોકાયેલી બેંકો પર પ્રતિબંધો લાદ્યા, તેમની નેટ ઓપન પોઝિશન પર મર્યાદા નક્કી કરી, અને બાદમાં નોન-ડિલિવરેબલ ફોરવર્ડ (NDF) કોન્ટ્રાક્ટ કડક કર્યા. ઓક્ટોબર સુધીમાં, તેણે વ્યાજ દરોમાં પણ વધારો કર્યો અને પ્રવાહિતાને પ્રતિબંધિત કરવાનું શરૂ કર્યું. સ્થાનિક બજારમાં ત્રણ મહિનાના ડોલર-રૂપિયા ફોરવર્ડ કોન્ટ્રાક્ટ પર ઉપજ ૬.૫૪% સુધી પહોંચી ગઈ. આ દર સૂચવે છે કે ડોલરનું મૂલ્ય હવેથી ત્રણ મહિના પછી વધશે.

RBI રૂપિયાને નિયંત્રિત કરવા માટે કડક પગલાં લઈ રહી છે, પરંતુ હેજિંગના ખર્ચથી આયાતકારો, નિકાસકારો અને નાના વ્યવસાયોની મુશ્કેલીઓમાં વધારો થવાનો ભય

વિકાસની સાચી વ્યાખ્યા શું ?

આજકાલ, હૈસો હૈસોમાં વિકાસને ભૌતિક સગવડતાના મુલ્યોના આધારે મુલવવામાં આવે છે. જેમાં દંભીપણા અને છીછરાપણાની હાજરી વર્તાય છે, સુંદર રસ્તો બનાવ્યો એ ભૌતિક વિકાસ કહી શકાય. પરંતુ કહેવાતા આ વિકાસની સાથોસાથ લોકોની માનસિક શાંતિમાં ઉત્તરોત્તર વધારો થાય છે ? લોકોને જીવન જીવવા માટે કરવા પડતા સંઘર્ષમાં ઉત્તરોત્તર ઘટાડો થાય છે ? જો હાં, તો વિકાસ ચોક્કસ થયો કહેવાય. પરંતુ વાસ્તવમાં હકીકત તદન વિપરીત છે.

સમાજના સમૃદ્ધથી લઈને ગરીબ વર્ગના લોકોને પોતાના કાર્યક્ષેત્રમાં ટકી રહેવા માટે શારીરિકની સાથે અતિ પ્રમાણમાં હતાશાભર્યો માનસિક સંઘર્ષ કરવો પડતો હોય છે. એમાંયે આજકાલ દુષણો જેવા કે, અરસપરસ સાચા

લોકવિચાર

વિશ્વાસનોઅભાવ, ખટપટ, દગાબાજી, રૂપિયાની બોલબાલા, કરપ્શન, માહિતીની ખોટી આપલે, જુઠ્ઠાપણું, ગુંડાગર્દી, સામેવાળાને ગમે ત્યાં ફસાવી દેવાની વૃત્તિ, પોલીસ-કોર્ટના ચક્કરમાં ફસાઈ જવાની શક્યતા. જેવા કારણોને લઈને દેશના નાગરીકો માટે કોઈપણ કામની પ્રક્રિયા અને તેની સફળતા માટે રક્ષણાત્મક પોઝીશન બનાવી રાખવી માનસિકઅનેશારીરિકરીતેઅતિશ્રમભર્યું કાર્ય છે. અને આ સફળતા જવલ્લેજ નિર્વિઘ્ને મળતી હોય છે.

કહેવાતા વિકાસના નામે સરકારી કચેરીઓની ભૌતિક સગવડતા ભલે કોર્પોરેટ જગત જેવી થઈ હશે, પરંતુ તેમાં બેસતાં કર્મચારીઓની નિષ્ઠા-પ્રમાણિકતાની સુધારણા સાથે લોકોના કામ કરી આપવાની તત્પરતાનો વિકાસ થયો છે? વિકાસને હેપીનેસ ઈન્ડેક્સના આધારે ન મૂલવી શકાય ? એક એવી સિસ્ટમનું નિર્માણ થાય જેમાં સામાન્ય જનસમુદાય માટે સરકારશ્રી સાથેના કે સમાજ સાથેના કોઈપણ કાર્યો માટેનો સંપર્ક આંટીઘૂંટી કે અટપટાપણા વગરનો સરળ અને ટેન્શનલેસ બને ! અને સાચા કાર્યોનો નિકાલ સમયસર અને હકારાત્મક આવે?

- યશવંત પાઠક

વાંઢો તે પહેલો, પરણેલો તે છેલ્લો

'ગુડ મોર્નિંગ... ગુડ મોર્નિંગ...તમારી નવી ઓફિસ જોવા આવ્યો છું. પહેલી વાર આવ્યોને તો લ્યો આ રાજકોટના પેડાથી મોઢું મીઠું કરો.'

'લાભુ, વેલકમ... વેલકમ... પણ મારી હાલત ખરેખર વેલ-કમ છે અનવેલકમ વધુ છે.'

'અરે સાહેબ, શું થયું? આવડી મોટી કંપનીના માલિક થઈને હાથે કેમ કામ કરો છો?'

'લાભુ, શું કરું? અમારી ઓફિસમાં અમુક એવાં રાજા-બહાદુર નહીં, પણ રજા બહાદુરો છે જે વારંવાર રજા પર ઉતરી જાય છે. કોઈવાર કહેશે કે ફેમિલી સાથે બહારગામ જવાનું છે, કાઈવાર કહેશે કે પત્નીની ડિલિવરી માટે પેટર્નલ લીવ જોઈશે, કોઈ વાર કહેશે કે લોંગ વીક-એન્ડમાં હિલ-સ્ટેશન પર જવાનું છે.'

'અરે રામ, ઈ બધાને રજા અને માલિક થઈ તમને સજા? આ બધા 'રજા-મુરાદ' ભલે હકની રજા લે, પણ ઓફિસનું કામ ન ખોરવાય એનો પણ વિચાર કરવો જોઈએને?'

'લાભુ, આ દુનિયાનો નિયમ છે કે જે સહુનું વિચારે એ થઈ જાય બિચારે...'

'તો આમ હેરાન થવું ન પડે માટે કોઈ ઉપાય કેમ અજમાવતા નથી?'

'લાભુ, મેં નવી ઓફિસ ખોલી છેને? એમાં સ્ટાફની ભરતી માટે એક અનોખી શરત રાખી છે. અરજી કરનાર ઉમેદવારમાં બેચલર ઓફ આર્ટસ, બેચલર ઓફ સાયન્સ ભલે હોય, પણ ઉમેદવાર પોતે બેચલર ઓફ હાર્ટ એટલે કે વાંઢો હોવો જોઈએ.'

'સાહેબ, વહેલો તે પહેલો એ કહેવત બદલીને કોઈન કરવી પડે કે વાંઢો તે પહેલો ને પરણેલો તે છેલ્લો...'

'વાહ, લાભુ તે તો કર્મચારીની ભરતી માટે હું જે છાપામાં મોટુકડી જાહેરખબર આપવાનો છું એની

જયપુર આમેર કિલ્લો- જય હો !!

રસવલ્લરી

સુધા ભટ્ટ

પ્રત્યેક પ્રાચીન સ્થાપત્ય એક ઉત્કૃષ્ટ જ્ઞાન ગ્રંથ છે

વિશ્વના દરેક દેશની સંસ્કૃતિએ મહેલ, કિલ્લા, જળસંચય, યુધ્ધની વ્યૂહરચના, રસ્તા, નગરોનાં નગરોની વાસ્તુકળા- એમાં પાણી - ગટરની ભૂગર્ભ સંરચના, સ્નાનાદિનાં સ્થાપત્યો, મંદિરો (ધર્મસ્થાનો), શિલ્પો, મનોરંજન માટેનાં મંડપો- મંચ, બાગ-બગીચાની બાંધણી, ઝૂલતા પુલ, અન્ય સેતુ, ઓટલા- ચબૂતરા, આકાશે આંબતા ઊંચા ટાવર્સ, લશ્કરી સ્થાપત્યો અને થાણાં - સઘળાંની પરિકલ્પના અને સર્જનો કર્યા છે - આદિ કાળથી. વળી, એરપોર્ટ, રેલ્વે સ્ટેશનો અને બસ ડેપો ઉપરાંત જળજહાજોનાં મોટા દૈત વાહનો પણ વર્ષોથી જે-તે દેશને સમર્પિત કર્યા છે. હવે પ્રશ્ન એ છે કે આવી સ્થાપત્ય કળા આવી ક્યાંથી ? કેવી રીતે એનો આરંભ થયો અને કોણ હતું એના પાયામાં ? એના સ્થપતિઓ અને કલાકારોએ તાલીમ લીધી હતી ? એ સમયમાં તો ક્યાં તાલીમી સંસ્થાઓ - શાળા / કોલેજ હતાં-તે જરૂરિયાત મુજબ એમની કળાનો ઉપયોગ કરી શકાય !? સ્વયમ્ સ્ફૂર્ત અને સ્વયમ્ શિક્ષિત ગુરુઓ - ઋષિમુનિઓ પાસે પ્રાચીન કળા - તેનું વિજ્ઞાન અને તેનું વાસ્તુશાસ્ત્ર લભ્ય હતા. જે-તે સમયના કલાકર્મીઓ ઉપરાંત તેના આયોજકોને પારંપારિક કલા પેઢીમાં ઉતરી આવેલી - એ નિરક્ષર કલાકર્મીઓના પ્રતાપે આ ક્ષેત્રે ચોક્કસ પ્રકારનું શિક્ષણ અને અધ્યાપન - બન્ને શરૂ થયાં. એ પૂર્વે ક્યાં કોઈ વિશિષ્ટ સંસ્થા હતી જ ? કારીગરોની કલાદ્રષ્ટિ, તેમના વૈજ્ઞાનિક અભિગમ, તેમની બુધ્ધિશક્તિ અને વિચારશીલતાનો પરિપાક હતો આ કલામાં. ઊંડું ચિંતન અને ગહન દીર્ઘશક્તિએ અને દ્રષ્ટિએ આ દૈવી કળાનો જન્મ થયો હશે એ વાતમાં કોઈ અતિશયોક્તિ નથી. હા, રાજા- મહારાજાઓ અને બાદશાહોમાં વૈજ્ઞાનિક અભિગમને કારણે કલામંજિત સ્થાપત્યો અવતર્યા એ વાત નિઃશંક છે.

ભારતની ભવ્ય વિરાસત - રજપૂતાનાના ગૌરવનું પ્રતીક

રાજસ્થાનના અનેક પ્રાચીન કિલ્લાઓ પૈકી રાજ્યની રાજધાની જયપુરના આમેર કિલ્લોનું અદકેરું મહત્ત્વ છે. આ ગઢ ભારતીય સ્થાપત્ય - વાસ્તુકળાનો એક અજોડ અને ભવ્ય નમૂનો છે. વાસ્તુશિલ્પનો અદ્ભુત સંગમ છે. આ સ્થાપત્યકીય દ્રષ્ટિકોણનો એક અગત્યનો ખૂણો છે. રાજપૂત અને મુઘલ - ઈન્ડોસાર્સેનિક કળાનો અનૂઠો સમન્વય. ગુલાબી નગરી જયપુરથી માત્ર અગિયાર કિ.મી.ના અંતરે ચાર કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલો છે આ ગરવો ગઢ આમેર. ઈ.સ. ૧૫૯૨માં રાજા માનસિંહ પ્રથમ દ્વારા નિર્માણાધીન કિલ્લાને વિસ્તૃત કર્યો રાજા જયસિંહે અને સવાઈ જયસિંહ દ્વિતીયે. અરવલ્લી પર્વતમાળાની 'ચિલ કા ટીલા' અર્થાત્ 'ગરૂડ ટેકરી' પર સ્થિત આ અતિ સૌંદર્યવાન સ્થાપત્યને યુનેસ્કોએ 'હેરિટેજ'નું સન્માન આપ્યું. મૂળે તો રાજા-મહારાજાઓની મનઃ સ્થિતિ મુજબ તેઓ પોતાના રાજવંશનું માન વધારવા અને રૈયતને રાજી રાખવાના અસીમ પ્રયત્નો કરતા - પરંતુ સતત દુશ્મનોનાં આક્રમણ અને યુધ્ધના ભણકારા એમને શાંતિની નીંદર ન લેવા દેતા, તેથી, પોતાનાં રહેઠાણ - મહેલો અને પરિવારની સુરક્ષા કાજે કાઠા કિલ્લાઓની રચના કરાવતા. જાણે કે એની સ્પર્ધા થતી અને જીવ પર આવી જઈને એને યેનકેન પ્રકારેણ સાચવવામાં મચી પડતા. આમેર કિલ્લો એના સ્થાપત્ય માટે વિશ્વભરમાં એટલા માટે વિખ્યાત છે કે પહેલે પગથિયે પગ મૂકીને એના લાંબા પહોળા ઢોળાવને પાર કરીને ઊંચી ટેકરીએ આવેલ કિલ્લાની મજબૂત દીવાલો અને નજાકાતયુક્ત



મહેલોનાં દર્શન કરવાનો લ્હાવો પ્રત્યેક દર્શકની મનીષા હોય જ. આ કલાત્મક કિલ્લો ફકત એક સૈન્ય ગઢ - છાવણી જ નથી, પણ રાજપૂત અને મુઘલ શૈલીના સુમેળભર્યા સમન્વયનું જીવંત ઉદાહરણ છે. તે સમયના વાસ્તુકારો અને શાસકોની કલાત્મક દ્રષ્ટિનું પરિણામ છે.

આમેર "વજાદપિ કઠોરાણિ... મૃદુનિ કુસુમાદપિ" છે

મુઘલો સાથેના સંબંધોથી રાજપૂત સ્થાપત્યમાં બહુ મૂલ્ય પરિવર્તન આવ્યું તેનું પ્રત્યક્ષ પ્રમાણ આ કિલ્લો છે. તેની મજબૂત બાહ્ય દીવાલો, ભવ્ય પ્રવેશ દ્વારો, કલી સુંદર નાજુક નમણી કોતરણી- નકશી અને વૈજ્ઞાનિક પધ્ધતિથી બનેલી વૉટર કૂલિંગ સિસ્ટમ આ સંરચનાને વિશ્વના સૌથી અદ્ભુત સ્થાપત્યોની યાદીમાં મોખરાના સ્થાને મૂકી આપે છે. ઉત્સુકો અને સંશોધકો માટે આ કલાઉપાસનાનું અપ્રતીમ કેન્દ્ર છે. 'અંબિકેશ્વર' શિવમંદિરના નામ ઉપરથી કિલ્લાનું નામ 'અંબેર' કે 'આમેર' પડ્યું. એક સમયે જયપુર પણ અંબેર કહેવાતું. તેનું અન્ય નામ 'ઘુંઘર' પણ હતું. આદિવાસી સમાજના 'મીણા' પ્રમુખો, 'બડગુજર' રાજપૂત રાજાઓ, 'કછવાહા' ઈત્યાદિ સમાજોએ આ સ્થળ પર શાસન કર્યું હતું. ખેર ! કિલ્લાના પાયા અને ઢોળાવના આરંભે તેના પાયા પખાળતું 'માઓતા તળાવ' સૌની જીવાદોરી છે અહીં - અને એટલે જ કિલ્લા તથા મહેલ સંકુલો સતત તળાવને તાકે છે. ચડવા માંડીએ ત્યારે તરત જ ગોળગોળ કાંકરીવાળા રસ્તા જાણે કે આપણી આંગળી ઝાલી લે. ઊંચા નીચે તળાવ જળમાં કિલ્લાનું પ્રતિબિંબ જોઈને યાત્રીઓ કલ્પનાની પાંખે ઉડ્ડયન કરે. પથ્થરની કઠોરતા પીગળીને જળમાં છબછબિયાં કરે અને સૌંદર્યનિખારમાં ભાવકોય ડૂબકી મારે. પ્રસ્તુત તળાવ કુદરતી એરકંડિશનરની ગરજ સારે છે અહીં.

: લસરકો :

કવિ કલ્પના જેવા આ જાજરમાન સ્વર્ગીય સ્થાપત્યોમાં છે વિવિધ પ્રાચીન કળાઓ, વિજ્ઞાન, ગણિત, ભૂગોળ, ભૂસ્તરશાસ્ત્ર અને અનુભવ સિધ્ધ ટેકનોલોજી- જે કળાના પ્રહરીઓ દ્વારા સચવાયાં.

રાજસ્થાનનો અતિ પ્રતિષ્ઠિત ગઢ વારસો

૧૬૦૦ના પૂર્વાર્ધમાં 'સુસવાત' વંશ કબીલા હસ્તગત ચાલતા અંબર-આમેર કિલ્લાના પ્રહરી હતા રાજા માનસિંહ અને જયસિંહજી. ૧૫૦ વર્ષ સુધીમાં અનેકવાર જીર્ણોધ્ધાર અને પુનઃ સર્જન થયાં.. તે પ્રકલ્પ ૧૭૨૭ સુધી સવાઈ જયસિંહ સુધી ચાલ્યો. જયપુર રાજસ્થાનની રાજધાની ઘોષિત થયું. પશ્ચિમ ઘાટના અનેક પર્વતોમાંનો એક આ પર્વત 'બલિદાન આપતો પર્વત' કહેવાયો. કિલ્લામાં પ્રવેશ કરતાં પહેલાં - મહેલોમાં પગ મૂકતાં પહેલાં આ સ્થાપત્યની મુખ્ય - અંતરંગ લાક્ષણિકતાઓને ઓળખીએ તો એને વધુ સારી રીતે મા'ણી શકાય. અહીંની ભૌમિતિક સચોટતા અને તેમાં વપરાયેલી સામગ્રીના ઉપયોગ અંગે પૃચ્છા કરીએ તો આ કિલ્લાના નિર્માણમાં દાખવાયેલી ચોકસાઈ અને ગણિતશાસ્ત્રના ઉત્તમ ઉપયોગનો અંદાજ આવે. મહેલની બારીઓ, કમાનો, ઝરૂખા એ રીતે ગોઠવવામાં આવ્યા છે કે સૂર્યપ્રકાશ અને પવનની અવર-જવર સુગમતાથી કુદરતી રીતે જ જળવાઈ રહે. કિલ્લામાં વપરાયેલો પીળો અને ગુલાબી રેતાળ પથ્થર સ્થાનિક સ્તરે જ ઉપલબ્ધ હતો - જે અરવલ્લીના તાપમાનને સહન કરી શકે એવો મજબૂત છે. જ્યારે અંદરના ભાગમાં વપરાયેલો મકરાણાનો સફેદ આરસ મહેલને ભવ્યતા અને શીતળતા પ્રદાન કરી તેનો વૈભવ જાળવી લે છે. ભૂગર્ભ ટનલ અને કિલ્લાનાં સંપર્ક સૂત્રો સ્થાપત્યશીલ સુરક્ષાના ભાગ રૂપે આમેર કિલ્લાને ઉપરના સંરક્ષણ ગઢ 'જયગઢ કિલ્લા' સાથે એક લાંબી ભૂગર્ભ ટનલ દ્વારા જોડાયેલ છે. કટોકટી - યુધ્ધ - આક્રમણ ટાણે શાહી પરિવાર સુરક્ષિત રીતે આ ટનલનો ઉપયોગ કરતો. અત્યંત મજબૂત પથ્થરોની કમાનો તેમનાં બખ્તર બની જાય અને તે સદીઓ સુધી અડીખમ રહે... પરિસર પ્રવેશ માટે તૈયાર ?!

માતૃત્વની આડેના પાંદડાને ખસેડતી પ્રકાશિત ટેકનોલોજી સેરોગસી

આઈ.વી.એફ. (IVF) પદ્ધતિદ્વારા માતા-પિતાના ભ્રૂણ (એમ્બ્રીયો)ને સેરોગેટ - બીજી માતાના ગર્ભમાં મુકવાની પદ્ધતિને સેરોગસી કહેવાય છે. ભારતમાં ૨૦૦૨થી સેરોગસી કાયદેસર રીતે અપનાવાઈ છે.

આ પધ્ધતિ આપણા પ્રાચીન સમયમાં જુદી રીતે જોવા મળતી હતી. પ્રાચીન ભારતમાં આજના આધુનિક સમયની જેમ લેબોરેટરીઝ વગેરે નહોતા. પરંતુ હિન્દુગ્રંથોને ધાર્મિક ઈતિહાસમાં એવી અનેક વાર્તાઓ, દાખલાઓ અને દૈવિક પદ્ધતિઓ જોવા મળે છે. જે સેરોગસીની ખૂબ નજીક દેખાય છે. મહાભારતનો કર્ણ, નંદના દીકરા બલરામ, કૌરવોનો જન્મ આ પદ્ધતિઓ (સેરોગસી ટાઈપ)ના ઉદાહરણો છે.

વામા-વિશ્વ

અનુરાધા દેરાસરી

સેરોગસીની આખી પદ્ધતિમાં સેરોગેટ માતાને પૈસા જરૂર મળે છે પરંતુ તેને ભાવનાત્મક મુશ્કેલીઓ, સામાજીક મુશ્કેલીઓ તેમજ શારીરિક મુશ્કેલીઓ સહન કરવી પડે છે. સામાન્યવર્ગની મહિલાઓ સામાન્ય રીતે આર્થિક સભર થવા માટે વધારે સેરોગેટ મધર બને છે.

આજે વાત કરવી છે ચેન્નાઈની સેરોગેટ મધર, મલાર વિઝીની જે પ્રેરણાદાયી અને હૃદયસ્પર્શી છે. પોતાના પરિવારને આર્થિક ટેકો આપવા સેરોગેટ મધર બનવાનું માલારવિઝીએ પસંદ કર્યું છે. આ સેરોગસીમાં સામેલ પ્રચંડ નાણાંકીય બલિદાન અને ઊંડા ભાવનાત્મક ગંભીરતા બન્ને પર પ્રકાશ પાડે છે. તેમજ આ માર્ગ પસંદ કરનારી મહિલાઓની વાસ્તવિક પરિસ્થિતિઓ પર પ્રકાશ ફેંકે છે.

માલારવિઝી ચેન્નાઈમાં રહેતી અતિસામાન્ય ગૃહિણી છે. તેનો પતિ રીક્ષા ચલાવે છે. તેને સંતાનમાં ૩ દીકરા છે. નાનો દીકરો અઢી વર્ષનો છે, બે દીકરાઓ મોટા છે. પતિ દિવસ-રાત રીક્ષા ચલાવી મહેનત કરે છે. છતાં કુટુંબનું માંડ માંડ બે ટંકનું ભોજન ને અન્ય વસ્તુઓ પૂરી થાય છે. આર્થિક



રીતે માલારવિઝીના કુટુંબને ઘણી મુશ્કેલીઓ ભોગવવી પડે છે. પોતાના ત્રણ દીકરાઓને સારું અને ઉચ્ચ ભણતર આ રીક્ષાની આવક પર આપી શકે તેમ નથી.

માલારવિઝી જીવનમાં શિક્ષણનું મહત્વ સમજે છે. આથી પતિને આર્થિક સારો ટેકો થાય તેવો તે કોઈ માર્ગ શોધતી હતી. આ દરમ્યાન એક નોન ગર્વમેન્ટ ઓરગેનાઈઝેશને સેરોગસી વિષે નાનો સેમીનાર રાખ્યો હતો. જ્યાં માલારવિઝીને 'સેરોગેટ મધર' કેવી રીતે બનાય અને સેરોગસી વિષે સમજાવવામાં આવ્યું. માલારવિઝીને સેરોગસીનો માર્ગ, આર્થિક ટેકા માટે લેવો યોગ્ય લાગ્યો. પરંતુ આ સામે ઘણા પરિબળો હતા.

માલારવિઝીના શબ્દોમાં જોઈએ તો સૌ પ્રથમ તો મારે માટે સામાજીક પ્રશ્ન હતો, કારણ કે અમારી જ્ઞાતિ-સમાજ અને કુટુંબમાં સેરોગસીની સમજ ન હતી. આથી જ્યારે બાળક મૂળ માતા-પિતા લઈ જાય ત્યારે ઘણા સવાલો ઊઠે. મારો અઢી વર્ષનો દીકરો હતો તેને પણ સંભાળવાનો હતો.

આમ એક તરફ મારા દીકરાઓનું ઉજ્જવળ ભવિષ્યની કારકિર્દી માટેનું સેરોગસીનું પલ્લું હતું તો બીજા પલ્લામાં ભાવનાત્મક અને સામાજીક પ્રશ્નોની પાબંદીઓ. પરંતુ મે મારા દીકરાઓના સારા ભવિષ્યને ઉચ્ચ ભણતર માટે સેરોગેટ મધર બનવાનું પસંદ કર્યું. સેરોગેટ મધર બનનારને પૈસા વધારે જરૂર મળે છે પરંતુ આ નિર્ણય અને તે નવ મહિનાનો ગર્ભ અવસ્થા (પ્રેગનન્સી) તેને માટે કપરો કાળ હોય છે.

સેરોગસીના પ્રોસેસ પછી માલારવિઝી અને તેનો પતિ જે ચેન્નાઈની હોસ્પિટલમાં સારવાર લઈ રહી હતી, ત્યાંની હોસ્ટેલમાં રહેવા જતા રહ્યા કારણ કે તેમના સમાજ અને જ્ઞાતિમાં સેરોગસી પદ્ધતિ અને તે અંગેની સમજ બહારની વસ્તુ હતી. આથી આગળ જતા કુતૂહલ ઉત્પન્ન થાય, પ્રશ્નો થાય માટે એ જગ્યા છોડી હોસ્પિટલની હોસ્ટેલમાં આવીને રહ્યાં.

તેના પહેલા બે છોકરાઓ તો મોટા અને સમજણા હતા, આથી સેરોગસીની પ્રોસેસ અને માલારવિઝી સેરોગેટ મધર કેમ બને છે અને તેની પાછળ તેમની ઉચ્ચ ભણતરની કારકિર્દી માટે આર્થિક બોજો વેઠી શકાય માટે કરી રહી છે. પરંતુ અઢી વર્ષના છોકરાનો પ્રશ્ન હતો તે માલારવિઝી સાથે સખત લાગણીથી જોડાયેલો હતો,

લાગણીઓ સાથે તાલમેલ મેળવવાનો માનસિક તણાવ મનમાં એક મોટો સંઘર્ષ ઉત્પન્ન કરે છે

તેનું શું કરવું, આખરે અમસ્તુ બહાનાનું કારણ બતાવી તેના પિયર મૂક્યો નવ મહિના માટે. આ પછી ચેન્નાઈની હોસ્પિટલની હોસ્ટેલમાં રહેવા માંડ્યું. તે નિયમિત ચેકઅપ માટે જતી, ડોક્ટર જે દવાઓ આપે તે લેવી અને નિયમિત ખોરાક વગેરે તકેદારી રાખતી.

માલારવિઝી તેના આ કાર્ય વિષે જણાવતા કહે છે કે, મેં આ સર્ગભા અવસ્થા દરમ્યાન ખૂબ ધ્યાન રાખ્યું, કારણ કે આ મારું બાળક ન હતું, બીજા કોઈનું બાળક હતું, જેના પર તે કુટુંબનો જીવનભરનો આનંદ અને આશાનો દીપક પ્રજ્વલિત થવાનો હતો. મારી ત્રણે સર્ગભા અવસ્થા દરમ્યાન મેં કોઈ ખાસ ધ્યાન રાખ્યું ન હતું, કારણ કે એવી આર્થિક પરિસ્થિતિ જ હતી નહિ.

આખરે નવ મહિના પછી માલારવિઝીએ બાળકને જન્મ આપ્યો. મને બાળકનો ચહેરો બતાવવામાં આવ્યો ન હતો કે જાતિ પણ બતાવવામાં આવી ન હતી. હોસ્પિટલમાં મળવા આવેલા મારા દીકરાઓએ પૂછ્યું કે તે છોકરી છે કે છોકરો ? પણ મારી પાસે તેનો કોઈ જવાબ ન હતો.

માલારવિઝી નીસાસો નાખતા કહે છે કે, ભલે એ બાળક આનુવાંશિક રીતે મારું ન હતું. પરંતુ નવ મહિના મારા ગર્ભમાં રહ્યું હતું આથી તેની સાથે માતૃત્વની લાગણીથી હું બંધાઈ ગઈ હતી. હું સારી રીતે જાણતી હતી કે મારે તે બાળકને જન્મ આપીને સોંપી દેવાનું છે પરંતુ એક માતા તરીકે મારા માટે આ વાસ્તવિકતા સ્વીકારવી મુશ્કેલ છે કારણ કે હું તેની સાથે માતૃત્વની લાગણીથી જોડાયેલી છું ને તે હંમેશા રહેશે. આથી તેના જન્મદિવસે હું મારા ત્રણ દીકરાને પતિ સાથે મળી બર્થડે કેક કાપું છું અને તે સારો અને સ્વસ્થ રહે તેવી ઈશ્વરને પ્રાર્થના કરું છું.

માલારવિઝી કહે છે કે, કોઈપણ સેરોગેટ માતા પૈસા માટે સેરોગેટ મધર તો બને છે પરંતુ જ્યારે બાળકને સોંપી દેવાનું આવે છે ત્યારે તેના ઊંડા દુઃખ અને હૃદયની પીડાનું વર્ણન કરવું અશક્ય છે. માતા અને બાળકની લાગણી તો એક ટુકડો તેની સાથે જ રહે છે. બાળક જ્યારથી માતાના પેટમાં હોય છે ત્યારથી જૈવિક જોડાણ ન હોવા છતાં, માતા અને ગર્ભ વચ્ચેનું એક માતૃત્વનું બોન્ડિંગ (જોડાણ) બની જાય છે. વાસ્તવિકતાની ખબર હોવા છતાં જ્યારે એ બાળક બીજા પરિવાર પાસે જાય છે ત્યારે એ લાગણીઓ સાથે તાલમેલ મેળવવાનો માનસિક તણાવ મનમાં એક મોટો સંઘર્ષ ઉત્પન્ન કરે છે. આર્થિક જરૂરિયાત સામે માતૃત્વ જીતી જાય છે પણ સેરોગેટ માતા સંજોગો આગળ મજબૂર હોય છે.

માલારવિઝીની સેરોગેટ મધરની યાત્રા પછી એટલું તો જરૂર સમજાય છે કે, કોઈપણ સ્ત્રી આર્થિક જરૂરિયાત માટે સેરોગેટ મધર તો બનતા બની જાય છે પણ જ્યારે બાળકને તેના પરવરીશને કોન્ટ્રેક્ટ કરેલા પરિવારને સોંપવાની ક્ષણ આવે છે ત્યારે તે બધું જ ભૂલી જાય છે અને ખૂબ સંઘર્ષ સાથેના માનસિક તણાવ વચ્ચે બાળકને સોંપી દે છે. કેટલીકવાર એવા કિસ્સા પણ સાંભળવામાં આવ્યા છે કે સેરોગેટ માતા બાળકને આપવાનો ઈનકાર કરી દે છે પરંતુ કાયદાઓ પરવરીશ પરિવારની તરફેણમાં હોઈ બાળકને સોંપવું જ પડે છે.

જેમ કોઈપણ વ્યક્તિનું અંગદાન એ પુણ્યનું કામ ગણાય છે, તેમ 'સેરોગસી' એ પુણ્યનું જ કામ છે, જે કોઈના અંધકારભર્યા જીવનમાં આનંદનું અંજવાળું પેદા કરે છે.

સામાન્ય વ્યક્તિ માટે દરરોજ કેટલું પાણી જરૂરી?



સામાન્ય માણસ માટે રોજ કેટલું પાણી જરૂરી છે? નિષ્ણાત ડૉક્ટરોના જણાવ્યા અનુસાર આપણી રોજની પાણીની સરેરાશ જરૂરિયાત છે અઢી લિટર, ચોક્કસ આંકડો આપવો હોય તો ૨૬૦૦ મિલિલિટર. આપણી આહારવ્યવસ્થા એવી છે કે સવાર-સાંજનાં ભોજનમાંથી આપણને ૮૦૦ મિલિલિટર પાણી મળી રહે છે. શરીરમાં ચાલતા રહેતા કેમિકલ

હરતાં ફરતાં


વિક્રમ વકીલ

રિએકશનમાંથી ૩૦૦ મિલિલિટર પ્રવાહી ઝરે છે. સરવાળો થયો ૧૧૦૦. ટૂંકમાં આપણે રોજ ૧૫૦૦ મિલિલિટર પાણી પીવું જોઈએ (એવરેજ પાંચથી છ ગ્લાસ). રોજ આપણે આટલું પાણી પેટમાં પધરાવીએ પછી એનો નિકાલ પણ થવો જોઈએને? નહીંતર શરીરમાં પાણીનું બેલેન્સ ન જળવાય. મળમૂત્ર દ્વારા માનવશરીર રોજ સરેરાશ ૧૬૦૦ મિલિલિટર પાણીનો નિકાલ કરે છે. ગરમ વાતાવરણમાં તથા શારીરિક પ્રવૃત્તિથી પરસેવો થાય છે. ઠંડા પ્રદેશમાં માણસને પરસેવો ન થાય તોય ચામડી દ્વારા આપણે રોજ અડધા લિટરથી વધુ પ્રવાહી ગુમાવીએ છીએ. જ્યારે શ્વાસોચ્છવાસ દરમિયાન ઍક્સપાયર્ડ એર સાથે બાકી કે વરાળ (વેપર) રૂપે બીજું ૪૦૦ મિલિલિટર પાણી નીકળી જાય છે.' આવી રીતે જળવાય છે આપણા શરીરમાં પાણીનું બેલેન્સ

* * *

ઈરાનમાં ડ્રગ્સની હોળી

હાલમાં ઈરાને એક સાથે પચાસ ટન અફીણ અને એક ટન હેરોઈનની હોળી કરી. ૭૦ કરોડ ડોલરનો આ માલ સળગતો જોવા માટે ઈરાનના પ્રમુખ હાજર રહ્યા. આ ડ્રગ્ઝને બાળવાનું કામ જરા કળાત્મક રીતે હાથ ધરાયું. ડ્રગ્ઝના ઢગલાં પર શેતાનનું મોટું પૂતળું ગોઠવીને પછી આગ લગાડવામાં આવી. ડ્રગ્ઝની સાથે શેતાન પણ બળી ગયો. ઈરાનની છ કરોડની વસતિમાં ૧૨ લાખ લોકો ડ્રગ્ઝના બંધાણી છે. ઈરાનના બેતૃતીયાંશ કેદીઓ ડ્રગ્ઝને લગતા ગુનાઓ



બદલ જેલની સજા ભોગવી રહ્યા છે. જોકે એ લોકોને નસીબદાર ગણવા જોઈએ કારણ કે ૧૯૮૮માં ઈરાનમાં ડ્રગ્ઝની દાણચોરીની સજાને લગતો નવો કાયદો અમલમાં આવ્યો ત્યાર પછી સેંકડો નહીં, હજારો લોકોને ડ્રગ્ઝની હેરફેરના આરોપસર ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવ્યા છે. ડ્રગ્ઝની હેરાફેરી બદલ મોતની સજા હોવા છતાં ઈરાનમાં ગયા વર્ષે ૨૦૦ ટન જેટલું ડ્રગ્ઝ પકડાયું હતું.

* * *

અમેરિકનો ટાલની સમસ્યાને ગંભીર ગણે છે

દુનિયાના હટ્ટાકટ્ટા, તંદુરસ્ત લોકોને પણ એક સમસ્યા સતાવે છે - વાળ ખરવાની. ખાધેપીધે સુખી



ગણાતા યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં પાંચ કરોડ પુરુષ અને ત્રણ કરોડ સ્ત્રીને ખરતા વાળની, ટાલ પડવાની સમસ્યા સતાવે છે અને તબીબી સર્વેક્ષણો કહે છે કે આ સમસ્યા વ્યક્તિની મનોદશા પર પણ અસર કરે છે અનેક સાઇકિયાટ્રિક રિસઑર્ડર ટાલના પ્રોબ્લેમમાંથી ઉદ્ભવે છે. આ વિષય પર લોકજાગૃતિ કેળવવા માટે અમેરિકન અૅકેડેમી ઑફ ડર્મેટોલોજીઅ ઑગસ્ટ મહિનાને હેર લોસ અવેરનેસ મંથ તરીકે જાહેર કર્યો છે. એમાં ઠેકઠેકાણે ટાલની સમસ્યા અને તેની સારવાર અંગે ચર્ચાઓ, પરિષદોનું આયોજન થયું છે.

* * *

લિયોનાર્ડો'દ વિન્સી ખરા અર્થમાં બાસ્ટર્ડ હતા?


કોઈ કોઈને હરામજાદા કહે તો કદાચ કોઈ હરામજાદા (બાસ્ટર્ડ) હોઈ પણ શકે છે. દાખલા તરીકે વિખ્યાત ફ્રેન્ચ અત્તકટ્રેસ સારાહ બર્નહાર્ડ કુંવારી માતાની પુત્રી હતી. નવલકથાકાર અૅલેક્ઝાન્ડર ડુમાસ, અમેરિકન લેખક જેક લંડન, બ્રિટિશ વડાપ્રધાન રામસે મેકડોનાલ્ડ, સોફિયા લોરેન, આર્જેન્ટિનાના



પ્રમુખ જુઆન પેરોન, અમેરિકન કેળવણીકાર બુકર ટી. વોશિંગ્ટન એ બધા જ બાસ્ટર્ડ હતા. સૌથી વિખ્યાત બાસ્ટર્ડ તરીકે મહાન ચિત્રકાર અને સર્વવ્યાપી વ્યક્તિત્વ ધરાવતા ઈટાલિયન કલાકાર લિયોનાર્ડો'દ વિન્સી હતા. લિયોનાર્ડોઅ મોનાલીસાનું યાદગાર ચિત્ર દોર્યું હતું. ઘણા માને છે કે લિયોનાર્ડો મોનાલીસા નામની છોકરીના પ્રેમમાં હતા અને તેમણે પણ મોનાલીસાને પરણ્યા વગર બાસ્ટર્ડ પેદા કર્યો હતો. ઈટાલીના ફ્લોરેન્સ શહેરમાં જન્મેલા લિયોનાર્ડોના ગેરકાનૂની પિતા એક સોલિસિટર હતા. સોલિસિટર થાકી જતા ત્યારે ગામડે ફરવા જતા ત્યાં એક વખત તેમણે એક ખેડૂત કન્યાને ખેતરમાં ભાળી. બન્ને એકબીજા તરફ આકર્ષાયાં અને લિયોનાર્ડો'દ વિન્સી નામના મહાન કલાકાર વગરલગ્ને પેદા થયા. લિયોનાર્ડોને ચિત્રકામ શીખવતા ગુરુ વિરોચીઓએ તેમના શિષ્ય લિયોનાર્ડોએ દોરેલું ચિત્ર 'બેપ્ટિઝમ ઓફ ક્રાઇસ્ટ' જાયું અને ગુરુ તો સ્તબ્ધ થઈ ગયા. એ પછી ગુરુએ ચિત્ર પરથી શિલ્પ બનાવ્યું અને શિષ્યની હરીફાઈ ન થાય તે માટે તે દિવસથી ચિત્ર દોરવાનું બંધ કર્યું. લિયોનાર્ડો ડાબેરી હતા અને ભોજનથી ગભરાતા. કદાચ જાડા થઈ જવાય તો?

* * *

થેલેસેમિયા સામેની મૂશ્કેલ લડત



સામાન્ય રીતે થેલેસેમિયા ધરાવતા બાળકનું આયુષ્ય ૨૦ વર્ષ સુધીનું હોય છે. શરીરના દરેક અવયવ સુધી ઓક્સિજન પહોંચાડવાનું કામ કરતું હિમોગ્લોબીન થેલેસેમિયા ધરાવતા બાળકના શરીરમાં બનતું નથી, જેના કારણે બાળક ફિક્કું પડી જાય અને હાંફતું દેખાય. આવા બાળકને પંદરથી વીસ દિવસે લોહી ચડાવવું પડે છે અને તેના કારણે શરીરમાં લોહતત્ત્વ (આયર્ન) વધી જાય છે. સામાન્ય વ્યક્તિમાં ૨૦૦ યુનિટથી ઓછું લોહતત્ત્વ હોવું જોઈઅત. થેલેસેમિયાના બાળકમાં લોહતત્ત્વનું પ્રમાણ ૨૦૦ યુનિટ કે તેથી વધારે થઈ જાય છે. ત્યારે તેને ઓછું કરવું જરૂરી બની જાય છે. અનિશ્ચિત માત્રામાં જમા થતું લોહતત્ત્વ ધીમે ધીમે બાળકના હૃદય, લીવર અને મગજ જેવા અવયવોને નુકસાન કરે છે. વધારાના આયર્નને શરીરમાંથી કાઢવા માટે કેલ્ફર અને ડેસ્પરેલ જેવી દવાઓનો સહારો લેવો પડે છે. સામાન્ય માણસને ન પોસાય તેવી આ દવા ખૂબ જ મોંઘી હોય છે. દરરોજના આવાં ત્રણ ઈન્જેકશન બાળકના શરીરમાં પંપ દ્વારા આપવાં પડે અને તો જ શરીરમાં જમા થયેલું લોહતત્ત્વ સવારે પેશાબ વાટે બહાર નીકળે.

રહસ્યમય કાર્ડ (ટેરટ) દ્વારા સાપ્તાહિક રાશિ ભવિષ્ય

બુધવાર ૦૪ નવેમ્બરથી મંગળવાર ૧૦ નવેમ્બર સુધી



*** વિક્રમ સંવત ૨૦૮૩ : આગામી વર્ષ :**

*વિક્રમ સંવત ૨૦૮૩ઈ-૧૧-૨૦૨૬ સોમવારના બપોરનાં ૧૨:૩૨ મિ. અમાસ પૂર્ણ થઈ નવું વર્ષ શરૂ થઈ રહ્યું છે. જે સમયની કુંડળી મકર લગ્નની ઉદિત થયેલી છે. જેમાં લગ્નેશ શનિ વક્રી હોવાથી આગામી વર્ષ દરેક વ્યક્તિના સામાન્ય જનજીવનમાં આર્થિક કારણસર વત્તાઓછા અંગે કસોટીરૂપ બનશે. વ્યક્તિગત જીવનમાં આત્મનિરીક્ષણની જરૂર પડશે અને વીતેલાં વર્ષનાં અનુભવોને આધારે ભવિષ્યનું આયોજન કરવાનું આવશે. અધૂરા રહેલા કામો પૂર્ણ કરવાની તક મળશે. માનસિક તાણ ઉદ્ભવશે પરંતુ આશ્ચર્યજનક રીતે તેનો ઉકેલ મળશે. ભૌતિક સુખસગવડતાઓ મોંઘી બનશે. જમીન-વાહનના ભાવોમાં વધારો થશે. અન્ય ગ્રહોની પરિસ્થિતિનું અવલોકન દર્શાવે છે કલાક્ષેત્ર સાથે સંકળાયેલી વ્યક્તિઓ માટે, ટેકનિકલ લાઈનનું જ્ઞાન ધરાવતી વ્યક્તિઓ માટે કે વિશેષ જ્ઞાન કોઈપણ કાર્યક્ષેત્રનું ધરાવતી વ્યક્તિઓની કારકિર્દી માટે લાભદાયક ફેરફારો આવશે. રોજગારીની નવી તક ઉદ્ભવશે. નારીવર્ગ માટેનાં કાર્યક્ષેત્રો વધુ પ્રગતિકારક બનશે. સરકારી કામો સાથે સંકળાયેલી વ્યક્તિઓ વિશેષ પરિવર્તન અનુભવશે. લોકોના આરોગ્ય અંગે મિશ્રફળ જોવા મળશે. નાણાંકીય રોકાણ કરનારી વ્યક્તિઓએ વિશેષ સાવધાની રાખવાની રહેશે. અન્યથા આર્થિક નુકશાનીના યોગ ઉદ્ભવશે. - ઈન્દ્રમંત્રી

મેષ (અ.લ.ઈ.) : The Moon - ૧૮ મૂનનું કાર્ડ સંવત ૨૦૮૩નું આગામી વર્ષ તમારા મનની મૂંઝવણ દૂર કરી જે અવરોધો હાલમાં અનુભવી રહ્યા હશો તેનો સરળ ઉકેલ પ્રાપ્ત થવાનું સૂચવી જાય છે. સંતાનોની પ્રગતિ જોવા મળશે અને ઉંમરલાયક સંતાનના વિવાહ-લગ્ન થશે. સ્થાવ

વર્ષનું જીવન

અનુસંધાન

મનમાં જોવું જ હોય તો ભલે, પણ તે એમ બોલીને જાય : ‘તમારી બીક કાઢવા આવ્યો છું.’ પણ તે એમ કહેતો નથી. પોતે જાણે બોલ્યો જ ન હોય એમ ચાલ્યો જાય છે. તે પોતે જ પોતાની બીક કાઢવા આવ્યો હોય છે. પોતાની બીક કાઢવા માટે જ તે બીજાની બીક કાઢવા આવ્યો હોય છે. તે પોતે જ પોતાની બીક કાઢવા માટ

મંત્રથી શાપ અને મંત્રથી આશીર્વાદ

કોઈના મોઢેથી નીકળેલો આશીર્વાદ જીવન બદલી નાખે છે, જ્યારે કોઈનો શાપ આખી જિંદગી બરબાદ કરી શકે છે - આવી માન્યતા ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી જોવા મળે છે. પૌરાણિક કથાઓમાં ઋષિના શાપથી રાજા મુશ્કેલીમાં મુકાઈ જાય છે, તો કોઈ તપસ્વીના આશીર્વાદથી નિઃસંતાન દંપતીને સંતાનપ્રાપ્તિ થાય છે. પરંતુ શું શબ્દો ખરેખર મંત્રનું સ્વરૂપ ધારણ કરીને કોઈનું ભલું કે નુકસાન કરી શકે છે? આ પ્રશ્ન આપણને ભારતીય લોકમાન્યતા, અથર્વવેદ અને તાંત્રિક પરંપરાના એક રહસ્યમય વિશ્વમાં લઈ જાય છે.



મંત્રની બે ધાર

ભારતીય પરંપરામાં મંત્રોનો ઉપયોગ માત્ર પૂજા, પ્રાર્થના કે આધ્યાત્મિક શાંતિ માટે જ થતો નહોતો. પ્રાચીન અથર્વવેદમાં સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય, સમૃદ્ધિ, પરિવારની એકતા અને શત્રુઓથી રક્ષણ માટેની પ્રાર્થનાઓની સાથે શત્રુને નુકસાન પહોંચાડવા માટેનાં મંત્રોનો પણ ઉલ્લેખ મળે છે. એટલે મંત્રપરંપરામાં કલ્યાણ અને અનિષ્ટ-બંને પ્રકારની ધારણાઓ જોવા મળે છે.

કેટલાક મંત્રો રોગ દૂર કરવા, ભયથી રક્ષણ મેળવવા અથવા પરિવારના સભ્યો વચ્ચે સંવાદિતા જાળવવા માટે રચાયા હતા. બીજી તરફ, દુશ્મનને નબળો પાડવા, તેના જીવનમાં મુશ્કેલીઓ ઊભી કરવા કે તેને નુકસાન પહોંચાડવાના હેતુથી કરવામાં આવતી ધાર્મિક ક્રિયાઓની પણ પરંપરા રહી છે. આથી પ્રાચીન ભારતીય માનસમાં મંત્ર માત્ર ભક્તિનું સાધન નહોતોત તે અદૃશ્ય શક્તિઓ સાથે જોડાયેલું સાધન પણ માનવામાં આવતો હતો.

ભારતીય પૌરાણિક કથાઓમાં દુર્વાસા ઋષિના શાપનાં અનેક પ્રસંગો મળે છે. રાજા હોય કે દેવતા, ઋષિના ક્રોધનો ભોગ બને ત્યારે તેમને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવાનું વર્ણન આવે છે. બીજી તરફ, ઋષિઓના આશીર્વાદથી અસાધારણ શક્તિ કે વરદાન મળ્યાની કથાઓ પણ પ્રચલિત છે. આ કથાઓને માત્ર ચમત્કારની વાર્તા તરીકે નહીં, પરંતુ પ્રાચીન સમાજમાં તપ, વાણી, સંકલ્પ અને નૈતિક વર્તનને અપાતા મહત્ત્વના પ્રતિબિંબ તરીકે પણ જોઈ શકાય છે.

શું છે 'અભિચાર'?

તાંત્રિક અને કેટલીક વૈદિક પરંપરાઓમાં 'અભિચારદ શબ્દનો સંબંધ સામાન્ય રીતે શત્રુ સામે કરવામાં આવતી હાનિકારક કે પ્રતિકૂળ ધાર્મિક ક્રિયાઓ સાથે જોડાય છે. કેટલીક પરંપરાઓમાં તેને છ પ્રકારની ક્રિયાઓના વર્ગીકરણ સાથે સમજાવવામાં આવે છે. તેમાં વશીકરણ એટલે કોઈને પોતાના પ્રભાવમાં લાવવું, સ્તંભન એટલે કોઈની પ્રવૃત્તિ રોકવી, વિદ્વેષણ એટલે બે વ્યક્તિઓ વચ્ચે વૈમનસ્ય ઊભું કરવું, ઉચ્ચાટન એટલે કોઈને દૂર કરવું અને મારણ એટલે વિનાશ કરવાની ક્રિયાનો સમાવેશ થાય છે. આ વર્ગીકરણ વિવિધ તાંત્રિક ગ્રંથો અને પરંપરાઓમાં અલગ રીતે સમજાવવામાં આવી શકે છે.

આવી માન્યતાઓને કારણે લોકજીવનમાં મંત્ર-તંત્રનો ભય પણ વિકસ્યો. કોઈ વ્યક્તિ સતત બીમાર રહે, વેપારમાં નુકસાન થાય કે પરિવારમાં ઝઘડા વધે, તો ક્યારેક તેની પાછળ દુશ્મને કરાવેલો અભિચાર હોવાનું માનવામાં આવે છે. કેટલાક લોકો આવા ભયમાંથી મુક્તિ મેળવવા માટે શાંતિપૂજા, રક્ષણમંત્ર કે અન્ય ધાર્મિક વિધિઓનો આશરો લે છે.

અભિચારની માન્યતા સાથે જોડાયેલી એક રસપ્રદ બાબત એ છે કે તેમાં ઘણી વાર ગુપ્ત વિધિ, વિશિષ્ટ સમય, ચોક્કસ સામગ્રી અને મંત્રના ચોકસાઈભર્યા ઉચ્ચારણને મહત્ત્વ આપવામાં આવે છે. લોકકથાઓમાં અમાવસ્યાની રાત, સ્મશાન, લીંબુ, કાળા દોરા કે પૂતળાં જેવી વસ્તુઓનો ઉલ્લેખ પણ જોવા મળે છે. જોકે આવી વસ્તુઓનો ઉપયોગ દરેક તાંત્રિક પરંપરામાં થતો હોય એવું નથી, અને માત્ર આવી સામગ્રી મળી આવવાથી કોઈએ અભિચાર કર્યો છે એવું સાબિત થતું નથી.

પરંતુ અહીં સાવચેતી જરૂરી છે. કોઈની બીમારી, આર્થિક તકલીફ કે પારિવારિક વિખવાદ પાછળ અભિચાર જ કારણ છે, એવું માની લેવું યોગ્ય નથી. આવી ઘટનાઓનાં અનેક સામાજિક, માનસિક અને વ્યવહારુ કારણો હોઈ શકે છે.

શાપ અને આશીર્વાદનું મનોવિજ્ઞાન સમજવા જેવું છે. કોઈ આદરણીય વ્યક્તિના આશીર્વાદથી આત્મવિશ્વાસ વધે, મનમાં આશા જાગે અને મુશ્કેલીઓનો સામનો કરવાની હિંમત મળે - આવી અસર વાસ્તવિક હોઈ શકે છે. એ જ રીતે, કોઈ વ્યક્તિ વારંવાર કહે કે તારા જીવનમાં ખરાબ જ થવાનું છે, તો તેનાથી ભય, અસલામતી અને આત્મવિશ્વાસનો અભાવ ઊભો થઈ શકે છે.

શાપની શક્તિ ક્યાંથી આવે છે?

શાપ અને આશીર્વાદની કલ્પના સમજવા માટે માનવીના મનને પણ સમજવું પડે. કોઈ આદરણીય વ્યક્તિના આશીર્વાદથી આત્મવિશ્વાસ વધે, મનમાં આશા જાગે અને મુશ્કેલીઓનો સામનો કરવાની હિંમત મળે - આવી અસર વાસ્તવિક હોઈ શકે છે. એ જ રીતે, કોઈ વ્યક્તિ વારંવાર કહે કે તારા જીવનમાં ખરાબ જ થવાનું છે, તો તેનાથી ભય, અસલામતી અને આત્મવિશ્વાસનો અભાવ ઊભો થઈ શકે છે.

મનોવિજ્ઞાનમાં નકારાત્મક અપેક્ષાઓથી અનુભવ પર થતી અસરને સમજાવવા માટે 'નોસિબો ઇફેક્ટ' શબ્દ વપરાય છે. કોઈ વ્યક્તિને નુકસાન થશે એવી મજબૂત આશંકા હોય, તો ક્યારેક તેની ચિંતા અને તણાવ શારીરિક અસ્વસ્થતાનો અનુભવ વધારી શકે છે. જોકે આનો અર્થ એવો નથી કે દરેક શાપથી બીમારી થાય છે કે મંત્રથી કોઈને દૂરથી નુકસાન પહોંચાડી શકાય છે.

પરંતુ આ માનસિક અસરોને મંત્ર દ્વારા અદૃશ્ય શક્તિથી કોઈનું ભાગ્ય બદલી નાખવાના દાવા સાથે સરખાવી શકાય નહીં. મંત્રોચ્ચાર કે અભિચારથી કોઈ વ્યક્તિને અલૌકિક રીતે નુકસાન પહોંચાડી શકાય છે, એવો વિશ્વસનીય વૈજ્ઞાનિક પુરાવો ઉપલબ્ધ નથી. આથી પરંપરાગત માન્યતાઓનો અભ્યાસ કરવો અને તેને સાબિત હકીકત માનવી-બંને જુદી બાબતો છે.

શબ્દની શક્તિ કે શ્રદ્ધાની?

મંત્રથી શાપ અને મંત્રથી આશીર્વાદની પરંપરા ભારતીય સંસ્કૃતિના એ પાસાને ઉજાગર કરે છે, જેમાં શબ્દને માત્ર અવાજ નહીં, પરંતુ સંકલ્પ, શ્રદ્ધા અને અદૃશ્ય શક્તિ સાથે જોડવામાં આવ્યો છે. કેટલાક લોકો માટે મંત્ર આધ્યાત્મિક આશ્રય છે, તો કેટલાક માટે તે લોકવિશ્વાસ અને પરંપરાનો વિષય છે.

પરંતુ એક પ્રશ્ન આજે પણ વિચારવા જેવો છેથ શું મંત્રની શક્તિ ખરેખર કોઈ અદૃશ્ય ઊર્જામાં છે, કે પછી શબ્દો પરની આપણી શ્રદ્ધા જ તેમને અસાધારણ શક્તિ આપે છે? કદાચ આ જ પ્રશ્ન શાપ અને આશીર્વાદ વચ્ચેની રહસ્યમય સરહદને સમજવાની શરૂઆત છે.

શું હજુય તમને સ્કૂલ-કોલેજનાં સપનાં આવે છે?



કલ્પના કરો કે તમે અચાનક તમારી જૂની શાળાના ક્લાસમાં બેઠા છો. આસપાસ જૂના સહાધ્યાયીઓ છે અને શિક્ષક બ્લેકબોર્ડ પાસે ઊભા છે. ત્યાં જ ખબર પડે છે કે પરીક્ષા શરૂ થવાની છે, પરંતુ તમે એક પણ પાઠ વાંચ્યો નથી! એટલું જ નહીં, આટલાં વર્ષો પછી તમે ફરી શાળામાં કેવી રીતે આવી ગયા, એ પણ યાદ નથી આવતું. ઘણા લોકોને આવું સ્વપ્ન આવે છે. શાળા કે કોલેજ છોડ્યાને દાયકાઓ વીતી ગયા હોય, છતાં તેઓ સ્વપ્નમાં ફરી વર્ગખંડમાં

સ્વપ્નલોક

બેઠેલા, પરીક્ષા આપતા કે જૂના શિક્ષકોને મળતા જોવા મળે છે. આવાં સ્વપ્નો જૂની યાદો તાજી કરી શકે છે, તો ક્યારેક મૂંઝવણ કે ગભરાટ પણ પેદા કરે છે.

૧. આ સ્વપ્નનો અર્થ શું હોઈ શકે?

આ સ્વપ્નનો કોઈ એક ચોક્કસ અને વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલો અર્થ નથી. પરંતુ શક્ય છે કે વર્તમાન જીવનની ઘટનાઓ અને લાગણીઓને સમજવા માટે આપણું મન ભૂતકાળના અનુભવો તરફ વળતું હોય.

શાળા અને કોલેજ એવી જગ્યાઓ છે જ્યાં આપણે શીખીએ છીએ, સ્પર્ધા કરીએ છીએ, અપેક્ષાઓનો સામનો કરીએ છીએ અને બીજાઓ આપણું મૂલ્યાંકન કરશે એવી ચિંતા અનુભવીએ છીએ. તેથી પુખ્ત વયે ફરી શાળામાં પહોંચી જવાનું સ્વપ્ન વર્તમાન જીવનની આવી જ લાગણીઓ સાથે જોડાયેલું હોઈ શકે છે. જો તમે મુશ્કેલ કામ કરી રહ્યા હો, મહત્ત્વનો નિર્ણય લેવાનો હોય કે નવી જવાબદારી સંભાળવાની હોય, તો સ્વપ્નમાં પરીક્ષાખંડમાં બેઠેલા જોવા મળી શકો છો. કદાચ મનમાં સવાલ હોય કે તમે પૂરતી તૈયારી કરી છે કે નહીં. ક્યારેક આ સ્વપ્ન આત્મવિશ્વાસની ઊણપ, બીજાઓ સાથે પોતાની સરખામણી અથવા જીવનમાં પૂરતું હાંસલ ન કરી શક્યાની લાગણી સાથે પણ જોડાયેલું હોઈ શકે છે.

પરંતુ આવાં સ્વપ્નો હંમેશાં ચિંતા વિશે જ નથી હોતાં. જૂના દિવસોની યાદ, મિત્રોની ખોટ કે જીવનના આનંદદાયક સમયને ફરી અનુભવવાની ઇચ્છા પણ તેમાં વ્યક્ત થઈ શકે છે. સ્વપ્નમાં તમે કેવું અનુભવો છો તે ઘણી વાર તેમાં શું દેખાય છે તેના કરતાં વધુ મહત્ત્વનું હોય છે. જૂના મિત્રોને મળીને આનંદ થવો અને પરીક્ષામાં કંઈ જ આવડતું ન હોવાથી ગભરાઈ જવું બંને જુદા અનુભવો છે.

શું તમે સતત તમારી જાતને સાબિત કરવાનું દબાણ અનુભવો છો? શું તમને ભૂલ કરવાનો ડર લાગે છે? શું તમે તમારી પ્રગતિની સરખામણી બીજાઓ સાથે કરો છો? શું જીવનમાં કંઈક અધૂરું છે જેના પર ધ્યાન આપવાની જરૂર છે?

૨. આ સ્વપ્નનાં કયા કયા પ્રકાર હોઈ શકે?

પરીક્ષાની તૈયારી ન હોવી: તમે પરીક્ષાખંડમાં પહોંચો છો અને ખબર પડે છે કે કંઈ જ વાંચ્યું નથી. આ વર્તમાન જીવનના દબાણ, આત્મવિશ્વાસની ઊણપ કે નિષ્ફળતાના ડર સાથે જોડાયેલું હોઈ શકે છે.

ઘણાં વરસો પછી ફરી શાળામાં જવું: તમે બાળકો કે કિશોરોની વચ્ચે બેઠેલા છો, જ્યારે હકીકતમાં પુખ્ત વયના છો. આ જૂના દિવસોની યાદ અથવા જીવનયાત્રા વિશે વિચારવાની લાગણી દર્શાવી શકે છે.

જૂના સહાધ્યાયીઓને મળવું: દાયકાઓથી ન જોયેલા મિત્રો સ્વપ્નમાં મળે છે. આ જૂની યાદો, અધૂરી લાગણીઓ કે તેમના જીવન વિશેની ઉત્સુકતા સાથે જોડાયેલું હોઈ શકે છે.

જૂના શિક્ષકને મળવું: કોઈ શિક્ષક શાબાશી આપે છે, ઠપકો આપે છે કે અઘરો સવાલ પૂછે છે. આ પ્રશંસા મેળવવાની ઇચ્છા, શિસ્ત કે પોતાની જાત પાસેથી રાખવામાં આવતી અપેક્ષાઓ સાથે જોડાયેલું હોઈ શકે છે.

ક્લાસ ખોવાઈ જવો: તમે લાંબા કોરિડોરમાં ભટકો છો, વર્ગખંડ શોધો છો કે વારંવાર ખોટા વર્ગમાં પહોંચી જાઓ છો. આ વર્તમાન જીવનમાં જવાબદારીઓ કે પોતાની ભૂમિકા વિશેની મૂંઝવણ દર્શાવી શકે છે.

ભણતર પૂરું ન થયું હોવાનું જાણવા મળવું: અચાનક ખબર પડે છે કે એક વિષય બાકી છે અથવા પરીક્ષા પાસ કરવાની બાકી છે. આ જીવનમાં કંઈક અધૂરું રહી ગયું હોવાની લાગણી સાથે જોડાયેલું હોઈ શકે છે.

૩. આ સ્વપ્નમાંથી શું શીખી શકાય?

આ સ્વપ્નો ઉપયોગી સંદેશ કદાચ એ છે કે શાળા છોડ્યા પછી પણ જીવન આપણી કસોટી લેતું રહે છે. પરંતુ દરેક કસોટીનો સામનો પરિણામની રાહ જોતા વિદ્યાર્થીની જેમ ડરીને કરવાની જરૂર નથી. વિચારો - શું તમે સતત તમારી જાતને સાબિત કરવાનું દબાણ અનુભવો છો? શું તમને ભૂલ કરવાનો ડર લાગે છે? શું તમે તમારી પ્રગતિની સરખામણી બીજાઓ સાથે કરો છો? શું જીવનમાં કંઈક અધૂરું છે જેના પર ધ્યાન આપવાની જરૂર છે? આ સ્વપ્ન એ પણ યાદ અપાવી શકે છે કે શીખવાની પ્રક્રિયા ક્યારેય પૂરી થતી નથી. નવા પડકારનો સામનો કરતી વખતે બધું આવડતું ન હોય તો શરમાવાને બદલે જિજ્ઞાસા સાથે શીખવાનો પ્રયત્ન કરી શકાય.

આખરે, સ્વપ્નમાં શાળા કે કોલેજમાં પાછા જવાનો અર્થ એ નથી કે આપણે ભૂતકાળમાં અટવાઈ ગયા છીએ. ક્યારેક આપણું મન આપણને જૂના વર્ગખંડમાં એટલા માટે પાછું લઈ જાય છે કે જૂનો પાઠ ફરી ભણીએ એ માટે નહીં, પરંતુ એમાંથી કંઈક નવું શીખી શકીએ એ માટે.

તમે લાંબા કોરિડોરમાં ભટકો છો, વર્ગખંડ શોધો છો કે વારંવાર ખોટા વર્ગમાં પહોંચી જાઓ છો. આ વર્તમાન જીવનમાં જવાબદારીઓ કે પોતાની ભૂમિકા વિશેની મૂંઝવણ દર્શાવી શકે છે

Health is Wealth

આમળાં : ફળ એક ગુણ અનેક

અંગ્રેજીમાં આમળાંને ઈન્ડિયન ગૂઝબેરી કહેવાય છે, જ્યારે વનસ્પતિશાસ્ત્રમાં આમળાં ફાયલેન્થસ એમ્બેલીકા અથવા એમ્બેલીકા ઓફીસીનાલીસના નામથી ઓળખાય છે. આમળાંના વૃક્ષનું મૂળ વતન ભારતીય ઉપખંડ અને ઉષ્ણકટિબંધીય દક્ષિણ પૂર્વ એશિયા માનવામાં આવે છે. આપણે ત્યાં ઉચ્ચ ગુણવત્તાવાળી કૃષ્ણા, કંચન

માર્ગી

અને બનારસી જેવી આમળાંની જાતો મળી રહે છે.

આમળાં ભારત સાથે ઐતિહાસિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિથી ગાઢ રીતે જોડાયેલું ફળ છે. આપણી પરંપરામાં ફાગણ મહિનામા શુકલ પક્ષની અગિયારસને આમલકી એકાદશી તરીકે ઉજવાય છે. આ દિવસે આમળાંના વૃક્ષની પૂજાનું વિશેષ મહત્વ છે અને આમળાંના દાનને ખૂબ શુભ માનવામાં આવ્યું છે. આ દિવસથી જ હોળીની પરંપરાગત ઉજવણી શરૂ થાય છે.

આયુર્વેદમાં આમળાંને વિશિષ્ટ સ્થાન અપાયું છે અને જીવનદાયી કહ્યાં છે. આમળાં સ્વાદે ખાટાં, તૂરાં, કડવાં તીખાં હોવા સાથે મધુર રસવાળા, નેત્ર માટે હિતકારી, દસ્ત સાફ લાવનાર અને વાત, વિત્ત, કફ એમ ત્રણે દોષ દૂર કરનારા છે. મહર્ષિ સુશ્રુત, વાગ્ભટ્ટ અને ભાવમિશ્રએ આમળાં તે ફળોમાં શ્રેષ્ઠ ગણાવ્યું છે.

પોષક તત્વોની વાત કરીએ, તો આમળાં વિટામીન 'સી' એક ઉત્તમ સ્ત્રોત છે. એમાં સંતરા, લીંબુ, કીવી, પપૈયુ જામફળ સ્ટ્રોબેરી જેવાં વિટામીન 'સી' ધરાવતાં બધાં ફળો કરતાં સૌથી વધારે વિટામીન 'સી' રહેલું છે. વિટામીન 'સી' ની ઉણપવાળા લોકો માટે આમળાંનું નિયમિત સેવન ઈષ્ટ છે. NIH (નેશનલ



ઇન્સ્ટીટયૂટ ઓફ હેલ્થ) દ્વારા નક્કી થયેલ RDA (રેકમેન્ડેડ ડેઈલી એલાઉન્સ) એટલે રોજંદા ક્રમે શરીરની વિટામીન 'સી'ની જરૂરિયાત નીચે પ્રમાણે છે.

પુખ્ત પુરુષ માટે આશરે ૯૦ મીગ્રા / પ્રતિ દિન પુખ્ત મહિલા માટે આશરે ૭૫ મીગ્રા / પ્રતિ દિન સગર્ભા મહિલા માટે આશરે ૮૫ મીગ્રા / પ્રતિ દિન ધાવણ આવતુ હોય એવી મહિલાઓ માટે આશરે ૧૨૦ મીગ્રા/ પ્રતિ દિન.

વિટામીન 'સી' શરીરમાં કોલેજનના નિર્માણ માટે, ત્વચા તથા દાંત અને પેઢાં, હાડકાં અને કેપલરીસ (સૂક્ષ્મ રક્ત વાહિની)ના સ્વાસ્થ્ય માટે ખૂબ આવશ્યક છે. વિટામીન 'સી' એન્ટિ એજીંગનું કામ કરે છે. જેથી વધતી ઉંમર સાથે શુષ્ક, નિસ્તેજ અને કરચલીવાળી ત્વચામાં પોષણ પુરૂં પાડી ત્વચામાં ચમક અને ઓજ વધારે છે તથા સ્નિગ્ધતા જાળવી રાખે છે. આમળાંના સેવનથી આંખોની દ્રષ્ટિ સારી થાય છે. મોટી ઉંમરે થતાં મેક્યુલર ડીજનરેશનના જોખમને ઘટાડે છે.

આમળાં મગજમાં ન્યુરોટ્રાન્સમીટર - નોરએપીનેફરીનનું ઉત્પાદન સારું કરવામાં સહાયક બને છે - જેથી મોટી ઉંમરે ડીમેન્સીયા (યાદશક્તિ નબળી પડવી) વાળી વ્યકિતઓને ખોરાકમાં નિયમિત આમળાં લેવાથી ફાયદો થાય છે. આ ઉપરાંત ફ્રી-રેડિકલ્સ સામે પણ આમળાં, મગજના કોષોને રક્ષણ પૂરું પાડવામાં મદદ કરે છે.

શિયાળાની ઋતુ દરમ્યાન મળતાં તાજા આમળાં ખોરાકમાં નિયમિત લેવાથી ઈમ્યુનીટી (રોગપ્રતિકારક શકિત) વધારવામાં ખૂબ ફાયદો થાય છે. આમળાં એન્ટિ ઓક્સિડન્ટનું કામ કરતાં હોઈ, લીવર પરથી ઓક્સિડેટીવ સ્ટ્રેસ ઓછો કરી, કુદરતી ડીટોક્સીફીકેશનનું કામ કરે છે. આમ આમળાં લોહી શુધ્ધ કરનાર છે. આમળાંમાં પ્રચૂર માત્રામાં વિટામીન 'સી' તો રહેલું જ છે પણ સાથે વિટામીન છ, ઈ કેલ્સીઅમ અને આયર્ન પણ રહેલા છે. દાળ, કઠોળ, લીલા પાંદડાવાળા શાકભાજી જેવાં આયર્નયુક્ત ખોરાક સાથે આમળાં લેવાથી આયર્નનું શોષણ સારી રીતે થાય છે.

આમળાંમાં સારી એવી માત્રામાં ડાયટરી ફાયબર્સ (રેષા) રહેલાં છે જે શરીરમાં જઈ માઈલ્ડ લેક્સેટીવનું કામ કરે છે. આંતરડામાંથી મળ સરકાવી, આંતરડાની કાર્યક્ષમતા સુધારવામાં મદદ કરે છે. જેથી પચેલા ખોરાકનું સારી રીતે એબ્સોર્બશન થાય છે. આ રેષા બ્લડ શુગર સ્પાઈક (લોહીમાં શર્કરાનું સ્તર વધી જવું) ને ધીમું પાડવામાં સહાયક બને છે. એન્ટિ ઑક્સિડેટીવ ગુણને કારણે એ કેન્સર અને હૃદયના રોગો સામે રક્ષણ પુરૂ પાડવામાં મદદરૂપ થાય છે.

આમળાં એન્ટિ પ્લેટલેટ અસર બતાવતા હોઈ, લોહી ગંઠાવાની પ્રક્રિયા ધીમી પાડે છે

|| અનુસંધાન પાના નં.૦૮ પર

(લેખ-૩)

એલર્જીજન્ય દમના વિશેષ ઉપચાર

આ પૂર્વેના બે લેખોમાં એલર્જી થવા પાછળના કારણો અને રોગપ્રતિકાર શકિત વધારનાર પરિબળો વિશે જાણ્યું. આજના લેખમાં એલર્જીની સમસ્યા માટેના વિશેષ ઉપચારો પર નજર ફેરવીએ. વિશેષ ઉપચાર રૂપે નાના-નાના ટુચકા ક્યારેક ઘણું મોટું કામ કરી જાય છે. નીચે જણાવેલા ટુચકામાંથી અનુકુળ આવે તે અજમાવી શકાય. પ્રતિકુળ જણાય તો તુરંત બંધ કરવા. સરળ અને

આરોગ્ય સંપદા

વિસ્મય ઠાકર

સાદા આવા નુસ્ખા એલર્જીજન્ય રોગો માટે તમને ઘણા ઉપયોગી થઈ રહેશે.

દમ (અસ્થમા) : દમની તકલીફ રહેતી હોય એવી વ્યકિતઓએ સાંજના સમયે એક ચમચી દેશી દિવેલ હુંફાળુ ગરમ કરી પીવું. એની ઉપર શેકેલો અજમો તથા નમક ચાવીને ખાવા.

(૨) શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય ત્યારે જેઠીમધનો ઉકાળો લેવો.

(૩) છાતીમાં કફ ભરાઈ રહેતો હોય અને નીકળતો ન હોય ત્યારે પાંચ-પાંચ ગ્રામ સૂંઠ, વાવડીંગ, ગંઠોડા, પીપર તથા નમક લઈ એનાથી અડધા ભાગે મરી ઉમેરી ઉકાળો બનાવી ગરમ ગરમ પીવો.

(૪) રાઈને વાટી સરસિયાનું તેલ મેળવી લુગદી બનાવી છાતી પર લેપ કરવો. લેપ આશરે કલાક લગાવી રાખવો. આ મુજબ સળંગ ચાર પાંચ દિવસ કરવાથી છાતીમાં ભરાયેલો કફ છૂટો પડશે અને શ્વાસ લેવાનું સરળ બનશે.

(૫) જ્યારે દમનો હુમલો આવે ત્યારે દિવેલમાં શેકેલા કાયફળની છાલનું એક ગ્રામ ચૂર્ણ મધ સાથે મેળવી ચાટવું. (નોંધ : કાયફળની છાલના ચૂર્ણથી કેટલીક વ્યકિતઓને વમન (વોમીટ) થઈ શકે, જેથી માત્રા વિવેક રાખવો અને દિવસ દરમ્યાન વધુ વખત પ્રયોગ કરવો નહિ.)

(૬) દમનો હુમલો આવે ત્યારે તત્કાલ કરવા જેવો બીજો પ્રયોગ - ટિંકચર ઓફ કેમ્ફર (કપૂરના અર્ક)ના બે ટીપાં અથવા નાગરવેલના પાનના રસના પાંચ ટીપાં એક મોટી ચમચી હુંફાળા પાણીમાં મેળવી દર દોઢ-બે કલાકના અંતરે લેવા. શ્વાસ લેવામાં રાહત જણાય કે તરત પ્રયોગ બંધ કરવો.

(૭) દમના દર્દીઓના ઓરડામાં ધતૂરાના સૂકા પાનને સળગાવી એની ધૂણી ફેરવવી. (નોંધ : ઓરડાના બારી-બારણા ખુલ્લા રાખવા)

(૮) દમ કે શ્વાસના ઉગ્ર હુમલા વખતે પચ્ચીસ ગ્રામ બેઠી ભોરીંગણીના પંચાંગનો ઉકાળો કરી, એમાં પાંચ ગ્રામ અરડૂસીનું ચૂર્ણ, બે ગ્રામ મરી તથા બે ગ્રામ નમક મેળવી ગરમ-ગરમ સૂપની જેમ લેવું.

(૯) દમના રોગીઓએ વીસ નંગ આકડાના ફૂલની કળી સો મી.લી. દેશી દિવેલમાં ઉકાળી, ગાળી એક સ્વચ્છ શીશીમાં ભરી લેવું. સવાર-સાંજ નાકના બંને નસ્કોરામાં આ દિવેલના બે-બે ટીપાં હુંફાળા કરી પાડવા.

(૧૦) દમના હુમલા વખતે બહેડા છાલ મોમા મૂકી ચૂસવી.

(૧૧) દમના રોગીઓએ સમભાગે મેળવેલા નાગરમોથ, હરડે અને સૂંઠના બારીક ચૂર્ણમાં બમણો જૂનો દેશી ગોળ મેળવી, ચણા જેટલી ગોળી બનાવી રાખી, નિત્ય દિવસમાં એકાદ વખત સેવન કરવા યોગ્ય છે.



ઘરમાં જે ભાગમાં સૂર્યપ્રકાશની અછત હોય, ભેજ વર્તાતો હોય ત્યાં કપૂર રાખવું

(૧૨) શ્વાસની ઉગ્ર અવસ્થામાં નાળિયેરના છોડાની રાખ મધ સાથે ચાટવી.

(૧૩) બાળકોને શ્વાસ કે દમની તકલીફ રહેતી હોય તો આકડાના પાન પર દિવેલ લગાવી છાતી પર એનો શેક કરવો. (નોંધ : આકડાના છોડમાંથી નીકળતુ દૂધ ઝેરી હોઈ આંખો તથા મોં માં ન જાય એનું ધ્યાન રાખવું.) શેક કરવા માટે પાન પર દિવેલ લગાવી, છાતી પર

|| અનુસંધાન પાના નં.૦૮ પર



કાકુરો

3823 | ૪ નવેમ્બર,૨૦૨૬

	6	8			4	20
4				7		
9			12	12 15		
	9				11	
		24 12				7
	12			4		
12						

નિયમો : 7 x 7=49
ખાનાની આ સરવાળાની રમત છે.
રાખોડી અથવા સફેદ રંગની ઉપરના ભાગમાં લખેલ અંક આડી હરોળ ગણાશે જ્યારે નીચેના ભાગમાં લખેલ અંક ઊભી હરોળ ગણાશે. રમતમાં માત્ર ૧ થી ૯ સુધીના અંકનો જ ઉપયોગ કરવાનો છે. આડી કે ઊભી હરોળમાં કોઈપણ અંક પુનરાવર્તિત થવો જોઈએ નહિ.
રમત પુરી કરવા માટે આપ એ માત્ર સફેદ ખાનામાં અંક મુકવાનો રહેશે.
-ભાવના શુકલ

	6	8			4	20		
4	1	3		7	1	6		
9	5	4	12	12 15	3	9		
	9	1	2	6	11	5		
		24 12	7	9	8	7		
	12	9	3	4	3	1		
12	9	3						

ગુજરાત સમાચાર સુડોકુ

ક્રમ નં. ૬૨૯૭
૪ નવેમ્બર., ૨૦૨૬

	૪		૫					
		૨	૩	૮	૭			
	૮	૭	૧		૬			૨
૨	૫	૪				૯		
		૧				૩	૬	૪
૪			૭		૩	૬	૯	
			૮	૬	૨	૪		
					૧		૭	


સુડોકુના નિયમો

(૧) ૧ થી ૯ સુધીના જ અંકનો ઉપયોગ કરવો.
(૨) દરેક ખાનામાં એકજ અંકનો ઉપયોગ કરવો.
(૩) આડી અને ઊભી હરોળમાં અંકનો ઉપયોગ માત્ર એકજ વાર કરવો.
(૪) ૩X૩ = ૯ ખાનામાં ૧ થી ૯ અંકનો ઉપયોગ કરવો અને દરેક અંકનો માત્ર એક જ વાર ઉપયોગ કરવો.
(કર્તા : યોગેશ શુક્લ)

૭	૭	૨	૬	૭	૯	૫	૯	૪
૯	૫	૯	૨	૪	૭	૭	૬	૭
૬	૭	૪	૯	૫	૭	૯	૨	૯
૯	૪	૯	૫	૭	૨	૬	૭	૭
૫	૨	૯	૭	૬	૭	૪	૫	૨
૭	૬	૭	૯	૨	૪	૯	૫	૯
૨	૯	૫	૪	૯	૬	૭	૭	૭
૭	૯	૬	૭	૭	૫	૨	૯	૬
૪	૭	૭	૭	૨	૭	૬	૭	૫

ક્રમ નં. ૬૨૯૭ માટે આપેલ કોયડાનો ઉકેલ, ૪ નવેમ્બર, ૨૦૨૬

એરાઉન્ડ ધ વર્લ્ડસ - રીટા શાહ



આડી ચાવી
૧. ..... આવશે મોર ને વાતો કરશું પોર (૨)
૨. ..... જામવો, મજા આવવી (૨)
૪. ઘોડી જોડેલી સુશોભિત ખુલ્લી ગાડી (૨)
૬. અંગૂઠા પાસેની આંગળી (૩)
૮. આંબેહૂબ વર્ણન (૩)
૧૦. ખીચડી સાથે બનાવવી પડશે (૨)
૧૨. સ્વપ્નમાં આવતી સુંદરી (૨)
૧૩. સહાયતા અંગે અપાતું દાન (૩)
૧૫. થોડા વાળની સેર (૨)
૧૬. ..... માંથી ઘર થાય (૨)
૧૭. ઊલટી ....., વિપરીત વાત (૨)
૧૮. હું ભલી ને મારું ઘર ..... (૨)
૨૧. રાજાનું ઘર (૩)
૨૩. ગામમાં ઘર નહિ ને ..... માં ખેતર નહિ (૨)
૨૪. ટેવ, વ્યસન (૨)
૨૬. ..... પુત્ર હનુમાન (૩)
૨૮. કવાયત (અ.) (૩)
૩૦. રાજા ..... મોહનરાય (૨)
૩૧. અનાજ દળવાનું સાધન (૨)
૩૨. આદમ અને ..... (૨)

ઊભી ચાવી
૧. જૈન મૂર્તિના શણગાર (૨)
૩. વીતેલું, ભૂતકાળનું (૨)
૪. ઘરમાં વાઘ ને બહાર ..... (૩)
૫. ..... ચિંતા સમાન છે
૭. પાણી જવાનો રસ્તો (૨)
૮. તમાકુ ફૂંકવાનો ટોટો (૩)
૯. એક વિદેશી દારૂ (૨)
૧૧. ..... મૂકવું, નમતું મૂકવું (૨)
૧૨. ત્રાજવાનું છાબડું (૨)
૧૪. અળખામણું, અણમાનીતું (૩)
૧૫. ઘરડી ઘોડી લાલ ..... (૩)
૧૮. ભક્તિનું ગીત (૩)
૧૯. ગદાધારી પાંડુપુત્ર (૨)
૨૦. વાળ ન હોય એવો માથાનો ભાગ (૨)
૨૨. પીડા, ઉપાધિ (૨)
૨૩. કાળું મજબૂત લાકડું (૩)
૨૫. તપસ્યા (૨)
૨૭. ..... અને વરસાદને જશ નહિ (૨)
૨૯. હોલેન્ડનો વતની (૨)
૩૦. ફરિયાદ (૨)

આયરકુચર

સરવૈયું

ઘડીકમાં આવે, ઘડીકમાં જાય
સુખ સતત, કદી ક્યાં રોકાય ?
કળ તો હજી માંડ વળી છે
એટલામાં પાછું દુઃખ આવી ડોકાય ?
ભરોસો નથી હવે, વસ્તુના સ્વભાવનો
હતું મુલાયમ પીંછું, તોય બોલો ભોંકાય !
લૂ-તડકો નસીબમાં, હશે પરભવના પાપ
હવે તો તળિયા, ચાંદનીમાં શેકાય.
પેન્શન સીનીયર, ઘર, મંદિરને પાર્ક
હવે આ ઉંમરે શું નવાજૂની થાય ?

ઠેરના ઠેર

એક
બકરી
હિંમત કરીને
કલ્લુ કસાઈના
ઘરેથી
ભાગી....
દૂ...ર નાં
એક
વંડામાં
લપાઈ ગઈ
એ...હા એ જ
જગ્ગુ જલ્લાદનું
ઘર
હતું !
ઠેરના ઠેર

એજન્ડા :-

વિટામીન D વાળા તડકાની,
લીમડાની ઘટાદાર છાંયાની,
ફૂલોની ખુશ્બૂની....
કોયલના ટહૂકાની...
મેઘધનુષની રંગોળીની.....
મોજાંનાં ઉછળતાં ધ્વનિની
હવામાં ૨૧ % Oxygen
સતત મેઈનટેઈન કરવાની....
કેટલી MRP રાખવી....
આ અંગે અતિથિ વિશેષ
શિયાળ....ગીધ...ઉધઈ મંતવ્ય આપશે.



બે પડોશણ

અલી, શું જમાનો છે આવ્યો ?
શુભ-લાભ નહિ કાળ ચોઘડિયાં લાવ્યો !
વાત ખરી, તારી છે બુન
સવાર... સાંજ ને નુન
પછી ડીસેમ્બર કે જૂન
દિલ્હી હોય કે દહેરાદૂન
આ હવા... કેવી પ્રદૂષણવાળી
લઈ લઈને હું ય પડી ગઈ કાળી
મારે ય ઝીલવાના આ જંકફૂડ
બર્ગર, પાસ્તા, પીઝા રોબીનહુડ
ક્યારે... ક્યારે પૌષ્ટિક ગુડ ?
વાત કરે બે પડોશણ
... શ્વાસનળી અને અન્નનળી

W


ધ્યાન જૂઓ
જાણે બે - V V સાથે મૂકી દીધા !
યા પેલા M ને શીર્ષાસન
કરાવી દીધું ને W થઈ ગયો.
સ્ટાર્ટથી એન્ડ સુધી ય - W
* ખુશી આપે - Window
* દુઃખ આપે - Widow

WOW !

Caution
Festivals
Some time
Give
Wrong
Me ssage
Fire
And
Run away !

ખાના ખજાના

કોમન



દિલીપ શાહ

PQR


P ૩ વખત '૨' આવે એવા બે બોલીવુડ ડાયરેક્ટર કોણ નિકુંજ અંકલ ?

Q બે વખત પૂરી ઓળખમાં '૨' આવે એવા સાહિત્યકાર કોણ નીલીમા આન્ટીજી ?


R 'ગ' આવે એવું રાજ્ય, શહેર, નદી અને જોવાલાયક સ્થળ કયું જોગેન્દ્ર ?

શબ્દ નિર્માણ






સુગંધ, ખૂશ્બુ આપે ફૂલની....
શમ્મીકપૂર-માલાસિંહા
મીઠું Nacl,
13 x 4



શયનકક્ષામાં
ઈયાન....ક્રીકેટર
જલ્દી સળગી ઊઠે એવું
શર્માલી-ગીતકાર



બોલ રાધા બોલ...
કાના માત્રા વગરનું ફળ
ટોપ ફલોરે-શરીરમાં
મૂર્તિ

કીટીપાર્ટી ?

વિલન

- આત્મા → પ્રાણ
- મોના, ડાર્લિંગ
- ડેઝર્ટ વીકટરી
- અંતે સીટી
- સાહુ RK
- શરૂમાં પ્રભુ અંગે રંગ
- અંતે ઘૂંટણ
- R. M.
- ૬ અક્ષરી નામ ૫ અક્ષરી નામ
- મગરમચ્છ રાખે
- લવહસબંડ

સંતાકૂકડી

A	=	B	=	C	
૧. ગાઈડ		૭ પ્રિયા રાજવંશ		૧૩ કૈફી આજમી	૬૧-૭ -૩
૨ હમ હિન્દુસ્તાની		૮ લક્ષ્મી		૧૪ ઉષા ખન્ના	'૩૧-૭-૫
૩ હીર રાંઝા		૯ અનિતા ગુહા		૧૫ મુઝે દુનિયાવાલો	'૫૧-૧૧-૨
૪ લીડર		૧૦ વિજય આનંદ		૧૬ C અર્જુન	'૬૧-૭-૬
૫ જય સંતોષી મા		૧૧ મોતીલાલ		૧૭ રાજેશ રોશન	'૨૧-૬૧-૬
૬ જૂલી		૧૨ સંજીવકુમાર		૧૮ માર્કો-રોઝી	'૭૧-૦૧-૧

English Corner

City / Country


W R E N S O M
I V U B L A D

- 10 + Words + ↓ ↓
- + Also 7 letters word
- + 6 letter inner wear
- + old name of Country
- One Capital
- Element 7 letter
- Weapon


Some words : News, Liver, LBW, Snow, Bread, Mouse, Leader, Radium

Sword, Berlin, Ura-nium, Burma, Blouse, Rainbow,

ખૂટતો અંક



કૌન બનેગા અક્ક... લ પતિ ?



અક્ષરમેળ છંદોને ઉતરતા (મોટીથી-નાની) ક્રમમાં ગોઠવો.
અ મંદાક્રાન્તા બ અનુષ્ટુપ
ક શાર્દૂલ વીક્રીડિત ડ સ્ત્રગ્ધરા

(૧) ચુનીલાલ મડિયાની કૃતિ
અ જક્ષણી બ પોસ્ટ ઓફિસ
ક ખીજડીએ ટેકરે ડ લોહીની સગાઈ



(૨) ટૂંકી વાર્તાના ધુરંધર
અ ચેખોવ બ ઓ હેન્રી
ક વિકટર હ્યુગો ડ ટોલ્સટોય

(૩) કલાપીજીની યાદ....સાથે
અ ગ્રામ્યમાતા બ શિવાજીનું હાલરડું
ક નાગદમન ડ મહાસાગર



(૪) મિસ કમલાના નામે ગીતો લખનાર ડબલ રોલમાં
અ કવિ પ્રદીપ બ પંડિત ભરત વ્યાસ
ક ગુલશન બાવરા ડ યોગેશ

(૫) રિપેરીંગ કરો.
અ હાઈકુમાં ૫-૭-૫ અક્ષર
બ સમીતિ - જોડણી
ક સોનેટમાં ૧૪ લીટી
ડ વર્તમાનપત્ર-મધ્યમપદ લોપી સમાસ

(૬) જ્યોતિન્દ્ર દવે પારિતોષિક વિજેતા
અ કલ્પના દેસાઈ બ પલ્લવી મિસ્ત્રી
ક ડૉ. અલ્પા શાહ ડ ડૉ. નલિની ગણાત્રા

(૭) આવ નહિ, આદર નહિ, નહિ નયનમાં નેહ, તે ઘર કદી ન જાઈએ ભલે.... વરસે મેહ.
અ ધોધમાર બ મૂશળધાર
ક કંચન ડ લગાતાર



(૮) ઉત્પ્રેક્ષા અલંકાર આમાં.....
અ આયુષ કુશલ જેટલો જ ચબરાક છે
બ રસીલા ગૌરી જાણે દુર્ગાનું રૂપ !
ક અમી-જાનકી હોડી હલેસા !
ડ કાજલ એટલે કાજલ.



(૯) ''મારે ગયે ગુલફામ'' કૃતિના પડઘા એટલે
અ ઉસને કહા થા બ પરખ
ક બંદીની ડ તીસરી કસમ

થોડામાં ઘણું

- દાદા મેકરણની સમાધિ કચ્છમાં
- મીલ ઉદ્યોગ પ્રણેતા રણછોડલાલ રેંટિયાવાળા
- જનરલ માણેકશા ભારતીય સેનાના પ્રથમ ફીલ્ડ માર્શલ

Ans

૧ (૨) ૫ (૭) ૬ (૭) ૧ (૩) આમ્રપાલી
૫ (૫) ૫૮ (૨) ૫૮ (૬) ૫ (૨) ૬ (૬)
(૨૬) ૫ (૭૬) ૫૮ (૨૬) ૬ (૬૬) ૧ :-૫૬

બે હાઈકુ

કડક શિક્ષા સંતાકૂકડી
લટકો દ્વારે દ્વારે પાનેતર, કફન
આસોપાવલ જીવનચક્ર (સ્વરચિત)

ગુજરાત સમાચાર
શતદલ
બુધવાર ૦૪-૧૧-૨૦૨૬
ટેકનોવર્લ્ડ 11

આપણને સૌને હવે ફૂડ એપ્સનો ચસકો લાગી ગયો છે ત્યારે...

દિવાળીમાં ટેસ્ટ કરો ફૂડ એપ્સનાં મસ્ત ફીચર્સ



આપણા સૌના હાથમાં સ્માર્ટફોન ને એમાં ફૂડ ડિલિવરી એપ્સ આવી નહોતી ત્યારે પણ ફૂડની ફટાફટ ડિલિવરી તો થતી હતી, એ પણ વિરાટ પાયે. મુંબઈના ડબ્બાવાલા, છેક ૧૮૯૦થી એ જ કામ કરતા આવ્યા છે. ગજબની ચોક્સાઈથી. કોઈ એપ નહીં. એડ્રેસ જોવા કોઈ ડિજિટલ મેપ નહીં. ટ્રેકિંગ માટે કોઈ જીપીએસની સગવડ નહીં. ફક્ત ચોક્કસ કોડિંગ ને કલરમાર્કવાળા ડબ્બા. સાથે ગજબની શિસ્ત. મુંબઈમાં પાંચેક હજાર ડબ્બાવાલા ગૃહિણીના હાથમાંથી રોજેરોજ બે લાખ જેટલાં ટિફિન લઈ, શહેરના ખૂણેખૂણે પહોંચાડતા આવ્યા છે.

પછી એપ્સ આવી! વર્ષ ૨૦૧૨માં લોન્ચ થયેલી ફૂડપાન્ડા સર્વિસે ભારતમાં મોબાઈલ ફૂડ ઓર્ડરિંગ શરૂ કર્યું. આજે ભારતમાં ફૂડ ડિલિવરી પર્સન તરીકે ૧૪-૧૫ લાખ લોકોને આવકનું નવું સાધન મળ્યું છે!

પછી સ્વિગી આવી, પછી ઝોમેટો આવી. આ બંને એપ એવી છવાઈ ગઈ કે એવી બીજી ઘણી એપ્સ છે, પણ આપણા ખાસ ધ્યાનમાં આવતી નથી.

આ ફૂડ એપ્સ ધીમે ધીમે આપણને કેવી ભાવી ગઈ છે એનું એક ઉદાહરણ જુઓ - ઝોમેટો ૨૦૧૫માં આવી, તેના સીઇઓએ કહ્યું હતું કે કંપનીએ લોન્ચ થયા પછીનાં પહેલાં ત્રણ વર્ષમાં જેટલા ઓર્ડર ડિલિવર કર્યા હતા, એટલા જ ઓર્ડર દસ વર્ષ પછી ડિસેમ્બર ૨૦૨૫ની એક જ રાતમાં ડિલિવર કર્યા હતા! બીજી વાત, ભારતમાં સૌથી વધુ ઓનલાઇન ઓર્ડર કરાતી ફૂડ આઇટેમ છે બિરયાની. દર સેકન્ડે બેથી ત્રણ ઓર્ડર!

હવે કહો, દિવાળી નજીક હોય, આપણા ઘરે મહેમાનોની આવનજાવન અને આગતાસ્વાગતા શરૂ થઈ ગઈ હોય ત્યારે આ ફૂડ એપ્સની વાત કર્યા વિના કેમ ચાલે?!

માંડ બાર-પંદર વર્ષ પહેલાં આવેલી ફૂડ ડિલિવરી એપ્સ હવે આપણા જીવનનો એક ટેસ્ટી હિસ્સો બની ગઈ છે.

આવી એપ્સ અને રેસ્ટોરાં વચ્ચે ક્યારેક ખેંચતાણ થતી રહે છે પણ બંનેને એકમેક વિના ચાલે તેમ નથી.

દિવાળીના દિવસોમાં તમારા ઘરમાં આ એપ્સનો ઉપયોગ વધશે એ નક્કી છે ત્યારે કેટલાંક જાણ્યાં-અજાણ્યાં પાસાં જાણી લઈએ.

ગ્રૂપ ઓર્ડરિંગ અને શેર્ડ કાર્ટ: સૌ કોઈ ઓર્ડર કરી શકે પોતપોતાના ફોનમાંથી



તમારા ફેમિલીમાં આવું થતું હશે - કોઈ સાંજે ઓનલાઇન ફૂડ ઓર્ડર કરવાનો નિર્ણય લેવાય એટલે સૌ કોઈ પોતપોતાનો ઓર્ડર નક્કી કરવા માટે પોતપોતાના ફોનમાં ફૂડ એપ ઓપન કરે. જેમની આઇટેમ નક્કી થતી જાય, એ ફાઇનલ ઓર્ડર અને પેમેન્ટ કરનારના ફોનમાં કાર્ટમાં બધું ઉમેરાવે. એમાં પાછી રોટી ને બદલે પરાઠા ઓર્ડર કરવા જેવું કસ્ટમાઇઝેશન પણ હોય. પરિણામે ફાઇનલ ઓર્ડર કરનાર અકળાય. કેમ કે બીજાના ઓર્ડર ઉમેરવામાં એ પોતાની આઇટેમ શોધી જ ન શકે!

આના ઉપાય તરીકે, ઝોમેટો અને સ્વિગી જેવી ફૂડ ડિલિવરી એપ્સમાં 'ગ્રૂપ ઓર્ડરિંગ' અને 'શેર્ડ કાર્ટ'ની સગવડ છે. જે વ્યક્તિ ફાઇનલ ઓર્ડર/પેમેન્ટ કરવાની હોય તે હોસ્ટ બનીને, પોતાના ફોનમાં કોઈ રેસ્ટોરાં ઓપન કરી, ત્રણ ડોટ પર ક્લિક કરીને 'ગ્રૂપ ઓર્ડર' પસંદ કરી શકે. આથી એક લિંક જનરેટ થાય, જેને વોટ્સએપ કે અન્ય રીતે ફેમિલી-ફ્રેન્ડ્સ સાથે શેર કરી શકાય. એ સૌ પોતાના ફોનમાં એ લિંક ક્લિક કરી, તેમને મનગમતી આઇટેમ્સ ઓર્ડર કરે તથા કસ્ટમાઇઝેશન નક્કી કરી શકે.

દરેક વ્યક્તિના ઓર્ડર અલગ અલગ ફોનમાંથી થાય પરંતુ નોંધાય એક જ શેર્ડ કાર્ટમાં. પછી ગ્રૂપ ઓર્ડર માટેની લિંક જનરેટ કરનાર વ્યક્તિ કાર્ટમાંની બધી ફૂડ આઇટેમ તપાસીને ચેકઆઉટ માટે આગળ વધી પેમેન્ટ કરે. એ પછી ગ્રૂપમાં સામેલ બધી વ્યક્તિ પોતપોતાના ફોનમાં તેમની ડિલિવરી ક્યારે પહોંચશે એ પણ તપાસી શકે! આ રીતે એક સાથે એપ મુજબ, ૪૦-૫૦ લોકો સહિયારો ઓર્ડર આપી શકે!

અચ્છા, આટલું વાંચીને તમને કોઈ નવો સવાલ થયો?


જેમ કે બધા લોકોએ એક જ રેસ્ટોરાંને બદલે અલગ અલગ રેસ્ટોરાંમાંથી આઇટેમ્સ મંગાવવી હોય તો? જુદી જુદી એપ મુજબ, ૪-૫ અલગ અલગ રેસ્ટોરાંમાંથી ઓર્ડર કરવાની પણ સગવડ મળે છે!

અને, હા, ઓર્ડરનું પેમેન્ટ ઓટોમેટિકલી સૌ વચ્ચે સ્પ્લિટ કરવાની સગવડ પણ આવી રહી છે - ફ્રેન્ડ્સની સોલ્જરી વખતે કામ લાગે!

ફેવરિટ ફૂડનું લિસ્ટ બનાવી લો

ઘણાં ખરાં ફેમિલીમાં ઓનલાઇન ફૂડ ઓર્ડર કરવાની ને પેમેન્ટ કરવાની જવાબદારી એક કાયમી મેમ્બરે સંભાળવી પડતી હોય છે. તમારે માથે એ જવાબદારી ન હોય, તો તમારે તો સોફે બેઠાં બેઠાં ઓર્ડર જ કરવાનો, 'મારે રેડ પાસ્તા!'.

એનો ગેરફાયદો એ કે ફૂડ એપ્સનાં ઘણાં ફીચર્સ તમારા ધ્યાન બહાર રહી જાય. જેમ કે રેસ્ટોરાં કે ફૂડ આઇટેમ 'ફેવરિટ' તરીકે માર્ક કરવાની સુવિધા.



જેમ ઓનલાઇન શોપિંગ સાઇટ્સમાં આપણે મનગમતી વસ્તુઓ 'વિશલિસ્ટ'માં ઉમેરી શકીએ, એ જ રીતે, ફૂડ એપ્સમાં ફેવરિટ તરીકે નોંધી શકાય. ફૂડ એપ મુજબ આ ફીચરનું નામ અલગ હોય, તેમ ફેવરિટ તરીકે નોંધવાની રીત પણ થોડી ઘણી અલગ હોય, પણ મૂળ કન્સેપ્ટ એ જ.

ફાયદો એ કે તમે ખરા ફૂડી હોય તો ક્યારેક ભરપેટ જમ્યા પછી, આડા પડખે થયા હો ત્યારે પણ ફૂડ એપ ઓપન કરી, તેમાં મનગમતી રેસ્ટોરાં કે આઇટેમ તમારા ફેવરિટ લિસ્ટમાં ઉમેરી શકો. ઓર્ડર કરતી વખતે ફાંફાં મારવાની કોઈ જ ઝંઝટ જ નહીં. ફેવરિટ લિસ્ટ ઓપન કરો અને ફટ દઈને, પહેલેથી નક્કી કરી રાખેલી આઇટેમ ઓર્ડર કરી દો.

એ જ રીતે, કોઈ રેસ્ટોરાંમાંથી ફૂડ ઓર્ડર કર્યા પછી સારો અનુભવ ન થયો હોય તો ઘણી ફૂડ એપમાં, તેને માટે 'નેવર શો ધીસ અગેઇન' કહીને તેને બ્લેક લિસ્ટ પણ કરી શકાય.

હોટેલનું ફૂડ અનુકૂળ ન હોય ત્યારે પણ ફૂડ એપ કામ લાગી શકે!

અચ્છા, આ કોઈ ફૂડ એપનું ફીચર નથી, પણ આપણા જુગાડની વાત છે. આપણે ટુરમાં જઈએ ત્યારે મોટા ભાગે બ્રેકફાસ્ટ સાથેની હોટેલ રૂમ બુક કરતા હોઈએ છીએ. કારણ પાક્કું ગુજરાતી. સવારમાં થાય એટલો મોડો બ્રેકફાસ્ટ કરવાનો. ભરપેટ કરવાનો. પછી લંચ સ્કીપ કરી નાખવાનું. વચ્ચે 'સાઇટસીન' ('સાઇટસીઇંગ'નું 'સાઇટસીન' કરી નાખવાનું પાપ આપણે જ કરતા હશું!) વખતે આચરકૂચર ખાવાનું એટલે ડિનરમાં પણ ટૂંકેથી પતાવી શકાય!

તમારે સાવ આવું ન કરવું હોય, પણ જે હોટેલમાં રોકાયા હો ત્યાંનું લંચ કે ડિનર મોંઘું પડતું હોય અથવા કોઈની તબિયત સારી ન હોય તો લોકલ રેસ્ટોરાંમાંથી કંઈક સાદું ફૂડ ઓનલાઇન ઓર્ડર કરી શકાય. હવે ઘણા લોકો લંચ કે ડિનર સમયે આ રીતે ઓનલાઇન ઓર્ડર કરીને હોટેલની બહાર, રસ્તા પર ડિલિવરી પર્સનની રાહ જોતા જોવા મળે છે. હોટેલવાળાને આ ગમે નહીં, પણ એ મોટા ભાગે ચલાવી લેતા હોય એવું લાગે છે.

હા, એપમાં એડ્રેસ ઘરને બદલે હોટેલનું આપવાનું ભૂલશો નહીં!


ડાઇનઆઉટ ડિસ્કાઉન્ટ: બહાર જમવા જાઓ ત્યારે અચૂક લેવા જેવો લાભ

ખર્ચમાં થોડી બચત તો મુકેશભાઈ ને ગૌતમભાઈને પણ સારી લાગતી હશે - બંને ગુજરાતી છેને. આપણે રોજિંદા ખર્ચમાં થોડી બચતના રસ્તા શોધીએ તો એમાં કશું ખોટું નથી!


આવો એક રસ્તો છે કોઈ રેસ્ટોરાંમાં જવાનો પ્લાન બનાવો ત્યારે પ્રી-બુકિંગ કરીને ડિસ્કાઉન્ટ મેળવવાનો રસ્તો. હવે પછી જ્યારે તમે ફ્રેન્ડ્સ-ફેમિલી સાથે કે પતિ-પત્ની કોઈ રેસ્ટોરાંમાં ડિનરનો પ્લાન બનાવો ત્યારે એમાં મોટી બચત કરી શકો છો.

મોટી એટલે ખરેખર મોટી - ક્યારેક તો પચાસ ટકા સુધીની! દિવાળીના દિવસોમાં મામાને ઘેર બહેન અને એનો પરિવાર કે અન્ય મહેમાનો આવ્યા હોય ત્યારે બહાર જમવા જતી વખતે આ ડિસ્કાઉન્ટ બહુ મીઠું લાગશે!

તમારા ઘરમાં કોઈ જેન-ઝી મેમ્બર હોય તો એને તો આ બધું આવડતું હશે. એ ન હોય કે હોય તો પણ, એના આધારે રહેવાને બદલે, તમે આ રીતે ડાઇનઆઉટ સમયે સારું એવું ડિસ્કાઉન્ટ મેળવવાનો રસ્તો શીખી લો એ સારું છે.



કરવાનું બસ આટલું છે - રેસ્ટોરાંમાં જતાં પહેલાં તમારો ફોન હાથમાં લો. એમાં સ્વિગી કે ઝોમેટો જેવી ફૂડ ડિલિવરી એપ હશે જ. ન હોય તો ઇન્સ્ટોલ કરી લો. એમાં ડાઇનઆઉટનો વિકલ્પ શોધી લો.



અમુક-તમુક રેસ્ટોરાં સાથે કેટલું ડિસ્કાઉન્ટ મળશે એ જોવા મળશે. રેસ્ટોરાં સિલેક્ટ કરો. પ્રી-બુકિંગ અને વૉક-ઇન ઓફર્સ તપાસો. ટેબલ બુક કરવા માટે, વ્યક્તિ અને ટાઇમ સ્લોટ પસંદ કરી, ટેબલ બુક કરો. આ બધામાં વિવિધ શરતો લાગુ હોય, જેમ કે અમુક દિવસે-સમયે ડિસ્કાઉન્ટમાં વધઘટ હોઈ શકે. ક્યારેક પ્રી-બુકિંગ સમયે નજીવું પેમેન્ટ પહેલેથી કરવું પડે.

એ બધા કોઠા ભેદીને અસલ રેસ્ટોરાંમાં પહોંચો. નિરાંતે ફૂડની મજા માણો અને છેવટે બિલ આવે ત્યારે તમારી એપ ઓપન કરી, તેમાંથી ડિસ્કાઉન્ટ પછીની રકમનું રેસ્ટોરાંને પેમેન્ટ કરો. ડિસ્કાઉન્ટની રકમ જોઈને, બીજી વાર જમ્યાનો આનંદ મળશે એ નક્કી!

ટ્રેનની સીટ પર ફૂડ ડિલિવરી

અનેક વિદેશી પ્રવાસીઓ અવારનવાર ભારત આવીને દેશના ખૂણેખૂણાનો પ્રવાસ ખેડતા હોય છે. સમગ્ર દેશમાં ફરી વળવા માટે મોટે ભાગે તેઓ રેલવેનો ઉપયોગ કરતા હોય છે. આવી જ રીતે યુકેથી આવેલા એક પ્રવાસીને ભારતીય રેલવેનો અનોખો અનુભવ થયો. બનવાજોગ એ પ્રવાસી યુકેના કન્ટેન્ટ ક્રિએટર અને સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર છે. બન્યું એવું કે તે ટ્રેનમાં ઉત્તર ભારતમાં મુસાફરી કરી રહ્યો હતો ત્યારે કોઈ સાથી ભારતીય પ્રવાસીની મદદથી એપ પર ફૂડ ઓર્ડર કર્યું. એમની ટ્રેન કાનપુર સેન્ટ્રલ સ્ટેશન પર ફક્ત પાંચેક મિનિટ ઊભી રહી પરંતુ એટલા સમયમાં ઓર્ડર કરેલું ફૂડ તેમના સુધી પહોંચી ગયું!

ભાઈ તો આભો બની ગયો!


તેણે પોતાનો અનુભવ વીડિયો સ્વરૂપે શેર કર્યો. તેમાં પોતે કેવી રીતે એપ પર ફૂડ ઓર્ડર કર્યું, કેવી રીતે એપમાંથી તેના માટે પેમેન્ટ કર્યું અને ટ્રેનમાં મુસાફરી ચાલુ હોવા છતાં ફૂડ કેવી રીતે તેના સુધી પહોંચ્યું એ બધી વિગતો વીડિયોમાં ઉમેરી. સાથોસાથ નોંધ લખી કે યુકેએ આમાંથી શીખવા જેવું છે.

અત્યારે ભારતમાં ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (આઇઆરસીટીસી) ફૂડ ઓન ટ્રેક, રેલરીસ્ટ્રો તથા રેલયાત્રી જેવી ભારતીય રેલવેની વિવિધ એપની મદદથી આપણે ચાલતી ટ્રેનમાંથી ફૂડ ઓર્ડર કરી શકીએ છીએ. એ જ રીતે ઝોમેટો જેવી પ્રાઇવેટ કંપનીએ પણ આઇઆરસીટીસી સાથે ઇ-કેટરિંગ માટે પાર્ટનરશિપ કરી હોવાથી તેના મારફત પણ આપણે ફૂડ ઓર્ડર કરી શકીએ છીએ. ઝોમેટો કંપનીની વેબસાઇટ કહે છે કે કંપનીએ અત્યાર સુધીમાં ૬૪ લાખ ઓર્ડર ટ્રેનમાં ડિલિવર કર્યા છે! કંપની અત્યારે ૧૭૦થી વધુ રેલવે સ્ટેશન પર, ૩૦૦૦ જેટલી ટ્રેનમાં જાણીતી રેસ્ટોરાં ચેઇન્સમાંથી ફૂડ સપ્લાય કરે છે.

આપણે ચાલતી ટ્રેનમાંથી ફૂડ ઓર્ડર કરીએ ત્યારે પોતાની ટિકિટ અને પીએનઆરની વિગતો આપવાની હોય છે. આ વિગતોને આધારે કંપની આપણી ટ્રેનનું લાઇવ સ્ટેટસ જાણતી રહે છે અને ટ્રેન જે તે સ્ટેશને પહોંચે તે સાથે તેના ડિલિવરી પાર્ટનર આપણી ટ્રેન સીટ પર ફૂડ પાર્સલ પહોંચાડે છે - તમારી આ વખતની ટુર વખતે યાદ રાખવા જેવી વાત!

મહેમાન મોડ: મહેમાનને પોતાનો ફોન આપો, મેનૂ પ્રાઇસિસ હાઇડ કરીને

દિવાળીના દિવસોમાં આપણા ઘરે મહેમાનો આવે ત્યારે કેટલીક વાર આપણે થોડી મૂંઝવણમાં મુકાતા હોઈએ છીએ. મહેમાનોની સંખ્યા વધુ હોય તો ઘરે રસોઈ બનાવવાને બદલે આપણે ફૂડ ડિલિવરી એપમાં કંઈ ઓર્ડર કરી લેવાનું વિચારીએ. સ્વાભાવિક છે કે આવે સમયે આપણા પરિવારના સભ્યો તથા મહેમાનો સૌ કોઈને આપણે પોતપોતાની પસંદગીની ફૂડ આઇટેમ્સ ઓર્ડર કરવાનું સૂચવીએ (ત્યારે પેલો ગ્રૂપ ઓર્ડરિંગનો રસ્તો પણ અજમાવી શકાય).



આટલું કરીને આપણે પોતાનું કામ સહેલું કરી લઈએ. પરંતુ હવે મહેમાનને મૂંઝવણ થાય!

ફૂડ એપમાં તેઓ કોઈ ચોક્કસ રેસ્ટોરાંમાંથી કોઈ ચોક્કસ આઇટેમ ઓર્ડર કરવા માગતા હોય પરંતુ તેનો ભાવ વધુ દેખાય તો મહેમાન તેનો ઓર્ડર કરતાં ખચકાય. કારણ કે છેવટે બધાના ઓર્ડરનું પેમેન્ટ આપણે એટલે કે યજમાન કરવાના હોય.


એકમેક પર વધુ ભાર ન નાખવાનું આ સાહજિક સૌજન્ય સારી જ વાત છે. પરંતુ થાય એવું કે તેને કારણે મહેમાને પ્રમાણમાં સસ્તી અને કદાચ ન ભાવતી વાનગીઓ ઓર્ડર કરવા મન મનાવવું પડે (ફ્રેન્ડ્સના કિસ્સામાં ભાવ જોઈને એ આપણને બરાબર ઝપટમાં લે એવું પણ બને)!

આ તકલીફનો ઝોમેટોમાં ઉપાય આવી રહ્યો છે. એક યૂઝરે ઝોમેટોના કો-ફાઉન્ડર દીપિન્દર ગોયેલને ટેગ કરીને લિંક્ડઇન પર આ વિશે એક પોસ્ટ મૂકી. તેમણે કહ્યું કે જ્યારે મહેમાનોને ફૂડ ડિલિવરી એપથી ઓર્ડર કરવાનું સૂચન કરવામાં આવે ત્યારે તેમની મૂંઝવણ ટાળવા માટે મેનૂમાં લખેલી કિંમતો હાઇડ કરી દેવાની સગવડ હોવી જોઇએ. ઝોમેટોના કો-ફાઉન્ડરને આ સૂચન ગમી ગયું. તેમણે કહ્યું કે ઉન, આ દિવાળી પહેલાં ઝોમેટોમાં આ સૂચનનો અમલ થઈ જશે (લિંક્ડઇન પર સૂચનવાળી વાત પીઆર-પ્રમોશન એક્સરસાઇઝ હોય એવું પણ બને).

ઝોમેટોમાં આ ફીચર મોટા ભાગે 'મહેમાન મોડ' તરીકે ઓળખાશે. યજમાન તરીકે આપણે પોતાના ફોનમાં ઝોમેટો એપ ઓપન કરી, તેમાં આ 'મહેમાન મોડ' ઓન કરીને પછી ફોન મહેમાનના હાથમાં મૂકી શકીશું.

મહેમાન હવે નિશ્ચિંત બનીને, કોઈ ખચકાટ ને કિંમતો જોયા વગર મનગમતી વાનગીઓ ઓર્ડર કરી શકશે. પછી આપણે ફોન પાછો પોતાના હાથમાં લેશું અને ઓર્ડર માટે પેમેન્ટ કરવા આગળ વધી શકીશું!

પુરાની દિલ્હીના અસલી છોલે ભટૂરે દાઢે વળગ્યા છે? ઘરે ડિલિવરી મેળવો



ઘણાં અમદાવાદી ફેમિલીને મુંબઈનાં વડાપાઉ એટલાં ભાવતાં હોય કે ક્યારેક નવરાંબેઠાં, સવારની ટ્રેનમાં બોરીવલી જઈ, સ્ટેશન બહાર વડાપાઉ ખાઈને બપોરની ટ્રેનમાં પરત આવવાના વિચાર પણ થતા હોય! ઝોમેટોએ આ ખયાલી પુલાવને હકીકતમાં ફેરવ્યો - 'ઇન્ટરસિટી લીજન્ડ્સ' નામે. એમાં આપણે બીજા કોઈ શહેરના ફેવરિટ રેસ્ટોરાંની આઇકોનિક આઇટેમ ઓર્ડર કરી શકતા હતા, આપણા શહેરમાં, ઘેરબેઠાં!

આવા ઇન્ટરસિટી ઓર્ડરનું સ્પેશિયલ પેકિંગ થાય. પછી બાય એર અને બાય રોડ ડિલિવરી થાય! 'પુરાની દિલ્હી કે છોલે ભટૂરે' કે 'અસલી હૈદરાબાદી બિરયાની' વગેરે મોટા ભાગે આપણા સુધી બીજા-ત્રીજા દિવસે પહોંચે. આપણે તેને ગરમ કરીને 'ઓથેન્ટિક' અને 'રિઅલી સ્પેશિયલ' ટેસ્ટની મજા માણી શકીએ. ખિસ્સું ખાસ્સું ઢીલું કર્યા પછી.

જોકે આવી ઇન્ટરસિટી ડિલિવરીમાંની ઝંઝટો જોઈને ઝોમેટોએ આ સર્વિસ ઓગસ્ટ ૨૦૨૪માં સમેટી લીધી. આમ છતાં, તમારો ફૂડી કીડો સંતોષવો હોય તો Tastes2Plate, Hungersate કે JustMyRoots જેવાં પ્લેટફોર્મ તપાસી જુઓ. પછી તમે પણ અમદાવાદ કે રાજકોટ બેઠાં, દિલ્હીના દહીં ભલ્લાનો ટેસડો કરી શકશો!

હા, આટલું પણ કરજો...

દિવાળીમાં કે અન્ય દિવસોમાં તમે જ્યારે ફૂડ ડિલિવરી એપની મદદથી ફૂડ ઓર્ડર કરો ત્યારે ડિલિવરી પર્સનને કંઈક ટિપ આપો તો ઘણું સારું, બાકી કમ સે કમ સારો રિવ્યૂ (જો એ તેના હકદાર હોય તો) અને 'થેંક્યૂ' સાથે 'હેપ્પી દિવાળી' કહેવાનું ભૂલશો નહીં. આપણે ફ્રેન્ડ્સ-ફેમિલી સાથે દિવાળી સેલિબ્રેશન કરતા હોઈએ ત્યારે એ લોકો પોતાના ફેમિલીને ઘરે મૂકીને આપણી સગવડ સાચવતા હોય છે. એમને એનું મહેનતાણું મળે છે એ વાત સાચી, પણ દિવાળીમાં કોઈના ચહેરા પર સ્મિતનું કારણ બનીએ, એ પણ દિવાળી સેલિબ્રેશન જ છે!



એક ખાસ પહેલ, આપને માટે!

શ્રેયાર્થ યુનિવર્સિટી TECHNO QUIZ

ટેકનોક્વિઝમાં ભાગ લો, નોલેજ સાથે ઇનામ મેળવો!

પ્રશ્ન-૧. નીચેનામાંથી કોણ ઝોમેટો કંપનીના સહસ્થાપક છે?
(૧) અનુપમ મિત્તલ (૨) સચીન બંસલ (૩) દીપિન્દર ગોયલ

પ્રશ્ન-૨. રેલવે મંત્રાલય દ્વારા સંચાલિત આઇઆરસીટીસીનું આખું નામ શું છે? (૧) ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોઓપરેટિવ (૨) ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (૩) ઇન્ડિયન રેલવે કસ્ટમર સર્વિસ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન

પ્રશ્ન-૩. નીચેનામાંથી ક્યા દેશમાં ગૂગલ સર્ચના એઆઇ મોડમાં જાહેરાતો બતાવવાની સત્તાવાર જાહેરાત હજી થઈ નથી?
(૧) ભારત (૨) જર્મની (૩) ઓસ્ટ્રેલિયા

જવાબો મોકલવા આ ક્યૂઆર કોડ સ્કેન કરો

તા. ૨૮-૧૦-૨૦૨૬ ક્વિઝના વિજેતાઓ

ગુણવંતી શાહ, શેખ અલ્લારખા, અશોક એમ. પંચાણી

તા. ૨૮-૧૦-૨૦૨૬ ક્વિઝના જવાબો

પ્રશ્ન-૧. એરબીએનબી પ્લેટફોર્મનું મૂળ નામ શું હતું?
- એરબેડ એન્ડ બ્રેકફાસ્ટ

પ્રશ્ન-૨. ભારત સરકારના પ્રવાસન મંત્રાલયે ખાસ હોસ્પિટાલિટી ઇન્ડસ્ટ્રી માટે તૈયાર કરેલા ડેટાબેઝનું નામ શું છે? - નિધિ

પ્રશ્ન-૩. એરટેલના પ્રીપેઇડ એકાઉન્ટ સાથે મળતા યુટ્યૂબ પ્રીમિયમ એકાઉન્ટની વેલિડિટી કેટલી છે? - ૨૮ દિવસ

વિજેતાઓને અભિનંદન! આપનાં ઇનામ માત્ર રૂબરૂ અથવા કોઈ પ્રતિનિધિ દ્વારા આ સરનામેથી ૧૫ દિવસમાં મેળવી લેવાનાં રહેશેઃ શ્રેયાર્થ યુનિવર્સિટી, એમ. જે. લાઇબ્રેરી પાસે, આશ્રમ રોડ, અમદાવાદ(સવારના ૧૦થી સાંજના ૬) ૯૩૧૩૯૨૬૧૦૨/૪, info@shreyarthuni.ac.in, વેબસાઇટઃ shreyarthuni.ac.in.

ક્યૂઆર કોડ સ્કેન કરવા માટે સ્માર્ટફોનમાં ગૂગલ સર્ચ એપમાં 'લેન્સ' ઓપન કરી તેનાથી કોડ સ્કેન કરો. આઇફોન તથા અમુક એન્ડ્રોઇડ ફોનમાં ડાઇરેક્ટ કેમેરા ઓપન કરી સ્કેન કરી શકાશે (તમારા ફોનમાં આ સગવડ તપાસવા માટે કેમેરા એપનાં સેટિંગ્સ તપાસી જુઓ). એ ઉપરાંત, ફોનમાં ક્રોમ બ્રાઉઝરમાં 'શેર' બટન ક્લિક કરતાં ક્યૂઆર કોડ સ્કેન કરવાનો વિકલ્પ મળશે. પેટીએમ જેવી અમુક પેમેન્ટ એપમાંથી પણ આ ક્યૂઆર કોડ સ્કેન કરી શકાશે.

ટેકન્યૂઝ | ટેકજગતના ખબરઅંતર...

હવે એઆઇ મોડમાં પણ જાહેરાતો

આખરે ગૂગલ સર્ચના એઆઇ મોડમાં પણ જાહેરાતોએ ઘૂસણખોરી કરી છે. આમ તો ગૂગલે મે, ૨૦૨૫થી તેના સર્ચ એન્જિનમાં એઆઇ મોડમાં જવાબો આપવામાં આવી રહ્યા હોય ત્યારે જાહેરાતો બતાવવાનું શરૂ કરી દીધું હતું. પરંતુ ત્યારે ફક્ત યુએસમાં જાહેરાતો બતાવવામાં આવતી હતી. વિશ્વના અન્ય ભાગોમાં બધા યૂઝરને એઆઇ મોડ ફીચરનો એડ-ફ્રી અનુભવ મળવાનુ ચાલુ રહ્યું હતું.

એ પછી હવે વધુ ૧૦ દેશોમાં એઆઇ મોડમાં જાહેરાતો બતાવવાનું શરૂ થશે. આ ૧૦ દેશોમાં ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, કેનેડા, કેન્યા, મલેશિયા, ન્યૂઝીલેન્ડ, નાઇજિરિયા, પાકિસ્તાન, ફિલિપાઇન્સ અને સિંગાપોર સામેલ છે. એ પછી બ્રાઝિલ, મેક્સિકો અને યુકેમાં પણ એઆઇ મોડમાં જાહેરાતો જોવા મળશે.

મજા જુઓ, ગૂગલ કહે છે કે તેના પોતાના રિસર્ચમાં જાણવા મળ્યું છે કે લોકોને એઆઇ મોડમાં જાહેરાતો જોવામાં કોઈ વાંધો નથી. ખરેખર તો તેમને જાહેરાતો બહુ ઉપયોગી લાગી રહી છે! હકીકત એ છે કે એઆઇ પાછળ આંધળો ખર્ચ કર્યા પછી હમણાં એક જ દિવસમાં ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટના શેરમાં એક જ દિવસમાં ૪૭૫ અબજ ડોલરનું ધોવાણ થયું! કંપનીએ આવકના નવા રસ્તા શોધ્યા વિના છૂટકો જ નથી.

તમે જાણતા જ હશો કે આપણે ગૂગલમાં કંઈ પણ સર્ચ કરીએ ત્યારે હવે જૂના અને જાણીતા, વિવિધ વેબપેજિસની લિંક બતાવતા રિઝલ્ટ પેજ ઉપરાંત સર્ચમાં એઆઇ મોડનો પણ ઉપયોગ કરી શકીએ છીએ. આ મોડમાં આપણે પૂછેલા સવાલનો સીધેસીધો જવાબ મળે છે. ઉપરાંત આ મોડમાં આપણે આગળના પ્રશ્નો પણ પૂછી શકીએ છીએ. આમ એઆઇ મોડમાં સર્ચ ચર્ચાનું સ્વરૂપ લઈ લે છે. એઆઇ મોડમાં બતાવવામાં આવતી જાહેરાતો પર 'સ્પોન્સર્ડ' એવું લેબલ જોવા મળશે. આવી જાહેરાતો એઆઇ મોડના જવાબોની વચ્ચે જોવા મળી શકે છે.

યુએસમાં વાત આગલા તબક્કે પહોંચી રહી છે. અહીં ગૂગલ 'મલ્ટિટર્ન' એડ પણ લોન્ચ કરશે. એટલે કે આપણે કોઈ સવાલ પૂછીએ, તેને માટે એઆઇ મોડ ઓપન કરીએ ત્યારે પહેલી વાર જાહેરાતો જોવા મળે અને પછી આગળ કોઈ પૂરક સવાલ પૂછીએ તો તેના જવાબમાં પણ જાહેરાતો જોવા મળશે.

જો તમે પોતાની કંપની, પ્રોડક્ટ કે સર્વિસની ગૂગલ નેટવર્ક પર જાહેરાત માટે ગૂગલ એડ્સનો લાભ લેતા હો તો તમને પણ પોતાની જાહેરાતો એઆઇ મોડમાં બતાવવાની તક મળશે. એ માટે તમારે કશું કરવાની જરૂર રહેશે નહીં. હાલના સર્ચ, શોપિંગ અને પરફોર્મન્સ મેક્સ કેમ્પેઇનમાં હાલના બજેટમાં જ એઆઇ મોડમાં જાહેરાતો ઉમેરાઈ જશે. એ માટે અલગ કોઈ ફી ચૂકવવાની રહેશે નહીં.

આપનાં સૂચનો, સવાલો મોકલો આ સરનામા પર : technoworld.gs@gmail.com
લેખન-સંકલન : હિમાંશુ કીકાણી

ઉપદેશ નહીં, ઉત્સવ જગતને જીતે છે! :

‘રામાયણ’ ફિલ્મ ભારતની ગાથાઓનાં ગ્લોબલ બ્રાન્ડિંગનો ગોલ્ડન ચાન્સ બની શકે!

‘સંસાર તો વાર્તા સંભળાવ્યા પછી એના છવાયેલા પ્રભાવ જેવો છે!’

સ્ટોરીટેલિંગને આવી સરટોચની ઊંચાઈ પર મૂકતું ક્વોટ કયા ગ્રંથનું છે, એ જાણો છો ? એ છે ‘યોગવસિષ્ઠ’. ટ્રેજેડી એ છે કે સંસ્કૃતિની વાતો કરનારા સંસ્કૃત સાહિત્યમાં રસ નથી લેતા, અને એમને જે ભારતના વારસાના નામે આપવામાં આવે છે એ માત્ર ધાર્મિક બોધ છે. આપણી અપ્રતીમ અનુપમ રસિકતા નહિ !

રંગરોશનીનું પર્વ દિવાળી નજીક છે ત્યારે ખાસ સમજો. માણસમાત્ર પર ધૂંટાતા શ્વાસની સાથે એક આક્રમણ થાય છે. એ છે ‘નથિંગનેસ’. શૂન્યાવકાશ. વોઇડ. ખાલીપો ! ગહન આધ્યાત્મિક ચિંતકો સૃષ્ટિને માયા અને મિથ્યા ગણીને નથિંગનેસને જ સનાતન બ્રહ્મસ્વરૂપ માને છે. એને વ્હાલથી ગળે વળગાડવા દોડે છે. શુષ્ક ધાર્મિક ચિંતકોએ નથિંગનેસના ગુણગાન ગાઈને જિંદગીને બનારસની વિધવાની સફેદ સાડી જેવી ‘કલરલેસ’ કરી નાખી છે. પણ એકબીજો માર્ગ પણ છે, નથિંગનેસથી પીછો છોડાવવાનો એને મારી હટાવવાનો !

અનાવૃત
જય વસાવડા

એ છે ફેન્ટેસી એન્ડ વન્ડર. પાવર ઓફ ઈમેજીનેશન એન્ડ એડવેન્ચર. રંગ, રૂપ અને રચના. બાળકને કેમ પરીઓ, જાદૂ, રાક્ષસો અને ચમત્કારોની સાહસકથાઓ ગમે છે? કદાચ સંપૂર્ણ નિ:શબ્દ નિરાકાર નિર્લેપ શાંતિ એ માના ગર્ભમાં અનુભવીને આવ્યું છે. હવે એનું કૂમળું વિસ્મય આસપાસ દેખાતી દુનિયા અને પોતાના મનમાં દોડતા તરંગોથી નવતર અનુભવમાં તરબતર થવા થનગને છે. ઉપવાસી જેમ છપ્પનભોગ પર તૂટી પડે તેમ જ! અને શિશુનું ભોળું ચિત્ત આપોઆપ પરમાત્માની સૌથી વધુ નજીક હોય છે. એણે ધ્યાન માટે યોગીઓની માફક પ્રયત્ન નથી કરવા પડતા. એનીથિંગ વાઇઝ્રન્ટ એન્ડ ઇન્ટરેસ્ટિંગ ઇઝ મેડિટેશન ફોર ચાઇલ્ડ.

અને આ વાત જગતમાં સૌથી પહેલા ભારતભૂમિએ પારખેલી છે. એટલે તો જીવનની, પ્રેમની, ધર્મની, અધ્યાત્મની, સંસ્કૃતિની, નર અને નારીની, પરાક્રમની, શુભ અને અશુભના સંગ્રામની, જીવનના મર્મની... આ તમામ બાબતોને હજારો વર્ષો પહેલા ભારતે ભારેખમ આદેશો-ઉપદેશોને બદલે મનોરંજક વાર્તા-કવિતાના રૂપે રજુ કરી ! ભારતના તો મૂળિયા જ ફેન્ટેસીની ઇન્દ્રજાળ જેવી માયાવી સૃષ્ટિની રચનામાં છે ! પૃથ્વી જળબંબાકાર થાય, એમાં શેષનાગની (મતલબ પ્રલયમાંથી જે ‘શેષ’ વધ્યું હોય એમાં) શય્યા પર વિષ્ણુ સૂતા હોય, એમની નાભિમાંથી કમળ અને એમાંથી ચતુર્મુખ બ્રહ્મા...વરાહ પૃથ્વીને પાણીમાંથી બહાર લઇ આવે... દાનવ રંભાસુર ભેંસ સાથેના દેહસંબંધથી મહારાક્ષસ મહિષાસુર પેદા કરે, જેનો દરેક દેવતાઓના તેજપુંજના સમન્વય જેવા દેવી દુર્ગા નાશ કરે... લોહીનું ટીપુ જ્યાં પડે ત્યાં નવા સો ક્લોન્સ પેદા કરતો રક્તબીજ રાક્ષસ... દેવ-દાનવનું અમૃત મંથન અને મોહિની સ્વરૂપે થતી અમૃત માટેની છલના...





કેવા કેવા કલ્પનો ! વાઇલ્ડ ઇમેજીનેશન વિથ લિમિટલેસ ફેન્ટેસી ! અને આ બધું કોઈ એકદમ રસાળ અને રોમાંચક કથામાં ગૂંથાયેલું હોય ! ધાર્મિકતા અને ભક્તિના કેફમાં ગળાડૂબ સમાજ સદીઓથી આ મજા, આ કળા પ્રત્યે નીરખવાનું જ વીસરી ગયો છે ! જસ્ટ થિંક, અતિ ‘પવિત્ર’ ગણાતા ભારતીય સંસ્કૃતિના પ્રાણતત્ત્વ સમાન બે મહાલોકપ્રિય ગ્રંથો ‘રામાયણ’ અને ‘મહાભારત’ તથા તત્વદર્શનના વૈશ્વિક અર્ક સમાન તમામ ‘વેદો - ઉપનિષદો-પુરાણો’ એ બધું કવિતા છે ! ગદ્યમાં નહિ, પદ્યમાં રચાયા છે ! છંદોબધ્ધ શ્લોકોમાં ! મતલબ, એના સર્જકોએ માત્ર ‘વાર્તા’ નથી માંડી, એને સુંદર શબ્દો અને મનોહર શૈલીના આકર્ષક વસ્ત્રો પહેરાવવાની જહેમત પણ લીધી છે ! દુનિયામાં એક પણ કોમિક બૂક નહોતી ત્યારે ભારતીય પંચતંત્ર કે હિતોપદેશમાં બાળકો માટે બોલતા માનવસહજ પ્રાણીઓ હતા ! અગેઇન ફેન્ટેસીની ઇન્દ્રજાલ ! તંત્ર, મંત્ર, જાદૂ તો પરંપરાગત રીતે ભારતીય વિદ્યા ગણાય છે.

પરંતુ, નર્યા જીવન જીવવાના સાત્વિક સુવિચારો જ શોધ્યા કરતા અને ફક્ત રસહીન છોતરાં જેવી બેરંગ સાધના - ઉપાસના ચગળ્યા કરતા સમાજે કદી રામાયણ, મહાભારત એટસેટરાને કળા અને સાહિત્યના સર્જનાત્મક દ્રષ્ટિકોણથી પોંખ્યા જ નથી ! એમાં રહેલા ‘ભગવાન’ને પૂજ્યા છે, પણ એમાં રહેલી કલ્પનાઓની ઉડાનના કાવ્યતત્વનો રસ ચાખવાની તસદી લીધી નથી. ફેન્ટેસી કોઈ એસ્કેપ નથી, એ તો સીધાસાદી કઢી ખીચડીની થાળીમાં ઉમેરાતા ફરસાણ અને પકવાન છે. જે જીવનને સ્વાદિષ્ટ બનાવે છે.

■ ■ ■

અભિષેક બચ્ચનની ગોલ્ડી બહેલ (સોનાલી બેન્દ્રેના પતિ)એ બનાવેલી ફિલ્મ ‘દ્રોણા’ રિલીઝ થઇ ૨૦૦૮માં ત્યારે લખેલા લેખમાં આ હૈયાવરાળ ઠાલવી હતી. કમનસીબે એ ફિલ્મ ટિપિકલ દર્શકોને સમજાઈ જ નહિ. એવી સુપર ફ્લોપ ગઈ કે ગોલ્ડીએ ફિલ્મ બનાવવાનું છોડી દીધું. એ પછી માર્વેલ ને ડીસીના કેવા એમ્પાયરો સિનેમામાં રચાયા એ નજર સામે છે. એ ટાઈમ હતો બદલાતી ટેકનોલોજીના સહારે પોતાના વારસાની વાર્તાઓ જગતને મજા પડે એમ જગત સામે મુકવાનો.

એક બાજુથી રાજારાણીથી લઈને અવનવી સફરો સુધીના અણમોલ ભારતીય વાર્તાખજાના પર ધૂળ વળી ગઈ છે. કરોળિયાના જાળા વળી ગયા છે. બીજી બાજુ જગતમાં સાવ ખૂણામાં રહેલા નોર્ડિક કલ્ચરની કથાઓ જામી ગઈ. ઓટીટીને લીધે વાઈકિંગની આપણને ખબર છે એન્ટરટેઈનમેન્ટને લીધે. પણ સ્કેન્ડેવિયન યુરોપને ધાર્મિક આસ્થા સિવાય રામ કે કૃષ્ણની ખબર સુધ્ધાં નથી. રામભક્ત ‘મોહન’દાસ ગાંધી જેટલી પણ આપની કથાઓની જગતને ફાર ઇસ્ટવાળા એશિયાથી આગળ આજે ખબર નથી. અને કેવી વિધિની વક્રતા. જે ભૂમિએ, જે સંસ્કૃતિએ સૌથી પહેલા ભગવાનને બોરિંગ પ્રીચિંગને બદલે ઈન્ટરેસ્ટિંગ સ્ટોરીટેલિંગના ભાગ બનાવ્યા, જેથી પેઢીઓ સુધી એમની વાતો ટકે (વેદઉપનિષદ ભૂલાઈ ગયા સ્કોલરો સિવાય, પણ રામાયણમહાભારત ભારતભરમાં હજુ ચાલે છે.) એ દેશમાં જ હવે એક એવું ટપોરીટોળું વધતું ગયું છે જે ધોકો લઈને ‘ભગવાન’ની પવિત્રતાના નામે કોઈ પણ કશુંક નવી પેઢીને ગમે એમ નવી રીતે કહેવા જાય એની પાછળ પડી જાય છે.

ટ્રેજેડી એ છે કે પોતાના જ વારસાનું કોઈ બેકગ્રાઉન્ડ આપણા દર્શકો પાસે નથી. સાહિત્ય કે કળાની સૂઝ કેળવતું શિક્ષણ એમને મળ્યું નથી. ક્વોલિટીનો ટેસ્ટ ખાડે ગયો છે ઉત્તરોત્તર મોબાઈલયુગમાં

ડુ યુ નો ? વર્ષો પહેલા અમેરિકામાં તગડો સ્પિરિચ્યુઅલ કારોબાર જમાવીને હોલીવૂડમાં કોન્ટેક્ટસ બનાવી ચૂકેલા દીપક ચોપરાના દીકરા ગૌતમ (ગોથમ) ચોપરાએ જોન વિકની પહેલા કીઆનુ રિઝને રામ અને શિલ્પા શેટ્ટીને સીતા તરીકે લઇ રામાયણ ફિલ્મ બનાવવાનો પ્લાન કરેલો. પણ લાગણીદુભાઉ હિન્દુત્વના ઝંડાધારીઓએ ત્યાં વિરોધ નોંધાવેલો. રામાયણની ગ્રાફિક નોવેલ્સ પણ અડધેથી અટકી પડેલી અમેરિકામાં બનેલી. અશોક બેન્કરની સિરીઝ ને અમીષ ત્રિપાઠીની નોવેલસિરીઝ અંગ્રેજીમાં આવી પણ ભારત બહાર દુનિયામાં એવડી મોટી હીટ ના થઇ.

મમી, ટોમ્બ રેઇડર, ઇન્ડિયાના જોન્સ, સ્પાર્ટેકસ, ઓડિસી જેવા કન્ટેન્ટ પર ઓળઘોળ થઈ જતી ભારતની જેન ઝી પણ સરખી રીતે આપણા ફેન્ટેસી એડવેન્ચરના વારસાને સમજતી નથી તો વિદેશી નાગરિકો ક્યાંથી ઓળખે ? નજર સામે વીસમી સદીમાં અમેરિકામાં ઉભા થયેલા કાલ્પનિક સુપરહીરોઝ ભારતના ઘેર ઘેર જાણીતા થઇ ગયા. પણ આપણા શિવ, દુર્ગા, રામ, કૃષ્ણ કે હનુમાનને સુપરહીરો માત્ર દુનિયાને એની ભાષામાં સમજાવવા ખાતર બોલો તો ભગવાનની મર્યાદાના નામે દુર્વાસાની દોણી લઇ દરિન્દાઓ દાઘારંગા થઇ જાય છે !

પોતાના જ મૂળિયા ધરાવતી ફેન્ટેસીની સફર કરવામાં આ સડેલાસંતરાની ટોપાટોપલીને મંકોડા ચટકા ભરવા લાગે છે. ટ્રેજેડી એ છે કે પોતાના જ વારસાનું કોઈ બેકગ્રાઉન્ડ આપણા દર્શકો પાસે નથી. સાહિત્ય કે કળાની સૂઝ કેળવતું શિક્ષણ એમને મળ્યું નથી. ક્વોલિટીનો ટેસ્ટ ખાડે ગયો છે ઉત્તરોત્તર મોબાઈલયુગમાં. બાલિશ નફરતી ઉગ્ર દલીલો સિવાય કોઈ જાતનો સનાતન મૂલ્યો અને સર્જનનો એમને અભ્યાસ નથી. પોલિટીકલ ફોલ્ડર થવામાં જિંદગી વેડફી નાખતા એ નમૂનાઓએ દુનિયા જોઈ પણ નથી. બુદ્ધિ શબ્દને તો ગાળ બનાવી દીધો છે એ લોકોએ.

એ ગમારગડબાઓને અનુકુળ આવે એમ જ ટેલેન્ટેડ બ્રેઈનની ક્રિએટીવિટી થાય એવો એનો દુરાગ્રહ છે. કવિતા હોય કે કિતાબ, એમને કશું સમજાતું નથી. બસ વિરોધ કરીને ધ્યાન ભટકાવવાના તાલીબાની માઈન્ડસેટના આસુરી મુદ્દા એમને જોઈએ છે. સૌથી મોટું જોખમ તો એ છે કે આવી વાત જેમ જૂની હતી, એમ જ થવી જોઈએ એવો વાયડો અભિગમ રૂઢિજડ જનતામાં ઘર કરી ગયો છે. કાળ ફરે એમ કળાની પ્રસ્તુતિ ફરે જ, અને ફરવી પણ જોઈએ. એઆઇ જનરેશન માટે સ્ટોરીટેલિંગની સ્ટાઇલ જ નહિ, કોસ્ચ્યુમ્સ અને મ્યુઝિક ને ઈફેક્ટસ પણ ટ્રેડિશનલ નહિ, ટ્રેન્ડી જોઈએ. ફેબ્રિક ઇન્ડિયન અને ડિઝાઈન ગ્લોબલ રાખીશું, તો જ દુનિયામાં વાવટો ફરકાવી શકીશું !

■ ■ ■

નમિત મલ્હોત્રાની ‘રામાયણ’ ફિલ્મ એના તોતિંગ બજેટને લીધે સોનાની હીરાજડિત થાળી લાગે છે, લોઢાની મેખ એમાં એક એનું ટાઇટલ છે. મહર્ષિ વાલ્મીકિ અને ગોસ્વામી તુલસીદાસજીના સર્જનને લીધે ઘટ ઘટમાં, ઘેર ઘેર જે રામકથા પહોંચી એમાં આગળ કેવળ પૈસા તગડા ખરચવાને બદલે પ્રોડ્યુસરનું નામ જરા વરવું લાગે. ફિલ્મના પોસ્ટર અને પ્રમોશનમાં હોય છે જ પ્રોડ્યુસરનું નામ. ગોડફાધર ફિલ્મોથી વિશ્વવિખ્યાત ફ્રાન્સીસ ફોર્ડ કાપોલાએ એકાદ સદી જૂની વાર્તા પરથી ફિલ્મ બનાવી ત્યારે મૂળ લેખકને ક્રેડિટ આપી ‘બ્રામ સ્ટોકર્સ ડ્રેક્યુલા’ સત્તાવાર લેખકના નામે ટાઇટલ રાખેલું ! જો કે, ગ્લોબલ વર્ઝનને રાઈઝ ઓફ એ લીજેન્ડ નામ આપી આ ખામી નિવારી દેવાઈ છે. મ્યુઝિક ઘણાને નબળું લાગ્યું છે ને રહેમાન એના મૂળ ફોર્મમાં નથી. પણ ફરિયાદો થાય એટલું ખરાબ નથી લાગતું. ઇન્ટરનેશનલ લેવલની સમજ રહેમાનની વધુ છે ભારતમાં. હા, કુમાર વિશ્વાસના ગીતો સાવ સાધારણ છે.

હશે, નમિત મલ્હોત્રાએ ખુદના પૈસે, એ પણ અધધધ થાય એવા ચિક્કાર પૈસે ભારતના જ કલાકાર કસબીઓને લઈને વિદેશી એક્ટર વિના ભારતની સૌથી મહાન ગાથાને કેવળ ભારતને બદલે દુનિયા સામે લઇ જવાનું કલેજું બતાવ્યું, એ શાબાશીને લાયક છે. એના દાદા એમ. એન. મલ્હોત્રા સિનેમેટોગ્રાફર હતા. એના પિતા નરેશ મલ્હોત્રાએ અમિતાભ બચ્ચનની કોમિકબૂક સુપરહીરો સ્ટાઈલની ‘શહેનશાહ’ પ્રોડ્યુસ કરેલી. બેટાએ ફિલ્મલાઈનમાં જ ઝુકાવ્યું પણ ફ્યુચર સમજી કોમ્પ્યુટર ગ્રાફિક્સના કારોબારમાં ‘પ્રાઈમ ફોકસ’ કંપની બનાવીને. અને પાછળથી ઈન્સેપ્શન માટે ઓસ્કાર જીતનાર ડબલ નેગેટિવ કંપની લંડનની ખરીદી જેને લીધે ઓસ્કારની ઝોળી એના નામે ભરાતી ગઈ.

પણ એમની પબ્લિસિટીમાં જે નામ બાજુએ રહી જાય છે એ ડાયરેકટર નીતિશ તિવારી પર વધુ આશા છે કે રામાયણ ફિલ્મ ઉત્તમ નીવડશે. આઆઈટીમાં ભણેલા નીતિશે હજુ સુધી ખરાબ ફિલ્મ એકે નથી બનાવી ! વિકાસ બહલ સાથે ‘ચિલ્લર પાર્ટી’, બચ્ચન સાથે ‘ભૂતનાથ રિટર્ન્સ’, સુશાંતની ‘છિછોરે’, આમીરની ‘દંગલ’ અને બહુ ગમેલી એવી બીજા વિશ્વયુદ્ધ અને ભારતની ફાંકાઠોક સોશ્યલ મીડિયા પ્રજાતિ બેઉને ગૂંથી લેતી ‘બવાલ’ તમામ ફિલ્મોમાં બહેતરીન સ્ટોરીટેલિંગ હતું. અને ભારતના સામાન્ય માનવીના જીવાતા જીવનનો ધબકાર પણ હતો. એમના પત્ની અશ્વિની અય્યર તિવારી પણ ‘નીલ બટે સન્નાટા’ અને ‘બરેલી કી બર્ફી’ જેવી લોઅર મિડલ ક્લાસ લાઈફને વાચા આપતી અફલાતૂન ફિલ્મો બનાવી ચૂક્યા છે. મતલબ, નીતિશ માટીના માણસ છે. રામકથા એમના હાથમાં સલામત હોવાનો ભરોસો રાખી શકાય. એમને અસલી ભારતની ફ્લેવર ખબર છે. અને વીએફએક્સમાં આ વખતે કચાશ હોવાની ગુંજાઈશ નથી. સ્ટોરી તો ટાઈમ ટેસ્ટેડ છે. બસ, ગ્લોબલ ઓડિયન્સ ખેંચાય એ મહત્વનું છે.

એટલે જ રામાનંદ સાગરની રામાયણ જેવો ભાવ નથી અને અરુણ ગોવિલ દીપિકા જેવા રણબીર સાઈ જામતા નથી જેવા ડોશીપોચકા જે કાણ માંડીને મુકે છે એ ઈરરિલેવંટ છે. આમે એક ચોક્કસ પોલિટીકલ પ્રોપેગેન્ડાથી બ્રેઈનવોશ ઝોમ્બી બનીને બોલીવૂડ બોયકોટની નારાબાજી કરતા ફોલ્ડરો પાસે તો સિનેમાઘરમાં મોંઘી ટિકિટ ખર્ચવાના પૈસા જ નથી હોતા. બાકી આઈમેક્સ ને થ્રીડીમાં ફિલ્મનું તગડું એડવાન્સ બુકિંગ છે. પણ ફિલ્મની ભારત કરતા અનેકગણા વધુ સ્ક્રીન્સમાં ગ્લોબલ રિલીઝ છે. વિવિધ પરદેશી ભાષાઓના ડબિંગ માટે લીપ સિંક કરતી ‘બ્રહ્મા એઆઈ’ એને માટે નમિતના સાથીઓએ શોધી છે એનું મૂલ્ય રામાયણના બેઉ ભાગના બજેટ કરતા પાંચ ગણું બે બિલીયન યુએસ ડોલર્સ છે. એમનો ખેલ જ ભારત પર ફોકસ નથી. ભારતની વાત જગત સામે ઠાઠથી લઈ જવા પર છે. ફિલ્મ નબળી હશે તો ટીકા કરીશું, પણ આ રામાયણ ગ્લોબલ બ્રાન્ડ બને એ ઈરાદાને પૂરો ટેકો છે. એપિક ઓફ ગીલ્ગામાશને પ્રથમ સંપૂર્ણ સાહિત્યિક એપિક ગણતા પશ્ચિમને પણ ખબર પડે વાલ્મીકિ રામાયણ વિષે !

જો આ પ્રયાસ નિષ્ફળ જશે તો નુકસાન ભારતના વાર્તાવારસાને થશે. બીજા આવા પ્રોજેક્ટને જોખમી ગણશે. પણ જો સફળ થાય તો એકની એક ગ્રીક, પેગાન કે નોર્ડિક માયથોલોજીની યુરોપિયન વાર્તાઓ પ્રાચીનતાના નામે હોલીવૂડ બનાવ્યા કરે છે ને એશિયન ઈમ્પિરિયલમાં કેવળ ચીનજાપાનઈરાન જ ગણે છે, એને બદલે ભારતની પ્રાચીન ભવ્યતા પર વિશ્વનું ધ્યાન જશે. આમ પણ રામકથા આપણે ત્યાં હનુમાન મંદિરો, ઘરના પાઠ કે રામલીલામાં વધુ હતી. કથાસપ્તાહો ભાગવતની વધુ થતી.

|| અનુસંધાન પાના નં.૦૮ પર

મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી :

કવૉન્ટમ ભૌતિક વિજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં એક અન્વેષણ

સનાતન ધર્મમાં મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીને સૃષ્ટિની ત્રણ મૂળ શક્તિઓ (ત્રિદેવી) ના રૂપમાં પૂજવામાં આવે છે. અર્વાચીન કવોન્ટમ ફિઝિક્સ અને કોસ્મોલોજીના દ્રષ્ટિકોણથી જોઈએ તો આ ત્રણ દેવીઓ માત્ર ધાર્મિક પ્રતીકો નથી, પણ તે બ્રહ્માંડનું સંચાલન કરનારા મૂળભૂત વૈજ્ઞાનિક સિધ્ધાંતો અને ઊર્જાના રૂપોને દર્શાવે છે. આધુનિક કવોન્ટમ ફિઝિક્સ આજે જે રહસ્યો શોધી રહ્યું છે તે આપણા આધ્યાત્મિક, ધાર્મિક શાસ્ત્રોમાં હજારો વર્ષો પહેલાં પ્રતીકાત્મક રૂપે સમજાવવામાં આવ્યા છે.


ગોચર-અગોચર
દેવેશ મહેતા

મહાકાલી એ સમય (Time), અવકાશ (Space) અને બ્રહ્માંડના અદ્રશ્ય અંધકાર (Dark Energy) નું પ્રતીક છે. મહાકાલીના નામનો સીધો સંબંધ ‘કાલ’ એટલે કે સમય સાથે છે. મહાનિર્વાણ તંત્રમાં ભગવાન શિવ દેવીને સંબોધીને કહે છે - ‘કાલાદ આકલનાત્ કાલી સર્વેષાં આદિ રૂપિણી ! કાલગ્રાસગ્રાસનાટ્યકાલી ત્વં ગીયસે જનૈ: ॥ કાળ (સમય)નું પણ આકલન (Control) કરવાને કારણે અને પ્રલયના સમયે સ્વયં કાળને પણ ખાઈ જવાને કારણે તમે જગતમાં કાળી (કાલી) નામથી ઓળખાઓ છો.’ મહાન ભૌતિક વિજ્ઞાની આલ્બર્ટ આઇન્સ્ટાઇને થિયરી ઓફ રિલેટિવિટી’માં કાળ (સમય)ને ચતુર્થ આયામ (4th Dimension) માનવામાં આવ્યો છે. સમય (કાળ) દરેક વસ્તુને નષ્ટ કરી દે છે. કાળને મૃત્યુ પણ કહેવાય છે. આ સંદર્ભમાં કોઈનું મૃત્યુ થવાનું હોય ત્યારે આપણે એનો ‘કાળ’ આવી ગયો છે એમ કહીએ છીએ એ રીતે ‘એને કાળ (મૃત્યુ) ગ્રસી ગયો એમ પણ બોલતા હોઈએ છીએ.

મહાકાલી પરમ સમય (Absolute Time) નું રૂપ છે. જેનું અંદર આંખુ બ્રહ્માંડ જન્મ લે છે અને અંતે એમાં વિલીન થઇ જાય છે.

કવોન્ટમ ફિઝિક્સમાં વર્ચુઅલ પાર્ટિકલ્સ (Virtual Particles) શૂન્યથી ઉત્પન્ન થાય છે અને પળભરમાં નાશ પામે છે. મહાકાલીનું વિનાશક રૂપ આ નિરંતર ચાલનાર કવોન્ટમ ઉતાર-ચઢાવ (Quantum Fluctuations) દર્શાવે છે જ્યાં જૂની વસ્તુઓ નાશ પામે છે જેથી નવી વસ્તુઓનું સર્જન થઇ શકે. વર્ચ્યુઅલ પાર્ટિકલ્સ આભાસી કણો છે કાલીને માયા પણ કહેવાય છે. માયા જાત જાતના આભાસો ઊભા કરે છે. આલ્બર્ટ આઇન્સ્ટાઇને સ્પેસ અને ટાઇમને જોડીને સ્પેસ-ટાઇમ ફેબ્રિકનો સિધ્ધાંત આપ્યો. કવોન્ટમ ફિઝિક્સમાં વેકયુમ ફલકચ્યુએશન અને ડાર્ક એનર્જી બે જ અદ્રશ્ય શૂન્યતા છે. જેમાંથી બધું પ્રગટ થાય છે અને નષ્ટ થાય છે. મહાકાલ એ જ પરમ કાલ (સમય) છે. આલ્બર્ટ આઇન્સ્ટાઇને કહે છે - Time and Space are modes by which we think and not conditions in which we live અર્થાત્ સમય અને આકાશ એ આપણી વિચારવાની રીતો છે, જીવવાની પરિસ્થિતિઓ નથી.’

શ્રી દુર્ગાસપ્તશતીના પ્રાધાનિક રહસ્યમમાં દેવી મહાકાલીના સ્વરૂપનું વર્ણન કરતાં કહેવાયું છે - સર્વ સત્વમયી દેવી મહાકાલી તમો







ગુણા । મહામાયા મહામાહા મહાકાલી મહાદયાદિકા ॥ બધાના મૂળમાં રહેનારી, તમોગુણ (અંધકાર / ગુપ્ત ઊર્જા) પ્રધાન, મહામાયા અને મહાદયાનું સ્વરૂપ એવા દેવી મહાકાલી સમગ્ર સૃષ્ટિમાં વ્યાપ્ત છે.’

દેવી મહાકાલીનો રંગ ઘનઘોર ચળકતો કાળો અથવા નીલો છે. તંત્ર શાસ્ત્રના ‘તોડલ તંત્ર’માં આનુ રહસ્ય સમજાવતા કહેવાયું છે - ‘યથા સન્નિહિતં ચક્ષુ: શ્યામં ભવતિ નિર્મલમ્ । તથા સદવસ્તુકાલી સ્યાત્ પરમાત્મા સ્વરૂપિણી ॥ જેમ સ્વચ્છ અને ગાઢ આકાશને જોઈએ ત્યારે તે કાળુ કે ભૂરું દેખાય છે તે જ રીતે આખા જગતની પરમ સત્તા જે શુધ્ધ ચેતના છે એ શ્યામવર્ણા કાલી તરીકે પ્રતીત થાય છે. આધુનિક વિજ્ઞાન આજે કહે છે કે આપણે જે બ્રહ્માંડને તારાઓ, ગ્રહો અને ગેલેક્સીના રૂપમાં જોઈએ છી તે સમગ્ર બ્રહ્માંડનો માત્ર ૫% જ ભાગ છે, બાકીના ૬૮% ભાગ ડાર્ક એનર્જી અને ૨૭% ભાગ ડાર્ક મેટર છે. આ એવી ઊર્જા છે જેને આપણે કોઈ વૈજ્ઞાનિક સાધનથી જોઈ શકતા નથી પરંતુ તે સમગ્ર બ્રહ્માંડના ફેલાવા અને ગતિને નિયંત્રિત કરે છે.

જ્યારે મહાકાલી નૃત્ય કરે છે ત્યારે તેમના ચરણોની નીચે ભગવાન શિવ સૂતેલા દેખાય છે. તંત્ર વિજ્ઞાન અનુસાર શિવ શબ્દમાં શકિત, પાર્વતી, કાલી રહેલી છે. શિ માં જે હ્રસ્વ ઈ છે તે શકિતનો દ્યોતક છે. એમાંથી ‘ઇ’ (શક્તિ) નીકળી જાય તો શિવમાંથી શવ થઇ જાય. જયાં સુધી મહાકાલી એટલે કે ગતિશીલ ઊર્જા (Kinetic Energy) શિવ પર પગ ન મૂકે ત્યાં સુધી સૃષ્ટિનું સર્જન શક્ય નથી. શકિત વિના શિવ શવ સમાન નિર્ગુણ, નિષ્ક્રિય, શાંત ચેતના (Pure Potential state) છે. આમ, પ્રાચીન ઋષિ-મુનિઓએ જે શકિતને આધ્યાત્મિક ચિંતન અને તંત્ર સાધના દ્વારા મહાકાલી રૂપે અનુભવી હતી. આધુનિક વિજ્ઞાન આજે ગણિત અને પ્રયોગો દ્વારા તે જ શકિતને ડાર્ક એનર્જી, સ્પેસ-ટાઇમ, કવોન્ટમ વેકયુમ અને એન્ટ્રોપી તરીકે સ્વીકારી રહ્યું છે. મહાકાલી એ પ્રકૃતિની સર્વોચ્ચ, કાચી, અપરિબધ્ધ વૈશ્વિક ઊર્જા (ઇચ્છુ ર્ભજસૈબ ઈહીયિઅ) નું નામ છે જેના વિના બ્રહ્માંડનું અસ્તિત્વ સંભવ નથી.

મહાલક્ષ્મી એ ભૌતિક સૃષ્ટિ, પદાર્થ (Matter), દ્રવ્યમાન (Mass) અને સ્થિરતાનું પ્રતીક છે. જયારે નિરાકાર ઊર્જા આકાર ધારણ કરે છે અને પદાર્થ બને છે ત્યારે તે વૈભવ કે સૃષ્ટિનું રૂપ લે છે. શ્રીસૂકતમમાં કહેવાયું છે -

હિરણ્યવર્ણાં હરિણીં સુવર્ણરજતક્ષજામ્ । ચંદ્રાં હિરણ્યમયીં લક્ષ્મીં જાતવેદો મ આવહ ॥

હે અગ્નિદેવ (ઊર્જા) સુવર્ણ જેવા પ્રકાશિત રંગવાળા, ચાંદી અને સોનાના હાર ધારણ કરનારા, ચંદ્ર સમાન આહ્લાદક અને તેજોમય લક્ષ્મીજીને મારા માટે આહવાહિત કરો.’ કવોન્ટમ ભૌતિક વિજ્ઞાન પ્રમાણે હિગ્સ બોસોન - ગોડ પાર્ટિકલ્સનું ક્ષેત્ર સબ-ઓટોમિક કણોને દ્રવ્યમાન (Mass) આપે છે જેનાથી સંસારના પદાર્થોનું સર્જન થાય છે. સોનું, ચાંદી, ધન વગેરે એ ઊર્જાનું ઘનીભૂત સ્વરૂપ છે.

જ્યારે ભૌતિક પદાર્થ (મહાલક્ષ્મી) અસ્તિત્વમાં આવે છે ત્યારે તે કયા નિયમો પર ચાલશે ? પરમાણુની અંદરના કણો કઈ રીતે વ્યવહાર કરશે ? આ બધી જ વ્યવસ્થા, જ્ઞાન અને બ્રહ્માંડીય કંપનને ‘મહાસરસ્વતી’ તરીકે ઓળખવામાં આવે છે. દુર્ગા સપ્તશતી પ્રાધાનિક રહસ્યમમાં તેમનું સ્વરૂપ આ રીતે વર્ણવવામાં આવ્યું છે - મહાસરસ્વતી શુધ્ધા સત્વ પ્રકૃતિહુત્તમા । અક્ષમાલાધરા દેવી વીણાપુસ્તકધારિણી ॥ (૧૪/૧૫) મહાસરસ્વતીએ પરમ શુધ્ધ સત્વગુણ (Pure conciousness/ Information) નું ઉત્તમ પ્રકટીકરણ છે, જેમના હાથમાં અક્ષમાળા (Frequency Counter), વીણા (Comisc Vibrations) અને પુસ્તક (Universal Laws / Information) છે.

જે રીતે વીણાના તાર જુદી જુદી ફ્રીકવન્સી પર વાગવાથી સંગીત ઉત્પન્ન થાય છે તેવી જ રીતે બ્રહ્માંડના મૂળમાં રહેલી ઊર્જાના તાર (Strings) ના કંપનથી આ આખી સૃષ્ટિનું સંગીત રચાય છે

૨૧મી સદીના ભૌતિક વિજ્ઞાનનો સૌથી મોટો સિધ્ધાંત સ્ટ્રિંગ થિયરી છે. આ થિયરી કહે છે કે જો આપણે પરમાણુના ક્વાર્ક કે ઇલેકટ્રોન જેવા કણોને પણ અતિ સૂક્ષ્મ સ્તરે (Planck Length) જઈને જોઈએ તો તે કોઇ ગોળ કણ નથી, પણ ઉર્જાના બહુ નાની ધ્રુજતી તાર (Vibrating Strings) છે, આ તાર જે રીતે કંપન કરે છે તે પ્રમાણે કણોનો ગુણધર્મ નક્કીથાય છે. જોતાર એક રીતે કંપે તો ઇલેકટ્રોન બને, બીજી રીતે કંપે તો ગ્રેવિટોન બને. બ્રહ્માંડનું આ જ વૈજ્ઞાનિક સત્ય દેવી સરસ્વતીનાં હાથમાં રહેલી વીણા દર્શાવે છે. જે રીતે વીણાના તાર જુદી જુદી ફ્રીકવન્સી પર વાગવાથી સંગીત ઉત્પન્ન થાય છે તેવી જ રીતે બ્રહ્માંડના મૂળમાં રહેલી ઊર્જાના તાર (Strings) ના કંપનથી આ આખી સૃષ્ટિનું સંગીત રચાય છે.

વિજ્ઞાન હવે માને છે કે પદાર્થ અને ઊર્જા કરતાં પણ મૂળભૂત તત્વ ઇન્ફર્મેશન (માહિતી) છે. બ્રહ્માંડનો પ્રત્યેક કણ એક ચોક્કસ કોડ કે નિયમ પર કામ કર છે (જેમ કે DNS (ડીએનએ) કોડ. આ રીતે મહાસરસ્વતીના હાથમાં રહેલું પુસ્તક આ જ કોસ્મિક ઇન્ફર્મેશન અને બ્રહ્માંડના ગણિતના નિયમોનું પ્રતીક છે, તે કવૉન્ટમ ઇન્ફર્મેશન થિયરીનું દ્યોતક છે.

કવોન્ટમ મિકેનિકસનો ‘ઓબ્ઝર્વર ઇફેક્ટ (Observer Effect) સિધ્ધાંત કહે છે કે જ્યાં સુધી કોઈ સચેત દ્રષ્ટા / નિરીક્ષક (Conscious Observer) કણોને ન જુએ ત્યાં સુધી તે માત્ર સંભાવનાના તરંગો (Probability Waves) તરીકે વર્તે છે. એટલે સૃષ્ટિને સાકાર થવા માટે ‘ચેતના’ જરૂરી છે. મહાસરસ્વતી એ જ શુધ્ધ સત્વગુણ એટલે કે બ્રહ્માંડીય શુદ્ધ ચેતના (Cosmic Pure Consciousness) છે.